રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ અને 'ઓપિનિયન' પુરસ્કૃત

## મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા

તા. ૧૫-૧૦-૨૦૨૩, રવિવાર



વક્તા : શ્રી મહેન્દ્રસિંહજી પરમાર

વિષય : 'દીપનિર્વાણ'નો આસ્વાદ

''મનુભાઈ પંચોળી- 'દર્શક'ની પ્રશિષ્ટ અને લોકપ્રિય કૃતિ 'દીપનિર્વાણ' છે.''

વર્ષ: ૭૭ અંક : ૦૪ ૧૫ નવેમ્બર, ૨૦૨૩

## લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ અને ‘ઓપિનિયન’ પુરસ્કૃત
## મનુભાઈ પંચોળી ‘દર્શક’ વ્યાખ્યાનમાળા







## વિચરતી વિમુક્ત જાતિના ઉત્કર્ષ માટે સમર્પિત શ્રી મિત્તલબહેન પટેલ સંગાથે ગાંધીજયંતીની ઉજવણી







# કોડિયું

વર્ષ : ૭૭ નવેમ્બર : ૨૦૨૩ અંક : ૦૪

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | આપણે આટલું કરી શકીએ<br>ભાણદેવજી | ...૧૩૮ |
| ૦૨ | લોકભારતીના તપસ્વી દાદા : શ્રી કુમુદચંદ્ર ઠાકર<br>ડૉ. મહેશ સી. વાઘેલા | ...૧૪૦ |
| ૦૩ | ભારતભૂમિની ઊર્જાવાન નારી :કેપ્ટન લક્ષ્મી<br>ટીના દોશી | ...૧૪૨ |
| ૦૪ | મોરારિબાપુની પ્રેમધારા<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૧૪૫ |
| ૦૫ | ભાગ:૨ વાસ્તવિક શિક્ષણ<br>રેખાબા સરવૈયા | ...૧૪૯ |
| ૦૬ | ભૂરી છત્રી<br>રસ્કિન બૉન્ડ. અનુવાદ : ડંકેશ ઓઝા | ...૧૫૨ |
| ૦૭ | કથા : આશા અને વિકાસની<br>બિંદુ -પાર્થેશ | ...૧૫૩ |
| ૦૮ | લોકભારતી અધ્યાપનમંદિર : એક યાત્રા<br>શ્રી જગદીશગિરિ ગોસાઈ | ...૧૫૬ |
| ૦૯ | (અંતર) નેટવર્ક બહારનો પ્રદેશ મણિપુર-બહારના લોકો મણિપુરી<br>તુલા- સંજય | ...૧૬૦ |
| ૧૦ | યુગ પરિવર્તન અને શિક્ષણ<br>રોહિત શુક્લ | ...૧૬૩ |
| ૧૧ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૧૬૯ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

## ◆ સૂચના ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

# તંત્રીસ્થાનેથી...

## ભાવભર્યું નિમંત્રણ

**પૂ. મોરારિબાપુની પાવન વાણીમાં** લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશનના લાભાર્થે યોજાયેલ રામકથામાં આપ સૌને સહભાગી-સેવાભાગી-આનંદભાગી થવા ઉષ્માભર્યું આમંત્રણ છે. વળી, કથા દરમ્યાન પૂ. નાનાભાઈ પુણ્યતિથિ અને લોકભારતીનો વાર્ષિકોત્સવ સાથે જ ઉજવવાનું આયોજન કરેલ છે. સાથોસાથ અનુકૂળતા મુજબ શિક્ષણ-સંગોષ્ઠીઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે.

છેલ્લાં ૭૦ વર્ષથી જિવાતા જીવન સાથેનો અનુબંધ સાધીને અનુભવ દ્વારા કેળવણી આપતી ગાંધીવિચારને વરેલી ગ્રામાભિમુખ ઉચ્ચ શિક્ષણને સમર્પિત એવી નિવાસી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ આજે સમયના સથવારે યુનિવર્સિટીનો દરજ્જો મેળવીને આપના ભરોસે એક નવા સોપાનને સાકાર કરવા જઈ રહી છે.

**કથાનો શુભારંભ**
૩૦મી ડિસેમ્બર, ૨૦૨૩, સાંજે ૦૪-૦૦ કલાકે
(પૂ.નાનાભાઈ ભટ્ટ પુણ્યતિથિની પૂર્વસંધ્યાએ)

**કથાનો સમય**
તા: ૩૧/૧૨/૨૩થી ૦૭/૦૧/૨૪ સુધી રોજ સવારના ૧૦:૦૦થી બપોરના ૧:૩૦ સુધી

**કથાની પૂર્ણાહુતિ**
૦૭મી જાન્યુઆરી, ૨૦૨૪, બપોરે ૧૨-૦૦ કલાકે
(માગશર વદ બારશ-વાર્ષિકોત્સવની પૂર્વસંધ્યાએ)

| | | | | |
|---|---|---|---|---|
| **રઘુવીર ચૌધરી** | **હર્ષાબા ગોહિલ** | **રાજેન્દ્ર ખીમાણી** | **હસમુખ દેવમુરારિ** | **અરુણ દવે** |
| મેનેજિંગ ટ્રસ્ટી | કથા મનોરથી | કુલપતિ | નિયામક | મેનેજિંગ ટ્રસ્ટી |

**નોંધ :** આ કથાની વ્યવસ્થા આપણા માટે એક પડકારરૂપ છે. આ કાર્યક્રમમાં દેશ-વિદેશથી આવનારા મહેમાનોની વ્યવસ્થામાં લોકભારતીની તમામ ઉપલબ્ધ ઉતારા વ્યવસ્થા ફાળવાઈ ગઈ છે. આપ જો આવવાનું વિચારતા હો તો આપના અહીંના રોકાણ દરમિયાનના ઉતારાની વ્યવસ્થા આસપાસના પરિચિતોમાં ગોઠવી લેવા નમ્ર વિનંતી છે. તેમ છતાં કોઈ તકલીફ હોય તો શક્ય તેટલો આગતરો સંપર્ક કરવા વિનંતી છે. કથાશ્રવણ અને ભોજન-વ્યવસ્થા સંદર્ભે કોઈ તકલીફ નથી.

**સંપર્ક :** શ્રી હસમુખભાઈ દેવમુરારિ - મો.૯૪૨૮૫૨૨૧૫૮
શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા- મો.૯૭૨૭૨૪૫૩૮૬

— અરુણ દવે

## ૦૧ આપણે આટલું કરી શકીએ

**ભાણદેવજી**

(ગતાંકથી ચાલુ-૪)

૧.નઈ તાલીમની સંસ્થાઓના શિક્ષકો, આચાર્યો, સંચાલકો – સૌએ વિષયશિક્ષણની નવીનવી પદ્ધતિથી માહિતગાર રહેવું જોઈએ, તેમાં અનુકૂળ લાગે તેનો વિનિયોગ કરતા રહેવું જોઈએ. જૂનવાણી શિક્ષણપદ્ધતિઓને ચીટકી રહેવાની ભૂલ ન કરવી જોઈએ, અન્યથા નઈ તાલીમ જૂની તાલીમ બની જશે. આમ પણ નઈ તાલીમ પર જૂનવાણી શિક્ષણપદ્ધતિ હોવાનો આરોપ થઈ રહ્યો છે. નઈ તાલીમ જૂની તાલીમ બની ન જાય તેની કળજી રાખવી જોઈએ.

દક્ષિણામૂર્તિ વિદ્યાલયમાં નાનાભાઈએ આજથી લગભગ ૯૦ વર્ષ પહેલાં તે વખતે નવી બહાર પડેલી શિક્ષણપદ્ધતિ ડૉલ્ટન યોજનાનો અમલ અને પ્રયોગ કર્યો હતો.

વિજ્ઞાનશિક્ષણની એક તદન નવી શિક્ષણપદ્ધતિ 'પ્રયોગ દ્વારા વિજ્ઞાનશિક્ષણ' ઈંગ્લૅન્ડમાં બહાર પડી ને તરત શ્રી અરવિંદ આશ્રમના શિક્ષણકેન્દ્રમાં તેનો અમલ થયો અને આજે પણ ત્યાં આ પદ્ધતિથી વિજ્ઞાનશિક્ષણ અપાઈ રહ્યું છે.

૧. નઈ તાલીમ એ માત્ર વિષયશિક્ષણની પદ્ધતિ નથી, એ તો સમગ્ર જીવનની કેળવણી છે; પરંતુ ભિન્નભિન્ન વિષયોની શિક્ષણપદ્ધતિઓનું શું? તે માટે નઈ તાલીમે ખુલ્લા મને અને ખુલ્લી આંખે શિક્ષણજગતને જોતા રહેવું જોઈએ અને શિક્ષણની નવીનવી પદ્ધતિઓનો સ્વીકાર અને અમલ કરતા રહેવું જોઈએ.

૨. આજનો યુગ પરિવર્તન-યુગ છે. અતિ ઝડપે પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે. ઝડપી પરિવર્તનના આ યુગમાં, આ તરેહમાં, આ સ્વરૂપમાં યુગને અનુરૂપ ફેરફાર કરવા પડશે, અન્યથા જુનવાણીની ગાળ ખાવા તૈયાર રહેવું પડશે.

૩. આપણે નઈ તાલીમમાં જે વિષયો ભણાવીએ છીએ તે વિષયના અભ્યાસક્રમમાં તદનુરૂપ વિકાસ થતો રહેવો જોઈએ.

૪. નઈ તાલીમની સંસ્થાઓ છેલ્લામાં છેલ્લા શૈક્ષણિક ઉપકરણોના વિનિયોગમાં પછાત ન રહે એ ઈચ્છનીય છે.

૫. છાત્રાલયનું મકાન, ઓરડીઓની રચના, બાથરૂમ, સંડાસ, રસોડું, વિદ્યાર્થીઓ માટેની પથારી અને કબાટ, પુસ્તકાલય, પ્રયોગશાળા, શિક્ષણભવન, શિક્ષણના ઓરડાઓ આદિ સર્વ બાબતોમાં યુગને અનુરૂપ પરિવર્તન કરતા રહેવું જોઈએ.

આનો અર્થ એમ નથી કે આપણે નઈ તાલીમની શિક્ષણસંસ્થાઓમાં રાજમહેલો ઊભા કરવાના છે. આનો અર્થ એટલો જ છે કે આપણે શિક્ષણસંસ્થાઓમાં હવે સારાં મકાનોની રચના કરવી જોઈએ.

પચાસ વર્ષ પહેલાં વિદ્યાર્થીઓના નિવાસ આદિની જે સ્વરૂપરચના હતી તેને જ વળગી રહેવું નહીં. ગાંધી-વિનોબાના નામે વિદ્યાર્થીઓને ડેલા જેવાં મકાનોમાં રહેવા કહેવું તે બરાબર નથી અને યુગાનુરૂપ પણ નથી. નિવાસસ્થાન અને શિક્ષણસ્થાનમાં નવી સુવિધાઓનો સ્વીકાર કરવામાં સંકોચ રાખવાની જરૂર નથી.

૬. માનવસંબંધોનું રૂપ ઝડપથી બદલાઈ રહ્યું છે. તદનુસાર શિક્ષક-વિદ્યાર્થી સંબંધ, આચાર્ય-શિક્ષક સંબંધ, ગૃહપતિ-વિદ્યાર્થી સંબંધ, સંચાલક-શિક્ષક સંબંધ આ સર્વ સંબંધોના સ્વરૂપમાં પણ પરિવર્તન આવે તે સ્વાભાવિક છે.

આ પરિવર્તન સ્વીકારી લેવું જોઈએ. હવે કોઈ વિદ્યાર્થી શિષ્ય બનવા તૈયાર નથી. પ્રાચીન ભારતમાં ઋષિઓના ગુરુકુળમાં ગુરુ-શિષ્ય વચ્ચે જેવો સંબંધ હતો તેવા સંબંધની અપેક્ષા અત્યારે આપણે ન રાખી શકીએ.

૭. માત્ર શૈક્ષણિક ઉપકરણો જ નહીં, આધુનિક યુગનાં અન્ય ઉપકરણોનો સ્વીકાર અને ઉપયોગ કરવામાં સંકોચ

રાખવો નહીં.

૮. સામાન્ય રીતે નઈ તાલીમની સંસ્થાઓમાં સફાઈ-કામદાર રાખવામાં આવતા નથી. સફાઈનું કાર્ય વિદ્યાર્થીઓ-કાર્યકરો સાથે મળીને કરતા હોય છે અને આ પરંપરા બરાબર છે.

પરંતુ યાદ રહે - બાથરૂમ અને શૌચાલયની રચના, સફાઈનાં ઉપકરણો અને સફાઈની પદ્ધતિમાં અપરંપાર વિકાસ થયો છે. બાથરૂમ અને શૌચાલયની નવી રચના, સફાઈનાં નવાં ઉપકરણો અને સફાઈની નવી પદ્ધતિઓનો સ્વીકાર કરવામાં સંકોચ રાખવાની જરૂર નહીં.

૯. સામાન્યતઃ નઈ તાલીમની સંસ્થાઓ ગાંધીવિચારને વરેલી હોય છે અને તે બરાબર છે, પરંતુ આપણે શ્રી અરવિંદ, ગુરુદેવ ટાગોર, રમણ મહર્ષિ, રામકૃષ્ણદેવ, વિવેકાનંદ આદિ મહાપુરુષોનાં જીવનદર્શન પ્રત્યે પણ ખુલ્લા રહેવું જોઈએ; એટલું જ નહીં, તેમનાં દર્શનને પણ શક્ય હોય ત્યાં જીવનમાં અને શિક્ષણમાં સ્થાન આપવું જોઈએ. એક વિચારધારા સાથે એટલા પ્રતિબદ્ધ ન રહીએ કે અન્ય વિચારધારાના સત્યને જોઈ પણ ન શકીએ અને સ્વીકારી પણ ન શકીએ.

ગાંધીજી પોતે ગાંધીવિચારના અંધ અનુયાયી ન હતા.

વિદ્યાર્થીઓ શિક્ષણસંસ્થામાં કોઈ મહાપુરુષના અનુયાયી બનવા માટે આવતા નથી, તેઓ વિકસવા માટે આવે છે. વિદ્યાર્થીઓ જીવનને અને વિચારોને વ્યાપક દૃષ્ટિકોણથી જોઈ-સમજી શકે એવું થવું જોઈએ અને તે માટે આવો સર્વગ્રાહી અને વ્યાપક દૃષ્ટિકોણ રાખવો જોઈએ. આપણું ધ્યેય વિદ્યાર્થીનો જીવનવિકાસ હોવું જોઈએ અને તે માટે ઉપયુક્ત એવા સર્વ શક્ય વિકલ્પોનો સ્વીકાર અને વિનિયોગ કરવા તત્પર રહેવું જોઈએ. ઋગ્વેદના ઋષિ કહે છે, 'આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ' અર્થાત અમને દરેક જગ્યાએથી શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ. શુભ વિચારો, શુભ તત્ત્વો પ્રત્યે સતત ખુલ્લા અને અભિમુખ રહેવું - આ વિકાસશીલતાનું રહસ્ય છે.

૧૦. વિકસો અથવા સડી જાઓ - આ જીવનનું સ્વરૂપ છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો, કાર્યકરો, સંસ્થા - સૌ સતત વિકસતાં રહે એ જીવનનો ધર્મ છે. જે વ્યક્તિ કે સંસ્થા આ વિકાસધર્મને ચૂકી જાય છે તેને જીવનદેવતા સજા કરે જ છે. જે છે તે બરાબર છે, પૂરતું છે, એમ માની છાનામાના બેસી રહેવું એ ઘડપણનાં લક્ષણો છે.

નઈ તાલીમ નિત્ય નઈ તાલીમ તો જ રહી શકે જો તે વિકાસના આ ધર્મનું પાલન કરે.

નઈ તાલીમની સંસ્થાઓમાં જીવનઘડતરનો વિચાર ખૂબ પ્રચાર પામ્યો છે. હવે જીવનઘડતર જ નહીં, જીવનવિકાસ પણ થવો જોઈએ.

૧૧. પ્રત્યેક શિક્ષણપદ્ધતિના પાયામાં કોઈ ને કોઈ દર્શન હોય છે. નઈ તાલીમ ગાંધીવિચારદર્શન પર પ્રતિષ્ઠિત છે.

પણ યાદ રહે, કોઈ દર્શન પૂર્ણ નથી અને કોઈ દર્શન કાલાતીત પણ નથી. કોઈ પણ દર્શનનાં કેટલાંક તત્ત્વો સનાતન હોય છે અને તે જ દર્શનનાં કેટલાંક તત્ત્વો કાલબાહ્ય પણ બની જતાં હોય છે. માત્ર શિક્ષણપદ્ધતિ નહીં, દર્શન પણ સતત વિકાસમાન અને યુગાનુરૂપ બને તેમ થવું જોઈએ અને થતું રહેવું જોઈએ.

આપણું દર્શન પોતાને સતત તપાસતું રહે, સતત પોતાની મર્યાદાને અતિક્રમતું રહે, સતત વિકસતું રહે - આ પ્રક્રિયા સતત ચાલવી જોઈએ.

૧૨. પરંપરા એક સારી બાબત છે. પરંપરા એક વાડ છે અને તેનાથી કુટુંબ, સંસ્થા, સમાજ અને રાષ્ટ્રનું રક્ષણ થાય છે. પરંતુ સાવધાન! પરંપરા પાળવામાં વિવેક જોઈએ. વિવેકને બાજુએ મૂકી પરંપરાને જડતાપૂર્વક પકડી રાખીએ તો પરંપરા રક્ષણને બદલે બંધન બની જાય છે. વિકાસમાં બાધારૂપ બને ત્યારે પરંપરામાં પરિવર્તન કરતાં કે પરંપરાનો ત્યાગ કરતાં અચકાવું નહીં.

૧૩. પરિવર્તન જીવનનો ભાગ છે. નઈ તાલીમની સંસ્થાઓમાં પણ પરિવર્તન ચાલ્યા કરે છે અને તે ઈષ્ટ જ છે. પરિવર્તન કે વિકાસયાત્રાની પ્રક્રિયા દરમિયાન નઈ તાલીમે સત્ત્વ અર્થાત કેન્દ્રસ્થ તત્ત્વ જાળવી રાખવું જોઈએ.

નઈ તાલીમનું સત્ત્વ છે સર્વાંગી જીવનની કેળવણી. આ સત્ત્વને જાળવી રાખી નઈ તાલીમે યુગાનુરૂપ પરિવર્તનને સ્વીકારવાનાં છે.

ક્રમશ...

## ૦૨ લોકભારતીના તપસ્વી દાદા : શ્રી કુમુદચંદ્ર ઠાકર

**ડો. મહેશ સી. વાઘેલા**

દેશમાં આઝાદીના ઉષાકાળના આરંભની શરૂઆત થઈ છે. દેશી રજવાડાઓ પોતાની આગવી આવડતથી રજવાડાઓનું સંચાલન કરતા હતા. ઉત્તર ગુજરાતના જૂના રાધનપુર સ્ટેટના કુશળ લોકપ્રિય મામલતદાર ધ્યાનશંકર ઠાકર નર્મદાબહેનના ઘર આંગણે પુત્રરત્ન કુમુદભાઈનો જન્મ થાય છે. મુજપુર, પંચાસર, સમી, ડૉ.પંડ્યા અભ્યાસગૃહ પાટણ, સેવાદળ છાત્રાલય વિસનગર રાધનપુર વિરમગામ અને આણંદ જેવા નાના કસબાથી શરૂ કરીને શહેર સુધી શિક્ષણના પડાવો પાર પાડ્યા. મહેસાણા જિલ્લામાં સેવાદળની પ્રવૃત્તિ થકી નવી પેઢીના યુવાઓમાં રાષ્ટ્રીય સંવેદના, સમજણ સહજતાથી પાંગરતી જોવા મળે છે તેનું સહજદર્શન કુમુદભાઈમાં જોવા મળે છે. બી.એસ.સી. એગ્રીનો અભ્યાસ આણંદ ખાતે કરે છે. ખાદી પહેરવી, પ્રાર્થના કરવી, રેંટિયો કાંતવો, વાચન વગેરે ચાલતું રહે છે. સ્નાતક અભ્યાસ પછી વિચારોની ઉપર જીવવાનું અને ગુણોદય સહજ રીતે જીવતર સાથે જોડાતા જાય છે.

આણંદ ખાતેના અભ્યાસકાળ દરમિયાન શ્રી બબલભાઈ મહેતા અવાર નવાર નિયમિતપણે મુલાકાતે જાય છે. સંપર્ક અને સંવાદથી રાષ્ટ્રીય સંવેદના, સમજણમાં ઉત્તરોત્તર પરિપક્વતા પાંગરતી આવે છે. ખેતીવાડીના અભ્યાસ બાદ બાપ,દાદાની ખેતી સંભાળવા ગામમાં જવાનું વિચારતા હોય છે. ખેતીવાડીના અભ્યાસ બાદ બે- ત્રણ જગ્યાએ કાર્યમાં જોડાવવા શક્યતાઓ હોય છે પરંતુ શ્રી બબલાભાઈ મહેતાના આગ્રહથી લોકભારતી સણોસરા તરફ પગરવ માંડે છે.

શ્રી કુમુદભાઈ ઠાકર ત્રેવીસ વર્ષની ભરજુવાનીએ લોકસેવા મહાવિદ્યાલય લોકભારતી સણોસરામાં ખેતીવાડીના અધ્યાપક તરીકે જોડાયા છે. લોકભારતીનો પ્રારંભકાળ છે. પૂ.નાનાભાઈ ભટ્ટ અને પૂ.મનુભાઈનું સાનિધ્ય પામે છે. શ્રી રતિભાઈ અંધારિયા, જ્યોતિભાઈ દેસાઈ, લક્ષ્મણભાઈ પટેલ, સોમાભાઈ પટેલ, ભાણજીભાઈ જેવા અનેક અધ્યાપકોનો સહવાસ મળ્યો. લોકભારતીમાં અધ્યાપકોની અવર - જવર ચાલતી રહે છે. અધ્યયનકાર્યમાં ઓતપ્રોત થતા જાય છે. બે વર્ષ જેટલો સમય વીતી જાય છે. પૂ.મનુભાઈ પંચોળી શ્રી કુમુદભાઈનું હીર પારખી ખેતીવાડીના ઉચ્ચ અભ્યાસ માટે બે વર્ષ ઇન્ડિયન એગ્રિકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દિલ્હી ખાતે અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસ માટે મોકલે છે. ડૉ. મુખ્તારસિંહના માર્ગદર્શન હેઠળ ક્ષેત્રવિદ્યા વિષયમાં 'ઘઉંના પાકમાં પિયત પદ્ધતિઓની અસર વિશે' સંશોધન કાર્ય કરે છે. સંશોધન કાર્યની મૌખિક પરીક્ષા લેનાર પરીક્ષક પોતાના કાર્યકાળમાં કોઈ વિદ્યાર્થીને પ્રથમ વર્ગ આપ્યાનો પ્રથમ વિદ્યાર્થી શ્રી કુમુદભાઈ બને છે. જે શ્રી કુમુદભાઈના સંશોધન કાર્યની ગુણવત્તાને ઉજાગર કરે છે.

કુમુદભાઈ લોકભારતીમાં ખેતીવાડીના અધ્યાપક તરીકેની કામગીરી દરમિયાન કૃષિવિજ્ઞાન, કૃષિઇજનેરી, જમીન વિજ્ઞાન અને જમીન વ્યવસ્થાપન, ગ્રામવિકાસ અને ખેતીના નવા નવા વિષયોનું શિક્ષણ કાર્ય કરે છે. શ્રી કુમુદભાઈના અધ્યયનકાર્યની વિશેષતા એ રહી છે કે વિદ્યાર્થી જાતે વિચારીને શીખતો થાય, પૂર્વપરના સંદર્ભોને પોતાની જાતે ખોલતો થાય, સમગ્ર વિષયને પોતાની રીતે પામે તે હેતુસર વિદ્યાર્થીને વિષયોમાં તરબોળ કરતા, વિષયમાં વિહાર કરાવતાં, વિદ્યાર્થીના મનોપ્રદેશમાં વિષય સંદર્ભે સમજણ વિશે પ્રશ્નો, સમસ્યાઓ ઉદભવે તો ત્વરિત રજૂ કરતો થાય તે રીતે શિક્ષણમાં કાર્યનિષ્ઠા ઉજાગર કરે છે. કુમુદભાઈ વિદ્યાર્થીની આંખમાં આંખ મિલાવીને તેના હ્રદયને સ્પર્શવાનો પ્રયાસ કરતા હતા. અભ્યાસ બાદ વિષય સંદર્ભે વિદ્યાર્થી જાતે જ વર્ગ નોંધ તૈયાર કરે તેવો અભિગમ રાખતા હતા. ખેતીવાડીના વિષયોમાં પ્રત્યક્ષ કાર્યનું આગવું મહત્ત્વ રહેલું છે. પ્રત્યક્ષ કાર્યમાં વિદ્યાર્થીઓને સમજણપૂર્વક

સહભાગી બનાવીને વધુને વધુ વિષયના ઊંડાણમાં લઈ જવા માટે પ્રયાસ કરતા હતા.

શ્રી કુમુદભાઈને શરીરસંપત્તિ એટલે નીરોગીતા. બુદ્ધિચાતુર્ય ખૂબ જ,ઓછું બોલે. બોલે તો પણ શબ્દો માંપી માપી બોલે. પરંતુ કોઈને સાંભળવાના હોય તો ખૂબ જ શાંત ચિતે ધ્યાનપૂર્વક સાંભળે, જેટલું સાંભળીને તેના પર ખૂબ જ વિચાર કરતા વ્યક્તિ. શ્રી કુમુદભાઈ સાથે લોકભારતીમાં વર્ષો સુધી કાર્ય કરનાર અનેક વડીલોના મુખે સાંભળવા મળ્યું છે કે શ્રી કુમુદભાઈને કોઈ દિવસ ક્રોધિત થયેલા જોયા કે અનુભવ્યા જ નથી. અરે લોકભારતીના પરિસરમાં કોઈ દિવસે ઉતાવળે ચાલતા પણ જોયા નથી. સવારે ઉઠવાનું નક્કી પરંતુ સાંજે સુવાનું નક્કી જ નહી. જે માણસનું મગજ વધુ સક્રિય હોય તેની ઉપર ઊંઘ હાવી થતી જ નથી. શ્રી કુમુદભાઈ પૂ.મનુભાઈ પંચોળી અને લોકભારતી સાથે લાંબો સમય નિયામક તરીકે કાર્ય કર્યું. તે વચલી કડી તરીકે પોતાની અંદરના 'હું' ને ઓગાળીને પૂ.મનુભાઈ અને લોકભારતી પ્રત્યેક જેમ પરમાત્મા પ્રત્યે એકાત્મભાવે શરણાગતિ સ્વીકારી હોય તે રીતે કોઈ મહત્ત્વાકાંક્ષા વિના, સમર્પણભાવે કામગીરી કરતા રહ્યા. પોતે નિયામક હોવા છતાં કોઈ લાભ લેવાનો વિચાર સુધ્ધાં ન કરે. દરેક કાર્યકરના ભાગે જે કાર્ય આવે તે તેને સહજ રીતે કરવાનું હોય છે. મારા ભાગે નિયામક તરીકેની કામગીરી આવી છે તે મારે કરવાની હોય. તેનો મારે ભાર રાખવાની જરૂર નથી. પોતાના કાર્યને નિષ્ઠાથી, સખત મહેનત કરવાનું ચૂકતા નહીં. કુમુદભાઈના સમતાલક્ષી વ્યક્તિત્વને નીચેની બાબતો યોગ્ય રીતે ઉજાગર કરે છેઃ

(૧) સૌને ધીરજથી સાંભળવા. (૨) કામ સોંપો તેને છૂટો દોર આપો, જોખમ લેવાની તૈયારી સાથે. (૩) વિદ્યાર્થીઓને પૂરેપૂરા જાણવા. (૪) સંસ્થાના મુખ્ય હોદ્દેદારે ક્યારે હોદ્દાનું અભિમાન ન રાખવું. (૫) સાદાઈ,કરકસર અને ચોકસાઈ સમજણને સ્વીકારીને વિકસાવવા. (૬) જેટલી નમ્રતા તેટલીજ આકરા નિર્ણય માટે મક્કમતા. (૭) અઢળક વાતો પોતાના ઉદરમાં સમાયેલી હોય તો પણ બધાં જ કાર્યકરોને સાથે લઈને ચાલવું.

કુમુદભાઈ વિશે 'દર્શક' કહેલું કે, ''કુમુદભાઈ બી.એસ.સી.(એગ્રી.) થઈને આવેલા. ઓછું બોલે, પણ કામ જરાય ઓછું નહિ. ગમે ત્યાં મૂકો. બુચભાઈની જેમ કશીય આનાકાની વિના કરે, અને તે પણ ચીવટથી. ગમતું કે અણગમતું ગમે તે કામ હોય ચીવટાઈમાં વધઘટ નહીં. આને હું આધ્યાત્મિક સંપત્તિ ગણું છું. કુમુદભાઈમાં એ ઠીક પ્રમાણમાં છે. નાની ઉંમરે આટલી સમતા કે આટલી અનાસક્તિ કોઈક ભાગ્યશાળીમાં જ હોય. આકરા નિર્ણયો ટાળવાનો પ્રયત્ન કર્યા પછી કરવા પડે તો કરે. ધીરજથી સામા માણસને સમજાવે. પણ પોતાના નિર્ણયમાં હાલક-ડોલક ન થાય. તેમનું હીર અમે પારખ્યું અને પુના ઇન્સ્ટીટ્યૂટ-દિલ્હીમાં આગળ અભ્યાસ કરવા મોકલ્યા. પ્રથમ વર્ગમાં એમ.એસ.સી. થયા, પણ ભાગ્ય એવું કે જે વિષયમાં તેઓ પારંગત થયા તેના કરતાં જ, નિયામકનું કામ કરવાનું એમને આવ્યું. હિસાબ, સરવૈયા, બજેટ, પરિપત્રો, સભાઓ, કમિટીઓ, સીમાડાના સવાલના વિવાદોમાં તેમને દટાઈ જવું પડ્યું. ગંજાવર બોજ વચ્ચે પણ તેમની સમતા કાયમ રહી તે તેમના આંતરિક અધ્યાત્મની નીપજ છે. તેમની ફાઈલો-કાગળોથી ઊભરાતા ટેબલની નીચે જોઈએ તો કૃષ્ણમૂર્તિ કે રમણ મહર્ષિનાં પુસ્તકો હોય. હું ધારાસભામાં ગયો ત્યારથી તેમણે નિયામકનું કામ સંભાળ્યું તે આજ લગી. તેમાં જ ડૂબતા-તરતા, તરતા-ડૂબતા રહ્યા, તેવા જ સુલભ મંદહાસ્ય સાથે.''

મોટાગજાના કેળવણીકાર, સાહિત્યકાર, ઇતિહાસકાર, ગાંધીજન પૂ. મનુભાઈ પંચોળી જેવા શ્રી કુમુદભાઈના કામ, ગુણોની સાદર નોંધ પછી કોઈ એવોર્ડ કે માનપાનની જરૂર રહે ખરી! શ્રી કુમુદભાઈ પોતાના ક્રોધને જીતીને પોતાનામાં રહેલા ' હું' ને ઓગાળીને કોઈની સામે બાયો ચડાવ્યા વિના સૌને સાથે લઈને ચાલી શક્યા તે નોંધનીય માનવીય સદગુણ છે. કુદરત આવા સદ્‌ગુણ ખૂબ જ જૂજ વ્યક્તિને આપે છે.

વિદ્યાપુરુષ પૂ.નાનાભાઈ ભટ્ટ અને સર્જક પૂ.મનુભાઈ પંચોળી દ્વારા સમગ્ર ભારતમાં ઉચ્ચશિક્ષણનો નઈ તાલીમનો પ્રથમ પ્રયોગ આજે સોળે કળાએ ફૂલ્યો-ફાલ્યો, વિસ્તર્યો છે. તેમાં શ્રી કુમુદભાઈ જેવા અનેકોનો અખંડ પુરુષાર્થ રહેલો છે.

**ટીના દોશી**

---

સ્વતંત્રતા સેનાની લક્ષ્મી સ્વામીનાથનનું નામ સાંભળ્યું છે?

આ સવાલના જવાબ ભાગ્યે જ કોઈ હકારમાં આપશે. પણ જો એવું પૂછવામાં આવે કે કેપ્ટન લક્ષ્મીનું નામ સાંભળ્યું છે, તો નકારમાં ઉત્તર વાળનાર કદાચ જ કો'ક નીકળશે. કેપ્ટન લક્ષ્મી સહગલ... નેતાજી સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજનાં સૈનિક. રાણી ઝાંસી રેજીમેન્ટનાં કેપ્ટન. માતૃભૂમિની આઝાદી માટે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની જેમ જ રાણી ઝાંસી રેજીમેન્ટની કેપ્ટન લક્ષ્મીએ પણ હથિયાર ઉઠાવ્યાં અને અપ્રતિમ વીરતાનો પરિચય આપ્યો. લક્ષ્મી કેપ્ટનમાંથી કર્નલના હોદ્દે પહોંચી, પણ આજેય કેપ્ટન લક્ષ્મી તરીકે જ મશહૂર છે!

લક્ષ્મીનો જન્મ ૨૪ ઓક્ટોબર ૧૯૧૪ના પરંપરાવાદી બ્રાહ્મણ કુટુંબમાં થયો. પિતા બી. સ્વામીનાથન. માતા અમ્મુ સ્વામીનાથન. બી. સ્વામીનાથને કાનૂનની પરીક્ષા ઉત્તીર્ણ કરી. મદ્રાસના વિધિ મહાવિદ્યાલયમાં પ્રાધ્યાપક અને પ્રાચાર્ય રહ્યા. સ્વામીનાથનના મૃત્યુ પછી અમ્મુ મહાત્મા ગાંધીજીથી પ્રભાવિત થઈને કોંગ્રેસમાં જોડાયાં. બેય દીકરી મૃણાલિની અને લક્ષ્મીને અંગ્રેજી શાળામાંથી સરકારી શાળામાં બેસાડી. ઘરનું વાતાવરણ ભારતીય બન્યું. દક્ષિણ ભારતીય પહેરવેશ અપનાવ્યો. અંગ્રેજી ફ્રોકને બદલે મદ્રાસી ઘાઘરો-કબજો અને એના પર જાકીટ પહેરવાનું શરૂ કર્યું. ઘરમાં બોલાતી અંગ્રેજીનું સ્થાન મલયાલમ અને તમિળ ભાષાએ લીધું.

દરમિયાન, ૧૯૩૦માં સવિનય કાનૂન ભંગનું આંદોલન શરૂ થયું. લક્ષ્મીની ઉંમર ત્યારે સોળ વર્ષની. એમણે ખાદી પહેરવાનું શરૂ કરી દીધેલું. ગાંધીજી એમને દેવદૂત જેવા લાગતા. ગાંધીજી મદ્રાસ આવ્યા ત્યારે લક્ષ્મીએ પોતાનાં બધાં ઘરેણાં આંદોલનને મદદ કરવા માટે આપી દીધાં. સરઘસ કાઢવામાં તથા સભાઓનું આયોજન કરવામાં લક્ષ્મી અગ્રેસર રહેતાં. એક વાર ઝંડો લઈને સરઘસનું નેતૃત્વ કર્યું. લક્ષ્મીની ધરપકડ થઈ. કોર્ટ પૂરી થાય ત્યાં સુધીની સજા થઈ. ગાંધીજીએ કહેલું કે લાઠીના હુમલાનો સામનો અહિંસકપણે કરવો જોઈએ. લક્ષ્મી માટે આ મુશ્કેલ હતું. એમની બંડખોર પ્રકૃતિથી વિપરીત હતું. એથી ગાંધીજી પ્રત્યે અસીમ આદરભાવ હોવા છતાં ગાંધીવાદી વિચારધારાથી એમનું અંતર વધતું ગયું.

ગાંધીવાદી વિચારોથી દૂર થયેલાં લક્ષ્મીના મનમાં ક્રાંતિનાં બીજનું આરોપણ થઈ ચૂકેલું. વર્ષ ૧૯૨૮માં કોલકાતામાં અખિલ ભારતીય કોંગ્રેસના અધિવેશનમાં નેતાજી સુભાષચંદ્રને જોયા ત્યારથી લક્ષ્મીએ એમને આદર્શ માની લીધેલા. લક્ષ્મીના જ શબ્દોમાં સાંભળીએ:

"વાત છે ૧૯૨૮ની. કોંગ્રેસ સેવાદળના અધ્યક્ષ તરીકે નેતાજી સુભાષચંદ્ર બોઝને મેં પહેલી જ વાર જોયા. સેવાદળના સ્વયંસેવકો કોલકાતાના મેદાનમાં રોજ સવારે પરેડ કરતાં. પરેડ જોવા માટે લોકો સવારે પાંચ વાગ્યે જ પહોંચી જતાં. હું પણ પરેડ નિહાળતી. ગાંધીજીને આ પરેડ પસંદ નહોતી. એ કહેતા કે, આપણું આંદોલન અહિંસાનું છે, આ લોકોને તો હિંસાનો માર્ગ દેખાડાઈ રહ્યો છે. હું ત્યારે જ સમજી ગઈ કે સુભાષચંદ્ર બોઝ અન્ય નેતાઓથી જુદા છે. એમની પાછળ જ ચાલવાનો મેં સંકલ્પ કર્યો. મારી માતા કોંગ્રેસ પાર્ટીની સક્રિય કાર્યકર્તા હતી. પંડિત જવાહરલાલ નેહરુ અને ગાંધીજીથી સારી પેઠે પરિચિત હતી. હું પણ એમને ઘણી વાર મળેલી. પરંતુ હું એવું માનતી હતી કે બ્રિટન જેવા ઘોર સામ્રાજ્યવાદી દેશને માત્ર સત્યાગ્રહથી ધ્વસ્ત નહીં કરી શકાય. એની હકાલપટ્ટી માટે બીજો રસ્તો જ અખત્યાર કરવો રહ્યો."

આ બીજો રસ્તો એ ક્રાંતિનો. પણ ક્રાંતિનાં માર્ગે

મંડાણ કરતાં પહેલાં લક્ષ્મીએ ૧૯૩૮માં મદ્રાસ મેડિકલ કૉલેજમાંથી એમબીબીએસનો અભ્યાસ પૂરો કર્યો. આ અરસામાં બીજા વિશ્વયુદ્ધનો આરંભ થયો. ૧ સપ્ટેમ્બર ૧૯૩૯ના પોલેન્ડ પર આક્રમણ કરીને જર્મનીના તાનાશાહ હિટલરે બીજા વિશ્વયુદ્ધનું બ્યુગલ વગાડી દીધેલું. પોલેન્ડની સહાયતા માટે વચનબદ્ધ બ્રિટને પણ જર્મની વિરુદ્ધ યુદ્ધની ઘોષણા કરી દીધી. ભારતની બ્રિટિશ સરકાર પણ યુદ્ધમાં કૂદી પડી. એ સમયે અંગ્રેજોને ભારતીય સૈનિકોની સાથે ભારતીય ડૉક્ટરોની પણ ખૂબ જરૂર હતી. ભારતીય સેનાની મેડિકલ સર્વિસમાં મહિલા ડૉક્ટરોની ભરતી થવા લાગી. એ દિવસોમાં મદ્રાસમાં સૌથી વધુ મહિલા ડૉકટરો હતી. લક્ષ્મીને ભય પેઠો કે બળજબરીથી એની પણ ભરતી કરી દેવાશે. એમણે ભારત પર રાજ કરી રહેલા અંગ્રેજોની સેનાની સેવા કરવી નહોતી. સિંગાપુરમાં કેટલાક સંબંધીઓ રહેતાં હતાં, એથી ડૉ. લક્ષ્મી ૧૯૩૯માં ત્યાં જતાં રહ્યાં. સિંગાપુરમાં તબીબ તરીકે કાર્યરત થયાં.

સિંગાપુરમાં લક્ષ્મીની મુલાકાત નેતાજી બોઝ સાથે થઈ. લક્ષ્મીએ ૧૯૨૮માં નિઃશસ્ત્ર નેતાજીને જોયેલા, પણ ૨ જુલાઈ ૧૯૪૩ આઝાદ હિંદ ફોજના સેનાનાયકના વેશમાં સશસ્ત્ર બોઝ પ્રભાવશાળી પ્રતિભાશાળી જણાયા. અંગ્રેજો વિરુદ્ધ લડવામાં નેતાજીની સેના જપાનીઓની સહાય કરી રહેલી. ૯ જુલાઈ ૧૯૪૩ના નેતાજીએ દરેક સશક્ત માણસને આઝાદ હિંદ ફોજમાં જોડાવાનું આમંત્રણ આપ્યું. આ જ સભામાં રાણી ઝાંસી રેજીમેન્ટની કલ્પના પણ રજૂ થઈ. ત્રણ દિવસ પછી, ૧૨ જુલાઈએ નેતાજીએ 'રાષ્ટ્રીય આંદોલનમાં સ્ત્રીઓની ભૂમિકા' વિષય પર પોતાના વિચારો વ્યક્ત કરતાં કહ્યું:

"ભગિનીઓ! આ ક્રાંતિકારી આંદોલનમાં આપણી બહેનોએ બતાડી આપ્યું છે કે પોતાના ભાઈઓની જેમ એ પણ બંદૂક, પિસ્તોલ ચલાવી શકે છે...જો આ સભામાં હાજર કોઈ બહેન એવું વિચારતી હોય કે એક સ્ત્રી પોતાના ખભા પર બંદૂક ઉપાડી શકતી નથી તો આપણે આપણા ઈતિહાસનાં પાનાં ઉથલાવવા પડશે. સન ૧૮૫૭ની ક્રાંતિમાં ઝાંસીની એક વીરાંગનાએ કેટલી બધી વીરતા બતાવી? એ રાણીએ તલવાર લઈને, ઘોડા પર બેસીને રણમેદાનમાં પોતાના સાથીઓનું માર્ગદર્શન કર્યું. દેશનું કમનસીબ કે એ શહીદ થઈ ગઈ. એ રાણીના અધૂરાં કાર્યને આપણે પૂરું કરવાનું છે...ભારતીય સ્વતંત્રતાના આ છેલ્લા યુદ્ધમાં આપણું કામ ઝાંસીની એક રાણીથી નહીં ચાલે. આપણે હજારો ઝાંસીની રાણીઓની જરૂર છે.!"

પ્રવચનના અંતે નેતાજીએ જાહેર કર્યું કે, "રાણી ઝાંસી રેજીમેન્ટની આપણી ક્રાંતિકારી યોજના અમલમાં મુકાવાની છે. રાણી ઝાંસી રેજીમેન્ટની સ્થાપનાનો અર્થ એટલે આજ સુધીના વિચારોની પૂર્ણતા."

નેતાજીના ભાષણથી લક્ષ્મીનું રોમરોમ પુલકિત થઈ ગયું. એ કોઈ પણ હિસાબે રાણી ઝાંસી રેજીમેન્ટમાં જોડાવા ઉત્સુક હતાં. નેતાજીએ લક્ષ્મીને જ પલટનની જવાબદારી સોંપી. ૧૪ જુલાઈ ૧૯૪૩થી લક્ષ્મીએ પલટનનાં કમાન્ડર અને સંગઠકનાં રૂપમાં કામ શરૂ કર્યું. સલામી આપનારી પંદર કન્યાઓને તાલીમ આપવાથી પલટનનું કામ આરંભાયું. ધીમે ધીમે તાલીમાર્થીઓની સંખ્યા સો અને પછી ત્રણસો સુધી પહોંચી. તાલીમ લીધા પછી જેતે સ્ત્રી રાણી બનતી. પલટનની રાણી. લક્ષ્મી પોતે પણ તાલીમ લેવા લાગ્યાં. વ્યાયામ, કવાયત, લાંબી ટૂર માર્ચ અને રાઈફલ ચલાવવાનું પ્રશિક્ષણ લીધું.

રાણી ઝાંસી પલટનનાં સૂત્રધાર તરીકે કેપ્ટન લક્ષ્મી આઝાદ હિંદ રેડિયો પરથી નેતાજી અને ફોજની ભૂમિકા સ્પષ્ટ કરવા સંબોધન પણ કરતાં. યંગ ઈન્ડિયાના ૧૯ ડિસેમ્બર ૧૯૪૩ના અંકમાં પ્રકાશિત થયેલા અને સિંગાપુર આકાશવાણી પરથી પ્રસારિત થયેલા પોતાના ભાષણમાં એમણે કહ્યું:

"સ્વતંત્રતા દરેક મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર છે. એટલે અમે સ્ત્રીઓએ પણ અમારાં ભાઈઓ સાથે ખભેખભા મિલાવીને લડવાની તૈયારી કરી છે. અમારાં નેતા સુભાચંદ્ર બોઝે માત્ર પુરુષોને જ નહીં, સ્ત્રીઓને પણ સેનામાં સામેલ થવાની આહવાન કર્યું છે. અમે બધી સ્ત્રીઓએ એમને પ્રતિસાદ પણ આપ્યો છે. દેશની સ્વતંત્રતા સ્ત્રી અને પુરુષ

માટે સળગતો પ્રશ્ન છે. ભારતીય સ્ત્રી માટે હાથમાં શસ્ત્ર ઉપાડવાનું કોઈ નવી વાત નથી. એવી વીર સ્ત્રીઓના પરાક્રમને ઇતિહાસમાં સ્થાન મળ્યું છે. અહમદનગરના કિલ્લાની રક્ષા માટે અકબર જેવા સમર્થ શત્રુ સાથે બાથ ભીડનાર ચાંદબીબીને કોણ ભૂલી શકે? એ જ રીતે ૧૮૫૭ના પહેલા સ્વાતંત્ર્ય સંગ્રામમાં બ્રિટીશો સાથે ટક્કર લેનારી ઝાંસીની રાણી લક્ષ્મીબાઈને શી રીતે ભૂલાય? ઝાંસીનો કિલ્લો પડ્યો પણ રાણી અંગ્રેજોના શરણે ગઈ નહીં. એમની યુદ્ધઘોષણા 'સ્વાતંત્ર્ય અથવા મૃત્યુ' એવી હતી. એવી મહાન મહિલાએ આઝાદી માટે રણમેદાનમાં જ મોતને સ્વીકાર્યું.

"ભારતની આ સુપુત્રીને શ્રદ્ધાંજલિ આપવા માટે એમના અધૂરાં કામને પૂરું કરવા માટે નેતાજીએ સ્ત્રીઓની પલટનને રાણી ઝાંસી રેજીમેન્ટ નામ આપ્યું છે...અમારા સર્વશ્રેષ્ઠ નેતાએ આ યુદ્ધની ઘોષણા કરી છે 'ચલો દિલ્લી! અમને વિશ્વાસ છે કે અમારી મુક્તિસેના વિજયી બનીને દિલ્લીમાં પ્રવેશશે. દિલ્લીના લાલ કિલ્લા પર અમારા નેતાજી વિજયપતાકા લહેરાવશે અને વાઈસરોયના સ્થાનને પોતાના હસ્તક લઈને વિજયી સેનાની સલામી ઝીલશે. હવે એ દિવસ દૂર નથી. જય હિંદ..!"

લક્ષ્મી આઝાદ હિંદ ફોજનું ગાન પણ ગાતાં:

સૂરજ બનકે જગ પર ચમકે ભારત નામ તુમ્હાર જય હો,
જય હો, જય હો, જય જય જય જય હો ભારત નામ સુહાગા.

કેપ્ટન લક્ષ્મી ભારતનાં સુવર્ણકાળનાં સ્વપ્નાં જોઈ રહ્યાં હતાં એ અરસામાં નેતાજી બોઝે આઝાદ હિંદ સરકારની ઘોષણા કરી. ડૉ. લક્ષ્મીને આ સરકારની કેબિનેટમાં મહિલા કલ્યાણ ખાતાનું મંત્રીપદ અપાયું. વિશ્વમાં કોઈ સ્ત્રી સ્થાયી કે અસ્થાયી સરકારના મંત્રીમંડળમાં સભ્ય બની નહોતી. આવું બહુમાન મેળવનાર ડૉ. લક્ષ્મી કદાચ દુનિયામાં પ્રથમ સ્ત્રી હતી. હવે લક્ષ્મી પર બે જવાબદારી હતી: મંત્રીપદ અને પલટનનું પ્રમુખપદ.

એક મ્યાનમાં બે તલવાર રાખીને લક્ષ્મી સુપેરે કામગીરી કરવા માંડી. એવામાં યુદ્ધ માટે બર્મા જવાનો આદેશ મળ્યો. લક્ષ્મીએ એક ટુકડીને રવાના કરી. પાછળ મહિલા પલટનના બે અધિકારી અને દસ જવાનોને લઈને બર્માના પહાડી સ્થળ મેમિયો જવા નીકળી પડ્યાં. દિવસના સૈનિક ટ્રકમાં મુસાફરી, જંગલમાં રસોઈ કરીને ખાવાનું અને રાત્રે ટ્રકમાં જ સૂવાનું...આ રીતે મેમિયો પહોંચ્યાં. એક તૂટેલી ખાલી પાઠશાળામાં મહિલા પલટનની છાવણી હતી. પ્રશિક્ષણ ફરી શરૂ થયું. બે મહિના ચાલ્યું. દરમિયાન દિવસે બોમ્બ હુમલાઓ શરૂ થયા. મહિલા પલટન પાસે હવાઈ વિમાનો પર તાકવાની તોપો કે બંકરો નહોતી. એથી વિમાનોએ નીચાં ઊતરીને છાવણીનો નાશ કર્યો. બધો સમાન નાશ પામ્યો હોવાથી ફોજનાં જવાનોનાં કપડાં લાવ્યાં. એને કાપીને રાણીઓના માપનાં વસ્ત્રો તૈયાર કર્યા. રાણીઓનો ગણવેશ જોધપૂરી બ્રીચીઝ અને લાંબી બાંયના બ્લાઉઝ જેવું શર્ટ હતો. એ પુરુષ જવાનની જેમ પેન્ટશર્ટ થઈ ગયો.

મેમિયોના મોરચા પર ઘણા સૈનિકો માર્યા ગયા. અતિસાર અને મેલેરિયાના દર્દીઓની સંખ્યા વધી ગઈ. કેપ્ટન લક્ષ્મી ડૉક્ટર લક્ષ્મી બનીને ઉપચાર કરવા લાગી. દરમિયાન નેતાજીએ લક્ષ્મીને રંગૂન જવા આદેશ આપ્યો. પણ રંગૂનને રસ્તે ત્રણ સાથીઓ સહિત લક્ષ્મી અંગ્રેજોના સાણસામાં સપડાઈ. કેદ કરી લેવાઈ. એક મહિના પછી એને છોડી મુકાઈ. વર્ષ હતું ૧૯૪૫.

કેપ્ટન લક્ષ્મીને ૪ માર્ચ ૧૯૪૬ના વાયુસેનાના વિમાનમાં ભારત મોકલવામાં આવી. સિંગાપુરમાં પરિચયથી પરિણય થયેલો એ કર્નલ પ્રેમકુમાર સહગલ સાથે ૧૯૪૭માં લગ્નબંધને બંધાઈ. કાનપુરમાં બેય વસ્યાં. લક્ષ્મી સમાજસેવાનાં કાર્યોમાં પરોવાયાં. એમની સેવાઓને બિરદાવવા ભારત સરકારે ૧૯૯૮માં પદ્મવિભૂષણથી ડૉ. લક્ષ્મીને પુરસ્કૃત કર્યા. ૨૩ જુલાઈ ૨૦૧૨ના ૯૭ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી એમનું મૃત્યુ થયું. પરંતુ આઝાદીના લડવૈયા તરીકે અમર થઈ ગયાં.

માભોમની આઝાદી કાજે શસ્ત્ર ઉઠાવનાર ઝાંસીની રાણી અને રાણી ઝાંસી પલટનની કેપ્ટન, બેયનાં નામ લક્ષ્મી જ હતાં એ કેવો અજબ યોગાનુયોગ છે!

## ૦૪ મોરારિબાપુની પ્રેમધારા

**ડો. દિનુ ચુડાસમા**

જગતમાં સત્યવીર સોક્રટિશ, પ્રેમમૂર્તિ જીસસ, કરુણાના પર્યાય બુદ્ધ,અહિંસાના આચરણકર્તા મહાવીર સ્વામી , સેવા દ્વારા શાંતિ-પ્રેમને જરૂરિયાત મંદ માણસો સુધી લઈ જનારા મધર ટેરિઝા જેવા માનવપુષ્પો વિશ્વવાડીમાં ખીલતા રહ્યા છે. ગાંધીજી અને વિનોબા જેવા તપસ્વીઓ ખુદના આચરણથી જગતને અનન્ય મારગ ચીંધી ગયા. આપણે આ બધી વિભૂતિઓના દર્શન કર્યા નથી પરંતુ એ બધાંનું દર્શન આજે આપણને યુદ્ધમય સમયમાં શાંતિનો રસ્તો બતાવે છે. પ્રેમપંથ ભલે પાવકની જવાળા હોય પણ એ સ્વીકાર્યા વિના સુખ,શાંતિ અસંભવ એવું આપણે સમજીએ પણ પ્રેમની દીક્ષા જો જીવનમાં આત્મસાત્ કરીએ તો જીવન માણી શકાય,જીવંત હોવા તરફ ગતિમય રહીએ. આખરે તો વિશ્વની ચેતનાઓ સત્ય, પ્રેમ,કરુણાના મારગે ચાલતી રહી જગતને પ્રેમમય પંથના પથિક થવા નોતરું આપી સાદ પાડી રહ્યા છે.

બહુરત્ના વસુંધરા એ ચેતનાથી દરેક સમયે ધરતી ઉપર ઊર્જામય લોકો પોતાના જીવનકાર્યથી યજ્ઞકર્મ કરતા રહેતા હોય જ છે. આપણે એ સહજ લોકોને સેવતા હોય તો એમની આંતરિક સમુદ્ધિની અનુભૂતિ થાય.. એવા એક સહજ સાધુ એટલે મોરારિબાપુ, કોણ એમના નામથી વિદિત નથી? ગત ૬૫ વર્ષમાં ૯૨૫ રામકથા વ્યાસપીઠ પરથી ગાનાર મોરારિબાપુ પોતાના જીવનમંત્ર તરીકે સત્ય, પ્રેમ, કરુણાને સેવતા સૃષ્ટિમાં સંવેદનાનું ઝરણું વહાવી રહેલ છે. લયપૂર્ણ ચાલતા, મૃદુ સ્મિત વેરતા, પરમ વિવેકી, માણસાઈનું ઓજસ આસપાસ પ્રસરાવતા. બાપુ ભીતરથી ભજનમાં ભળી એકરૂપ અનુભવાય. શ્રોતાઓને એ ભજનના ફળરૂપ નાદ, સરવાણીઓ વ્યાસપીઠથી અભિવ્યક્ત થાય એ પ્રેમરસ હૃદયમાં રેડવા જેવો હોય છે કેઃ-

''એકવીસમી સદીનો મંત્ર હોય 'પ્રેમ'

**'મારા શ્રોતાઓને હું નિવેદન કરું છું, મારે આપની પાસેથી કંઈ ન જોઈએ, પરંતુ આપ કંઈ આપવા ચાહો તો એટલું કરો, પરસ્પર પ્રેમ કરો અને પરસ્પર દ્વેષ ઓછો કરો. ભાઈ-ભાઈમાં દ્વેષ મિટે, પાડોશી-પાડોશીમાં દ્વેષ મિટે , રાષ્ટ્ર-રાષ્ટ્રમાં પ્રેમ રહે. બે ભાઈઓને સાથે રહેવું હોય તો પ્રેમથી સાથે રહો, પરંતુ જુદું પડવું હોય તો પણ પ્રેમથી જુદા પડો.'**

મોરારીબાપુની દરેક રામકથા જાણે કે એક અધ્યાત્મિક પ્રયોગ કહી શકાય. સમાજના છેવાડે શ્વસતા માણસોના ઉત્કર્ષ માટે વ્યાસપીઠ અહર્નિશ ઉત્સુકતાની અનુભૂતિ બાપુ આચરણથી કરાવે. વિચરતી વિમુકત જાતિઓ માટે કથા, અઢારેય વરણ માટે કે કિન્નર સમાજ હોય કે માનવ સમાજે જેને કોઠા ઉપર બેસાડી એવી ગણિકા બહેનો માટે છેલ્લે બાપુએ 'માનસ ગણિકા'નું ગાયન અયોધ્યામાં વ્યાસપીઠ પરથી કર્યું છે. સળગતા સમયમાં,અનેક પડકારોનો સામનો કરતી ગણિકાઓને પોતાની દીકરીઓ કહી બાપુ કથા માટે સ્વયં આમંત્રણ આપવા માટે મુંબઈના રેડલાઇટ એરિયા-કમાઠીપુરા ગયેલ. આ એમની બહેનો તરફની કરુણા હતી. જેમની ભીતર પ્રેમરસ દ્રવે-પનપે તે જ માણસ આવું વર્તન કરી શકે.

અયોધ્યામાં 'માનસ ગણિકા'ના સમયે વ્યાસપીઠ આસપાસ કેટલીયે ગણિકાબહેનો નવ દિવસ રામકથામૃતનું શ્રવણ કરી ધન્ય થઈ ને કથા દરમિયાન સવા છ કરોડ રૂપિયાની ધનરાશિ એકઠી કરી આપી. આ રકમ દેહવ્યાપારમાં ધકેલાયેલી બહેનોને પગભર થવા આર્થિક મદદ કરવામાં આવી. અયોધ્યામાં વ્યાસપીઠ

પરથી માનસ ગણિકાના ગાન દરમિયાન બાપુની આંખોમાં આંસુનો ભેજ હતો, ભીતર ભીનાશ પ્રસરેલી, કથાની અખિલાઈ અહીં ઉજાગર થઈ. શીલવંત સાધુની કેફિયત સાંભળોઃ

**"આ મારો પ્રેમયજ્ઞ છે. અહીં આંસુઓનો અભિષેક થાય છે. રામકથા ભાવજગતની કથા છે, કર્મજગતની પણ કથા છે અને જ્ઞાનજગતની પણ કથા છે. હું માત્ર રામની કથા જ નથી સંભળાવતો, હું તો આપને સ્મિત આપવા આવ્યો છું."**

વ્યાસપીઠ પરથી સ્મિત આપતાં, મોરારિબાપુ ખાદી જ પહેરે, ખાદી એમને ખૂબ ગમે ને ગાંધી-જીવનશૈલી એમને આત્મસાત માટે ગાંધીકથા, દાંડીકથા ગાઈ છે. વિશ્વના અનેક અલખના ઓટલા ઘાટો પર રામકથાનું ગાયન કર્યું છે. એ પછી ગંગાના તટથી લઈ નાઈલ સુધી પહોંચી ગઈ,ધરતીથી આકાશી મારગે ગઈ.. ગંગાસતીના તીર્થસ્થાનથી ગંગાસાગર સુધી રામકથા દ્વારા પ્રેમનો વરસાદ વરસાવતા ચાલતા રહે છે. જાણે કે સાધુ તો ચલતા ભલા એ સૂત્ર સ્વયં જીવે..ને બાપુ કહે 'સાધુ તો ગાતા, નાચતા ભલા.' એ આચરણ સહજ આપણે સામે દેખાય એમાં બે મત નહીં..બાપુની રામકથામાં 'પ્રેમ' પદારથ સહજ ઉજાગર થતું હોય, આવો મોરારિબાપુના 'પ્રેમ'ના પર્જન્યની ભીનાશ અનુભવીએ મોરારિબાપુ કહે છે :

**"પ્રામાણિક પ્રેમ પ્રસન્નતાની જનેતા છે.વિશુદ્ધ પ્રેમમાં બોલવાનું બંધ થઈ જાય છે.**

**પ્રેમમારગમાં કોઈનો અનાદર નથી થઈ શકતો. પ્રેમ પરમાત્માથી પણ મોટી ચીજ છે.**

**પ્રેમ ન હોય તો બધી પૂજા કેવળ વિધિવિધાન છે. જીદ કરે એ લોકો કદાચ જીતતા હશે, બાકી પ્રેમ કરે એ લોકો તો હંમેશા હારે જ છે. પ્રેમ પ્રસાદથી પ્રગટ થાય છે, પ્રમાદથી વિલીન થઈ જાય છે. પ્રેમ ભીડનો વિષય નથી, પ્રેમ એકાન્તિક અવસ્થા છે. એ ગોડ પાર્ટિકલ છે. એમાંથી જ બ્રહ્માંડ નીકળ્યું છે.પ્રેમનો એ વિસ્તાર છે.'**

તલગાજરડી સાધુની સાધુતા એમના ઉમદા સ્વભાવથી છલકાતી હોય, પ્રેમાળ સાધુ, પ્રેમલક્ષણા ભક્તિનો ગાનાર હોવાથી એમની ભીતર સૃષ્ટિ તરફ અનુરાગ રેલાતો રહે છે.

મોરારિબાપુનો પ્રેમ સમષ્ટિગત અનુભવાય છે. તલગાજરડાના હિંચકે બેસતા બાપુને કોઈ પણ માણસ સીધા જ મળી શકે, જોઈ, વાત કરી શકે, પોતાની આપદા વર્ણવી,પીડા ઓછી કરી શકે એટલા સમીપ છે. મોરારિબાપુની આ લાક્ષણિકતા રહી છે. એ સમજના મૂળિયા કદાચ ભીતર રસાયેલ પ્રેમતત્ત્વમાં રહેલા હોય એમ બને. બાપુના થોડાક વચનો અહી રાખું જે આપણને આ મારગનું અજવાળું પીરસે છેઃ

**"પ્રેમ આધ્યાત્મિક છે. કથા પ્રેમનો સંદેશ છે, સત્ય મારા માટે, પ્રેમ તમારા માટે અને કરુણા બધા માટે. સત્ય જેટલું સચવાય એટલું. પ્રેમ હંમેશા બીજા માટે. પ્રેમ કેવળ પોતા માટે હોય તો કદાચ એનું સ્વરૂપ બદલાઈ શકે છે. સૌને પોતાનું વ્યકિતત્વ હોય છે, જેવા હોય એવા એને પ્રેમ કરો.બાળકને પ્યાર આપો,પ્યાર જેવો જગતમાં કોઈ ધર્મ નથી. જે ભગવાનને પ્રગટાવી શકે એનું નામ પ્રેમ. પ્રેમ મુકત રાખે, મોહ બંધનમાં નાખે. પ્રેમ મુકિત આપે છે અને સ્વાર્થ કબજો જમાવે છે. પ્રેમરૂપી બાળકને જન્મ આપવા માટે, પરમાત્માનું નામ મા-બાપ છે. પરમાત્માનું નામ પ્રેમને પ્રગટ કરી શકે છે. પ્રેમ ધીરે ધીરે વધે અને પ્રેમ વધવાથી પ્રગટ થયેલા પરમાત્મા આપણી હેસિયત અનુસાર આપણા અનુભવમાં આવે."**

બાપુ 'પ્રેમધર્મ'ની ધજાપતાકા લહેરાવી, રામકથાને વ્યાસપીઠ પરથી ગાતા પ્રેમમારગનો જાણે અનોખો પથ ચીંધતા રહે છે. વ્યાસપીઠ પર બેસવાની પાત્રતા જ પ્રેમાળપણું - ભાવદશામાં જીવવું કહી શકાય. પ્રેમમૂર્તિ બાપુના જીવનકાર્યો બોલે એ સાંભળીએ જોઈએ તો માલુમ પડે કે મહોબ્બતનો માલમી મોરારિબાપુ છે. તલગાજરડાના આંગણે જતો કોઈ પણ જરૂરિયાત મંદ

કદી નિરાશ થતો નથી. કચ્છમાં ધરતીકંપથી સર્જાયેલી કરુણાંતિકમાં સહભાગી બનવા, લોકોના આંસુ લૂછવા, બનતું કરી છૂટવા બાપુ ત્યાં પહોચી ગયેલાં, અરે! સોમાલિયાના દુષ્કાળમાં પીડિતોને અહીંથી મદદ કરે, નેપાળમાં કે વિશ્વના કોઈ પણ ખૂણે માનવતાનો સાદ પડે ત્યાં તલગાજરડું હાજરી પુરાવે છે. પ્રેમથી પ્રાપ્ત કરુણા માનવતાનો સાદ પાડતી હશે? બાપુ શું કહે છે પામીએ;

**"પરમપ્રેમ દ્વૈત મિટાવીને એકત્વ સર્જે છે. પ્રેમથી ત્યાગ આવે છે, ત્યાગથી અનંત શાંતિ આવે છે.રામ રસ પ્રેમ રસ છે. જીવનનો મર્મ પ્રેમ છે. પ્રેમમારગ ન્યાયનો મારગ છે જ નહીં. પ્રેમમારગ છે ભૂલવાનો મારગ; કરુણા વિના પ્રેમ વિધુર છે. પ્રેમની છાયા કરુણા હોવી જોઈએ. પ્રેમ સમસ્ત શુભનો સંગ્રહ છે. પ્રેમ અશુભને શુભ કરી દે છે; પ્રેમ દૂષણને ભૂષણ કરી દે છે; વિષને અમૃત કરી દે છે. જીવનમાં સહજ અને સ્વાભાવિક જીવવું પૂણ્ય છે. પ્રેમ પૂણ્ય છે.નફરત પાપ છે."**

નૈરોબીની કથા સમયે ત્યાં અછતમાં રહેલા ગરીબોને જોઈ આંસુ સારે ને ગરીબોના આંસુ પોછવા વ્યાસપીઠ પરથી હાંકલ પાડે ત્યારે બાપુના ફ્લાવર્સ એમને મીઠો હોંકારો આપે જ. કારણકે બાપુ અંગત કશું લેતા જ નથી..પોથી લઈને જાય છે અને પરત આવે છે. વર્ષોથી આ ક્રમ જળવાતો, આચરણમય છે. આવું ત્યારે જ સંભવે જયારે ભીતરથી તૃષ્ણા હટી તૃપ્તિની સરવાણી ફૂંટતી રહે, પ્રેમસભર થયા વિના આવું જીવવું અસંભવ છે. બીજી વાત એ કે કોઈ પણ પ્રદેશમાં રામકથા દરમિયાન વિહાર કરતા હોય બાપુની આંખો ગરીબોની ઝૂંપડીઓ તરફ હોય છે. કોઈ અધુરપમાં જીવતાં પરિવારને ત્યાં કીધાં વિના પહોંચે ને સામેથી ગંગાજળ આપી રોટલો ઘડાવે, ઘરની બેન-મા આસું સારતી બાપુને માટે રોટલો ઘડતી હોય ત્યારે એ આંસુ પણ લોટમાં પડે જાણે કે ગંગાજળ જ. એ પછી એમના આંગણામાં બેસીને બાપુ પ્રેમથી રોટલોને શાક કે મરચું આરોગે વર્ષોથી આ રીતે બાપુને જે કદી મળી શકવાના નથી તેને ત્યાં મોરારિબાપુ સહજતાથી જાય છે. આ વર્તનમાં આપણે બાપુનું કુળ અને મૂળ સંતનું છે એવી સંવેદના જાગે, જેવું બોલે એવું જીવે છે. જીવેલું બોલે છે, કાન દઈને પીઓ બાપુની પ્રેમાળ ગિરાઃ

**"પ્રેમ પરમાત્માથી પણ મોટી ચીજ છે. લોકોને તપસ્વી થવું છે, પ્રેમી નથી થવું ! પ્રેમ સ્વયં તપ છે. પ્રેમતત્ત્વ અચલ હોવું જોઈએ. જે આપને પ્રિય હોય એનું સ્મરણ કરવું નથી પડતું, થઈ જાય છે. પ્રેમમારગ છે ક્ષમાનો મારગ. પ્રેમ સહજ હોવો જોઈએ. નિત્ય નિરંતર વધે એ જ પ્રેમ છે. પ્રેમ અમૃત છે. પ્રેમરૂપી અમૃત વ્યકિતને ચિરંજીવી બનાવી શકે છે, સાચો પ્રેમ કયારેય બદલો નહીં લે; કાં તો એ બલિદાન આપશે કાં સામેની વ્યકિતને બદલી નાખશે. પ્રેમ સૂક્ષ્મમાંસૂક્ષ્મ તત્ત્વ છે. આત્માથી મહેસૂસ કરો, એને કોઈ નામ ન આપો. પ્રેમની પૂજાસામગ્રી રાખવી અને આપણી યોગ્યતા પ્રમાણે ઈચ્છા કરવી."**

રામકથાની પોથી બાપુ માટે પ્રેમપોથી છે. 'રામચરિત્ર માનસ' જાણે કે પ્રેમપીયૂષની ગંગોત્રી છે.

મોરારિબાપુ નામસ્મરણ-અજપાજાપ કરતા સહજ હોય, ભીતર નામનું સુમિરન અને કાનથી સામેના માણસને સાંભળે,આંખ વાટે માણસને અંદરથી ઓળખે છતાં પ્રેમ આપે, આવકારે, કોઈ તરફ કદી ઈર્ષ્યા કે ધૃણા નહીં જ નહીં વ્યાસપીઠ પરથી બધાને 'બાપ' કહીને સંબોધન કરે, શ્વાસોશ્વાસમાં આ સાધના વર્ષોથી અહર્નિશ સહજ ઊગતી, કોળતી રહી હશે. બાપુની વાણી શાતા આપી, સુખાનુભૂતિ કરાવી શકે. આ ભાવસિદ્ધિ પ્રેમાળ બાપુની હાર્દિક સંપદાની દ્યોતક છે. મોરારિબાપુ 'પ્રેમ'ની પાંચ વિલક્ષણતા એમના ફ્લાવર્સને કહે છેઃ

**"પ્રેમની વક્રગતિનાં પાંચ વિઘ્નો છે, પાંચ અવરોધો છે. પહેલું વિઘ્ન છે કે તમારું કોઈ વ્રત તૂટશે. વ્રતભંગ એ પ્રેમયાત્રાનું પહેલું વિઘ્ન છે. પછી સમાજ આપણા વિશે ગેરસમજ કરવા લાગે, એ બીજું વિઘ્ન છે**

**પ્રેમમાર્ગનું. ત્રીજું વિઘ્ન, વિષય અને ભોગોનું પ્રલોભન આવવા લાગે. ત્યારબાદ પ્રેમગતિમાં દેવતાઓ દ્વારા વિઘ્ન નાખવામાં આવે છે; અને આપણા પરિવારનાં સદસ્ય જ આપણો વિરોધ કરે એ પ્રેમની યાત્રાનો અંતિમ અવરોધ છે, પરંતુ પ્રેમયાત્રામાં આ બધા અવરોધો આવે ત્યારે સમજવું કે ચિત્રકૂટ નજીક આવી રહ્યું છે, હવે રામમિલન દૂર નથી '**

મારી ભાવયાત્રાને અલ્પવિરામ આપતા આપણે મોરારિબાપુના જીવનમાં બિહારની રામકથા દરમિયાન બનેલી સત્યકથા રાખું જેથી બાપુ જે ઈતિહાસ રચી રહ્યા એના આપણે સાક્ષી બની રહીએ. આજે બાપુ ઘટનારૂપ છે, આપણે પણ એ સમયમાં શ્વસીએ એ પરમાત્માના આશીર્વાદ જ છે.

મોરારિબાપુ બિહારમાં કથા કરતા હતાં ત્યારે એક દિવસ ટહેલતા એક સ્થળે ઝૂંપડીમાં ગયા ત્યાં એક શ્રમિક બહેન હતા તેને કહ્યુંઃ 'બહેન,મને રોટલો કરી આપશો?' આ ગંગાજળથી લોટ બાંધજો.

બહેન બાપુને ઓળખી ગઈ તેણે કહ્યું : 'બાપુ, તમે પછી રોટલો ખાશો?'

જે ઘરમાં ગરીબીના બેસણા હતા, બધું આર્થિક અધુરપની ચાડી ખાતુ હતું. સ્ત્રીના પતિને પણ નવાઈ લાગી. બાપુ તો ત્યાં એક કાથીનો ઝોળી ખાઈ ગયેલો ખાટલો હતો તેમાં બેસી ગયાં.

બાપુઃ 'બહેન, રોટલો ઘડો.'

બહેન તો રોટલો ઘડવા બેઠા, લોટ મસળતાં હતાં અને આંખમાંથી આંસુ જાય તેનું પાણી પણ કાથરોટમાં પડતું બાપુએ જોયું. અને બાપુએ કહ્યુંઃ 'મારે મન ગંગાજળ કરતાં પણ આંસુ પવિત્ર હતાં જરાયે અશુદ્ધિ નહીં પ્રેમના આંસુ તો શુદ્ધ જ હોય.'

બાપુએ પ્રેમથી રોટલા સાથે ચટણી માગી ખાધું. બહાર કથાના આગેવાનો ઊભા હતા બાપુ બહાર આવ્યા એટલે એક આગેવાનઃ 'બાપુ, આ તો દલિતનું ઘર છે એનો રોટલો ખવાય?'

બાપુઃ 'એમાં શું વાંધો? રોટલો ગંગાજળથી ઘડાયો, ઘડતાં આંખમાંથી આંસુ લોટમાં ગયા ને અગ્નિમાં શેકાયો આ બધુ પવિત્ર હતું ને ઘરના લોકોનો પ્રેમ તો પાક જ ને.'

આટલું કહી સત્ય,પ્રેમ, કરુણાના વાહક બાપુ ચાલતા થયા.

(સંપર્કઃ ૯૯૭૯૧ ૮૭૫૮૭)

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતી ટ્રસ્ટના કાર્યકર શ્રી બાલાભાઈ શેખનું લાંબી બિમારી પછી ૫૫ વર્ષની વયે તા. ૦૬-૧૦-૨૦૨૩ના રોજ લોકભારતી મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતી કૃષિવિજ્ઞાન કેન્દ્રના કાર્યકર શ્રી પ્રશાંતભાઈ મહેતાના પિતાશ્રી મનસુખભાઈ મહેતાનું ૮૩ વર્ષની વયે તા. ૧૬-૧૦-૨૦૨૩ના રોજ સિહોર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- વર્ષોથી અમેરિકા સ્થિર થયેલા લોકભારતીના શુભેચ્છક અને જાણીતા સાહિત્યકાર શ્રી મધુસુદનભાઈ કાપડિયાનું ૮૭ વર્ષની વયે તા. ૨૧-૧૦-૨૦૨૩ના રોજ મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- પૂ. મનુદાદાના ભત્રીજા શ્રી માર્કંડભાઈ પંચોળીનું ૮૩ની વયે તા. ૨૬-૧૦-૨૦૨૩ના રોજ સુરેન્દ્રનગર ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

લોકસમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેમના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પરમેશ્વરને શ્રદ્ધાંજલિ સાથે પ્રાર્થના કરે છે.

**રેખાબા સરવૈયા**

વાસ્તવિક શિક્ષણને અવાસ્તવિક બનાવનારાં ઘટકો વિશે જોઈએ તો એવા તત્ત્વો શિક્ષણપદ્ધતિમાં વ્યાપ્ત છે કે જે શિક્ષણપ્રણાલીને નકામી સાબિત કરી રહે છે. એવા તત્ત્વો આ રહ્યા....

(૧) મહત્ત્વાકાંક્ષા (૨) લદાયેલું અનુશાસન (૩) સ્મૃતિઆધારિત પરીક્ષાપદ્ધતિ તથા ગેરરીતિઓ (૪) તુલનાત્મક મૂલ્યાંકન અને ગોખણપટ્ટી (૫) ભ્રષ્ટાચાર અને લાયકાત વિનાના શિક્ષકો (૬) વાસ્તવિક શિક્ષણ કઈ રીતે? એનું ધ્યેય શું? (૭) સૌની નજર શિક્ષણ પર શા માટે? (૮) શિક્ષકો અને શિક્ષણપ્રેમીઓનું કર્તવ્ય (૯) સ્વયંજાગૃતિ માટે હવે શિક્ષક શું કરી શકે? આપણે જોઈએ એક એક મુદ્દાને....

**(૧) મહત્ત્વાકાંક્ષાઃ-**

એક સૂફીકથા યાદ આવે છે, જેમાં એક ફકીરે એક દાનેશ્વરી સમ્રાટ પાસે પોતાના ભિક્ષાપાત્રને છલકાવી દે એટલી ભિક્ષાની અપેક્ષા વ્યક્ત કરી. સમ્રાટે પોતાનો ખજાનો ખાલી કરી દીધો છતાં ખાલીખમ્મ ભિક્ષાપાત્ર સાથે ઊભેલા ફકીરને હારીને સમ્રાટે સવાલ પૂછયો કે તારા ભિક્ષાપાત્રને કયા મંત્રોથી સિદ્ધ કર્યું છે? —ત્યારે ફકીરે એક શબ્દમાં એ મંત્રનું ઉચ્ચારણ કર્યું;''મહત્ત્વાકાંક્ષા''. હાલની મેકોલે શિક્ષણપધ્ધતિનું સૌથી મોટું દૂષણ આ છે બાળકનાં મનમાં મહત્ત્વાકાંક્ષાનાં બીજ આપણી શિક્ષણ- પધ્ધતિએ રોપ્યા છે જે ઉંમરનાં વધવાથી વટવૃક્ષ બનીને પાંગરે છે. ઔપચારિક કે અનઔપચારિક શિક્ષણમાં આપણે બાળકોને મહત્ત્વાકાંક્ષી બનાવીએ છીએ 'બીજા કરતાં કંઈક વધુ,બીજાથી હંમેશા આગળ'- આ રટણ બાળકનાં માનસમાં એક જાતનો તનાવ પેદા કરે છે અને એ તનાવગ્રસ્ત બાળક સતત એ પેરવીમાં રહે છે કે 'પોતે સફળ કેમ થઈ શકે? પોતાની બધે જીત કેમ થઈ શકે? અને આ ઘેલછા સાથે તે એક દોડમાં સામેલ થઈ જાય છે. જે કદીય ખતમ નથી થતી આ મહત્ત્વાકાંક્ષા બાળકને એક એવા વર્તુળમાં દોડાવ્યે રાખે છે કે જ્યાં કદીય કોઈ પ્રથમ, કે દ્વિતીય રહયું જ નથી.

પરંતુ ઘરમાં શાળામાં કે સમાજમાં સફળ વ્યકિતને જ પ્રેમ આદર કે માન મળે છે એ બાળક સમજે છે અને એટલે જ પછી એ હારવાનું પસંદ કરતો નથી. એ વર્ગનાં નવ્વાણું છોકરા- છોકરીઓને પાછળ રાખીને હંમેશા પ્રથમ આવવાનું પસંદ કરશે અને વાસ્તવિકતા એ છે કે વર્ગમાં કે જીવનમાં બધા જ પ્રથમ નથી આવવાનાં પરિણામે બાળક ખીજવાઈ જશે અને બીજાને પછાડીને પોતાનું સ્થાન મજબૂત કરવા પ્રયત્ન કરવામાં પોતાની શકિતને વેડફી નાખશે અને એ એક અસ્વસ્થ મનનું નિર્માણ કરશે. જે જીવનભર અન્યની ઈર્ષા, જલન માટે ખર્ચાશે આ મહત્ત્વાકાંક્ષાનાં તાવ થકી શિક્ષણ અવાસ્તવિક બન્યું છે.

**(૨) લદાયેલું અનુશાસનઃ-**

મહત્ત્વાકાંક્ષા જેવું જ ઝેરીલું તત્ત્વ છે 'લદાયેલું અનુશાસન' જેની શિક્ષક તથા મા-બાપને વધુ ચિંતા હોય છે. વિધાર્થીઓના શાળામાં તથા સમાજમાં નઠારા વર્તનની અને એટલે જ કદાચ બાળકને વશમાં રાખવાનો ઉપાય યોજે છે. જે નિષેધાત્મક શિસ્ત બનીને બાળકને પરેશાન કરે છે.

જપાનમાં બનેલ એક વરવા બનાવથી આપણને આ શિસ્તની ભયંકરતાનો ખ્યાલ આવશે. જપાનની એક શાળામાં વિદ્યાર્થિની પ્રાર્થના હોલમાં માત્ર અડધી મિનિટ મોડી દાખલ થતી હતી એ જોતાં શિક્ષકે પ્રાર્થના હોલનું

જોરદાર લોખંડનું શટર નીચે સરકાવી દીધું. જેની હેઠળ એ વિદ્યાર્થિનીનું શરીર ચગદાઈ ગયું! - માનવસ્વભાવથી વિરૂધ્ધ વર્તન એટલે જ બાળકોમાં લદાયેલ કડક શિસ્ત! જે કૃત્રિમ બંધનો બાળકની સાહજિકતાને વિચ્છિન્ન કરી નાખે છે અને બાળકમાં ભય, બદલાની ભાવના, તોડફોડ, ધિક્કાર અને તિરસ્કારના ભાવ જન્માવે છે અને જતે દહાડે આ ભાવથી પ્રેરિત થઈ તે વિધાર્થી વિશ્વ માટે એક વિદ્રોહી નાગરિક બનીને ઊભો રહી જાય છે. બાળકની પ્રતિભાનાં પુષ્પને ક્રુરતાથી મુરઝાવી દેનાર 'શિસ્ત' કઈ રીતે વાસ્તવિક શિક્ષણનો ભાગ બની શકે?

**(૩) સ્મૃતિ આધારિત પરીક્ષાપદ્ધતિ તથા ગેરરીતિઓ:-**

'ન જોઈએ આ પરીક્ષાપદ્ધતિ" એવા મથાળા હેઠળ બોર્ડની પરીક્ષામાં નિબંધ પૂછાતો હોય ત્યારે વિચાર થાય કે કેવળ સ્મૃતિનાં આધારે યાદ રાખવામાં આવેલી માહિતીને ૩ કલાકનો સમયગાળામાં ઠાલવીને પોતાની જાતને ગોલ્ડ મેડાલિસ્ટ કહેનાર વિધાર્થી શું ખરેખર જે તે વિષયમાં એટલું જ્ઞાન ધરાવે છે જેટલા કે એને માર્ક્સ અપાયા છે? પ્રજ્ઞાવાન વિદ્યાર્થી પાછળ કેમ? માત્ર યાદશક્તિ જ શિક્ષણનું અંતિમ મૂલ્યાંકન શા માટે? સ્મૃતિ એ યાંત્રિક પ્રક્રિયા છે. જયારે બુધ્ધિ એ સર્જન પ્રક્રિયા છે. બુધ્ધિ એ સંભાવ્ય અભિગમ અજ્ઞાત તત્ત્વો તરફ પ્રેરિત કરતું એક જીવંત તત્ત્વ છે. તો પછી પરીક્ષાઓમાં બોધ્ધિક વિધાર્થીઓની અવહેલનાં શા માટે? પ્રથમ આવવાની ઘેલછામાં વિદ્યાર્થી ચોરી જેવા અક્ષમ્ય અપરાધોવાળો રસ્તાનો પણ ઉપયોગ કરે છે અહીં મહત્ત્વાકાંક્ષા છુપો સાથ દે છે...! તો લદાયેલુ શિસ્ત છાનીમાની ચોરી કરવાની પ્રેરણા આપે છે.

**(૪) તુલનાત્મક મૂલ્યાંકન અને ગોખણપટ્ટી:-**

ગુજરાતનાં એક નાના કસબાની શાળામાં એક બનાવ બન્યો વર્ગમાં અંગ્રેજીના શિક્ષક જે સ્પેલીંગ પૂછે એ એક છોકરાને હંમેશા આવડે જ. આથી શિક્ષણ એ એની તુલના વર્ગના એક ઠોઠ વિદ્યાર્થી સાથે કરીને રોજ એને હડધૂત કરે કે "તું આ છોકરાં જેવો હોશિયાર નથી. બાળક મૂંઝાય, લઘુગ્રંથિથી પીડાઈને જોઈ રહે પછી એક દિવસ શિક્ષક એક ઠોઠ વિદ્યાર્થીના વાલીને કહેતો હતો કે તમારા છોકરાને જેટલું અંગ્રેજી આવડવા માંડયું છે એ જોઈને હું ખૂબ ખુશ છું— બારસાખ પકડીને ઊભો કિશોર 'ગોખણપટ્ટી ઝીંદાબાદ' બોલીને બહાર છટકી ગયો! અવાસ્તવિક શિક્ષણને સમજવામાં હવે વધુ શું ખુલાસો કરવો?

**(૫) ભ્રષ્ટાચાર અને ગેરલાયક શિક્ષકો:-**

'અમે તો અમારા દીકરાને લાખ રૂપિયાનાં ડોનેશનથી મેડીકલમાં પ્રવેશ અપાવ્યો' - મેં જયારે દસ વરસ પહેલા નોકરી જોઈન્ટ કરી ત્યારે દસ હજારમાં વાત પતી હતી અને આજે મારા ભાણેજને એ જ નોકરીએ રખાવવા માટે બે-અઢી લાખની બોલી બોલાય છે. આ સંવાદો સૌને કોઠે પડી ગયા છે. શિક્ષણની રગોમાં આજે ભ્રષ્ટાચારનાં એરૂનું ઝેર એટલી હદે પ્રસરી ગયું છે કે એ વિકૃતિનાં વમળમાં સપડાઈ ગયું છે, જયાં —બસ પૈસાથી જ પેટ ભરતાં કહેવાતા શિક્ષણશાસ્ત્રીઓ શું શિક્ષણનું હાર્દ વિસરી ગયા છે? નર્સરી, સ્કૂલ, કૉલેજ, યુનિવર્સિટી, નોકરી....... દરેક જગ્યાએ ભ્રષ્ટાચાર જ ભ્રષ્ટાચાર.

ડોનેશન, નૈવેધ, લાંચ...આપીને નોકરીએ ચઢેલ શિક્ષક વિદ્યાર્થીઓમાં સંસ્કારો આપી શકે ખરો? ઓછી લાયકાતવાળા આગળ હોય ત્યારે શું એ સધન નેતૃત્વ પૂરું પાડીને સંઘ સુપેરે જાતરાએ પહોંચાડે ખરો? પોતેજ જ્યાં અધૂરિયો ત્યાં એ વિદ્યાર્થીની જ્ઞાનપિપાસા બુઝાવે ખરો? આ સિવાય પણ શિક્ષણને અવાસ્તવિક કરી દેનારા પરિબળો છે શિક્ષણના હાર્દને છિન્ન ભિન્ન કરી દઈને જીવન અને શિક્ષણ વચ્ચે જે અવિભાજ્યતા હોવી જોઈએ એના બદલે જીવન અને શિક્ષણ વચ્ચે ઊંડી ખાઈ ખોદી દે છે જે કડી ભરી ન શકાય! ત્યારે આપણે પૃચ્છા થાય કે શું એ ખાઈ પૂરી શકાય ખરી? શું શિક્ષણને વાસ્તવિક બનાવી શકાય ખરું? કઈ રીતે?

**(૬) વાસ્તવિક શિક્ષણ કઈ રીતે? એનું ધ્યેય શું?:**

**''જેમ જમીનમાં વાવેલ બીજ અંકુરિત ન થાય ત્યાં સુધી સૂર્યકિરણને પામવાની એક તીવ્રતમ પ્યાસને લઈને અંદર-અંદર પ્રસવપીડા સહન કરે છે એવું જ અવાસ્તવિક શિક્ષણથી પીડિત થયેલ માણસ ભોગવે છે અને એ પીડાને ખતમ ત્યારે કરી શકાય જયારે એને એનાં જીવનનું મૂળ ધ્યેય સમજાય જાય અને આ કામ વાસ્તવિક શિક્ષણ કરી શકે. પાશવિકપણાને નાથીને માનવીય ગુણધર્મોને પ્રકટ કરી દે એ જ કહેવાય છે વાસ્તવિક શિક્ષણ.''**

જેમાં કોઈ હરીફાઈ ન હોય, ન હોય કોઈને પાછળ રાખીને આગળ નીકળી જવાની દોડ, બીજાને ટોચ ઉપર જોઈને મનને હીનતાથી, ઈર્ષાથી ભરી દેનાર મૂલ્યાંકન પણ ન જોઈએ. કેવળ ભૌતિક સમૃદ્ધિમાં વૃદ્ધિ કરીને વધુ પામ્યાનો ઢોંગ પણ અહી અક્ષમ્ય છે. અહીં જે છે એ એક્દમ સરળ, પ્રકૃતિગત સંભાવનાઓને નિખારતું, મનમાંથી વિકારોને મીટાવતું, સર્વ પ્રત્યે સમભાવ પ્રદર્શિત કરતું, મિથ્યા વસ્તુઓને ફેંકી ચૂકેલું, અને પોતાની જાતને અતિક્રમી ગયેલું એક પરમ આનંદ અને શાંતિથી પ્રકાશિત ચેતનતત્ત્વ મનુષ્યની અંદર છે અને જે ....ચેતનત્ત્વને પ્રકટાવનાર શિક્ષણ એ જ વાસ્તવિક શિક્ષણ.

વરસોથી, સદીઓથી ચાલ્યા આવતા રિજાવો, પરમ્પરાઓ, રૂઢિઓ, માન્યતાઓને ખંડિત કર્યા વિના એને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોવાનું પણ ત્યારે જ શક્ય બનશે જયારે શિક્ષણ તમામ માટે વાસ્તવિકતાના વાઘા (વસ્ત્રો) પરિધાન કરશે. અર્થાત માત્ર સ્મૃતિને જ નહિ પણ જીવનના અન્ય પાસાઓ કે જે સ્મૃતિ કરતાં ક્યાંય વધુ મહત્ત્વ ધરાવે છે, જેવા કે ... સર્જનાત્મકતા, સદભાવ, કરુણા, સહાનુભૂતિ, પ્રેમ....એટલે કે સંપૂર્ણ મનુષ્યત્વથી સભર એક વિશ્વમાનવ જે ખરેખર જ આ દંભની દુનિયાને તિલાંજલિ આપીને જીવી શકે, ધબકી શકશે, કુદરત સાથે વાર્તાલાપ કરીને મુક્તમને હસી-હસાવી શકશે. આવા નિર્ભેળ આનંદને માણનાર એક સાચા મનુષ્યનું અવતરણ કરનાર શિક્ષણ જ સાચી કેળવણી બની રહેશે.

સોક્રેટીસે એક વાર કહેલું કે ''હું એ માણસોને શિક્ષક માનું છું જે અપ્રકટને પ્રકટ કરી દે. જેમ સુયાણી માતાને પ્રસવ કરાવીને બાળકને પ્રકટ કરે છે એવું જ કામ શિક્ષકનું છે''- અર્થાત જે કંઈ અપ્રકટ છે, જેને જાણવું જરૂરી છે પણ હજી સુધી જણાયું નથી, એવા જીવનજગત અજ્ઞાત તત્ત્વોનું પ્રાકટ્ય જીવનમાં કરી દે એ જ છે સમ્યકશિક્ષણ. એ ભલે પંખીના ટહુકામાંથી મળ્યું હોય, બસની ગીરદીમાંથી શિખ્યું હોય, રાતના અંધારામાં જોયું હોય, એ શિક્ષણ જ છે જે માણસને ભીતરથી જગાડે...બહિર્મુખ ઇન્દ્રિયોને અંતર્મુખ કરી મનુષ્યગત મૂળભૂત તત્ત્વોને ભેટો કરાવે એ જ સાચું શિક્ષણ છે.

નિત્શે હંમેશા કહેતા 'લીવ ડેન્જરસ'- ખતરામાં જીવો. આપણી કેળવણીએ આ સૂત્ર અપનાવવું પડે. બંધિયાર, અપરિવર્તનશીલ તળાવમાંથી નીકળીને આપણે અદીઠ માર્ગોએ દુગર્મ્ય પહાડો સાથે અથડાઈને આગળ વધતાં ઝરણા જેવું જીવતા શીખવાનું છે અને વાસ્તવિક શિક્ષણ આપણને જીવનની વિકૃતિઓરૂપી ખતરાઓ સામે લડીને ઝરણાની જેમાં જીવનનો માર્ગ કાઢવો કઈ રીતે? એ શીખડાવશે ત્યારે જ તેના ધ્યેયનું સાર્થકય સાબિત થશે.

આજે જરૂર ઊભી થઈ છે માનવજાતિના પુનરૂદ્ધારની- પુનનિર્માણની વિશ્વમાં આજ સુધી એનકાનેક ક્રાંતિઓ થઈ છે પરંતુ આપણે જે પામવાનું છે એ હજુ સુધી એકેય ક્રાંતિના ફળ સ્વરૂપે નથી પામ્યા. અને એટલે જ સૌની નજર ત્યાં જાય છે જ્યાંથી કશુક નક્કર પરિણામ મેળવવાની સંપૂર્ણ ખાતરીભરી ધરપત દેખાય છે. આ ક્ષેત્ર એટલે જ શિક્ષણનું ક્ષેત્ર.

## ૦૬ ભૂરી છત્રી

**રસ્કિન બોન્ડ. અનુવાદ : ડંકેશ ઓઝા**

ગતાંકથી શરૂ

૭

એ સારું થયું કે રામભરોસા પાસે હવે ભૂરી છત્રી હતી. બધાને તે કહેતો કે બિનીયા તરફથી એ ભેટ રૂપે મળી છે. હવે એ તાપમાં કે વરસાદમાં છત્રી લઈને બહાર જવા તૈયાર હતો. પરિણામે હવે તેની તબિયત પણ સુધરી હતી. ક્યારેક ડુક્કર કે બકરાંને ભગાડવા લાકડીની માફક તે છત્રીનો ઉપયોગ કરતો. દુકાનના ખુલ્લા ભાગમાં છત્રી તો ખુલ્લી પડી રહેતી. જે કોઈને જોઈએ તેને માટે તે હતી. હવે તે કોઈ એકની છત્રી ન હતી. તે બધાંની હતી. ભલે તેને થીંગડાં મારેલાં હતાં, ભલે તેનો મૂળ રંગ ઉડી ગયો હતો, તેમ છતાં ગામની સૌથી સુંદર છત્રી તો આ જ હતી.

રામભરોસાની દુકાને લોકો ફરી આવવા લાગ્યા. બિજ્જુ કે બિનીયા ચા પીવા ક્યારેક આ તરફ આવતાં તો રામભરોસા તેમની ચા માં થોડું વધારાનું દૂધ કે ખાંડ નંખાવતો. ભાળકોને પણ મીઠી અને વધુ દૂધવાળી ચાની મજા આવતી.

થોડી રાતો પહેલાં, રામભરોસાની દુકાનમાં એક રીંછ આંટો મારી ગયેલું. હિમાલયના દૂરના ઉંચા પહાડો પર બરફ પડેલો. તેથી રીંછને તેનું ભોજન મેળવવામાં મુશ્કેલી પડેલી. એ પહાડો પરથી નીચે ઉતરી આવેલું જેથી ગામમાંથી એને કંઈ મળી શકે. તે રાત્રે તે રામભરોસાની દુકાનના પતરાવાળા છાપરા પર ફરેલું. અને પાકવા આવેલું એક મોટું કોળું તે ઉઠાવી ગયેલું. પણ આમ છાપરે ચઢવામાં એના પગનો એક નખ ત્યાં પડી ગયેલો. બીજી સવારે રામભરોસાએ દુકાનના દરવાજે તે પડેલો જોયો. તેણે તે ઉઠાવીને ખીસ્સામાં મૂક્યો. રીંછના પંજાનો નહોર તો ભાગ્યશાળીને જ મળતો.

એકાદ દિવસ પછી તે જ્યારે ટાઉનના બજારમાં ગયો ત્યારે એને પોતાની સાથે લઈ ગયો અને એક સોનીને ત્યાં આપ્યો. તેને ઘડવા માટે કેટલીક સૂચનાઓ આપી. સોનીએ તેને એક લોકેટમાં મઢી દીધો. અને ચાંદીની પાતળી ચેઈનમાં ભરાવી પાછો આપ્યો. રામભરોસાએ બીજી મુલાકાત વખતે તે મેળવી લીધો. એ કામ બદલ સોનીને દસ રૂપિયા આપ્યા.

દિવસો હવે ટૂંકા થતા જતા હતા. બિનીયા રોજ સાંજે ઘરે વહેલી પહોંચી જતી. એક ભૂખ્યો ચિત્તો ગમે ત્યાં ભટકતો રહેતો. તેથી તેની ગાયોને સાંજ પછી બહાર રાખવી સલામતભર્યું ન હતું. એક દિવસ બિનીયા રામભરોસાની દુકાન પાસેથી ઝડપથી પસાર થઈ રહી હતી, આ વૃદ્ધ ડોસાએ તેને બૂમ પાડી: ''બિનીયા એક મિનિટ ઊભી રહે! મારે તને કંઈક બતાવવું છે.''બિનીયા દુકાનમાં ગઈ અને રામભરોસાએ તેને ચાંદીની એઈનમાં ભરાવેલું પેલું પેન્ડલ બતાવ્યું અને પૂછયું: ''તને કેવું લાગ્યું?'' બિનીયાએ પેન્ડલને ચાંદીની ચેઈનને હળવે સ્પર્શ કરી જોયો અને કહ્યું : ''આ તો બહુ સરસ છે.'' રામભરોસાએ કહ્યું: ''આ તો રીંછનો નખ છે.'' તારે તે જોઈએ છે? એ તો ચિત્તાના નખ કરતાંય ભાગ્યશાળી ગણાય.''

બિનીયાએ કહ્યું 'પણ મારી પાસે કંઈ પૈસા નથી.', ''કંઈ વાંધો નહિ તેં મને છત્રી આપી છે, હું તને આ આપીશ. ચાલ જોઈએ એ તને કેવું લાગે છે?'' રામભરોસાએ બિનીયાને તે આપ્યું અને તે બિનીયાના ગળામાં ખૂબ શોભતું હતું. રામભરોસાને લાગ્યું કે તે પહેરીને દુકાનમાંથી દોડતી જતી બિનીયાના ચહેરા પર એણે જે સ્મિત જોયું એ કદી ભૂલી નહિ શકે. તે ગીત ગણગણવા લાગી. મા અને બેટાને પણ બિનીયાનો ગણગણાટ સંભળાયો અને લાગ્યું કે તે સલામત છે અને નજીકમાં જ છે. મેદાનના ઘેરા વૃક્ષોની છાયા તળેથી તે ઘર તરફ ચાલી રહી હતી. તારાઓના ગીત ગણગણતી હતી. વૃક્ષો સ્થિર ઊભાં રહીને એને સાંભળી રહ્યાં હતાં અને દૂરના પહાડો આનંદિત જણાતા હતાં.

(સમાપ્ત)

## ૦૭ કથા : આશા અને વિકાસની

**બિંદુ -પાર્થેશ**

---

**૧- અજાણી કેડીએ:**

સવારનો સમય છે. ખેતરો વચ્ચેના સાંકડા રસ્તા પરથી સ્કૂટર પર એક દંપતી પસાર થઈ રહ્યું છે. ખૂબ સંભાળીને ચલાવવા છતાં રસ્તા પરના મોટા મોટા ગાબડાના કારણે સ્કૂટર પછડાઈ રહ્યું છે. સાથોસાથ સ્કૂટર પર બેઠેલ આશાનું હૃદય પણ ઉછળી રહ્યું છે. કેવી હશે શાળા?બાળકો કેવા હશે?

ગામ વિશે જે કંઈ સાંભળ્યું છે તેમાં કશું સારું તો ન કહી શકાય. તો પછી કામ કરવું ફાવશે? આવા વિચારોથી તેના ધબકારા વધી રહ્યા છે.

અંતે શાળાના મકાને પહોંચ્યા. આગળ થોડા ભાગમાં વરંડો હતો પણ દરવાજો ન હતો. અંદર બે ખખડધજ પાકા રૂમ હતા. બાજુમાં sintex કંપનીનો બનેલો એક ખંડ હતો. એ બે વચ્ચે નાની પરબ દેખાઈ. બગીચાના નામે બે નાની લીમડી જે કદાચ એકાદમાસ પહેલા જ રોપેલી હોય તેવું લાગી લાગ્યું. બાકી આખા મેદાનમાં બસ ઘાસ જ ઘાસ. પાછળ મુતરડી જેવું કશું દેખાયું. આશા જોવા ગઈ. પરંતુ, વચ્ચે ઉગેલા ઝાંખરાંઓએ સાડી પકડી રાખી, તેને જવા ન દીધી. અંતે તેના પતિ વિકાસે તપાસ કરી કહ્યું કે,'' મુતરડી છે કે સંડાસ તે ખબર નથી પડતી કારણ કે અંદર ખૂબ કચરો ભરાઈ ગયેલો છે.'' આશાએ એક નજર આખાય પરિસર પર ફેરવી. ઉછળતા હૃદયના ધબકારાની ગતિ તો ક્યાંરની મંદ પડી ગઈ હતી. આંખોમાં આશ્ચર્યની જગ્યાએ અકળામણ આવી ગઈ હતી. એકવાર મનઃ પટ પર અત્યાર સુધીમાં જે જે શાળામાં નોકરી કરી હતી તે એક પછી એક પસાર થવા લાગી. સુંદરતા, સફળતા, સંતોષ.... એક એક શાળાના ચિત્રમાં નીતરતા હતા..... અને આ શાળા?

અહીં તો બધામાં શૂન્યથી શરૂઆત કરવાની હતી. તેણે પોતાની ડાયરીમાં નોંધ કરી.

(૧) ઝાળાં ઝાંખરાં કઢાવવા.

(૨) મુતરડીની સફાઈ કરી ઉપયોગ ચાલુ કરાવવો.

(૩) વર્ગખંડોને ચૂનો કરવો.

(૪) બગીચો બનાવવો.

શાળામાં હાજર થવાની વિધિ નિવૃત્ત થતા આચાર્યે કરી. છેલ્લે ઉમેર્યું,

''નિરાંતે આવવાનું, મન થાય ત્યારે જતા રહેવાનું. આ શાળાને કોઈ એવોર્ડ આપી નથી દેવાનું. ''

આજ સુધી નિષ્ઠાથી કામ કરેલ આશાને આ વાક્યથી પગથી માથા સુધી આગ લાગી ગઈ. મોંએથી કશું ન બોલી. પરંતુ, મનમાં જ મક્કમ નિર્ણય લઈ લીધો,

''હવે તો આ શાળાને એવોર્ડ લેવડાવીશ જ.'' તે દિવસે એ પોતાના ઘરે પરત ફરી.

(આ શાળાને 'શાળા ગુણવત્તા એવોર્ડ' મળી ચૂક્યો છે.)

**૨-શાળામાં પહેલો દિવસ**

એ...... રાકલાને....સંજલાને.... અને બચૂડીયાને નેહાળ્યે મોકલજો! રસ્તે પસાર થતાં માણસને આચાર્યા એ સાદ પાડ્યો.ગઈકાલે આશા જેની પાસે હાજર થઈ હતી તે મહાશય તે જ દિવસે નિવૃત્ત થઈ ગયા હતા. આજથી આ બેન નવા આચાર્યા હતા. નિવૃત્ત થતા પહેલા તે મહાશય સમજાવતા ગયા હતા કે,

''ઠાકયડાનાં સોકરાઓને ભણાવાના નય. નકર આપણા ભાજ્યા કુણ થાહે.''

પણ આ આચાર્યાએ તો બાળકોને શાળામાં મોકલવા પેલા ગ્રામજનને સાદ પાડ્યો.થોડી વારમાં ચડી- બુશર્ટ પહેરેલા ત્રણ છોકરાઓ ખભ્ભે થેલી નાખી શાળામાં આવ્યા. તેઓ ક્યાં ધોરણમાં ભણે છે? તેમાં કેટલા વિષય હોય? આ બધાથી તેઓ અજ્ઞાત હતા. એટલું સારું હતું કે

નવા આચાર્ય અહીં છ મહિના પહેલાં બદલી કરીને આવેલા. તેણે બાળકોને એક પ્રાર્થના, સો એકડા અને કક્કો શીખવી દીધેલ. બસ અહીંથી નવી શાળામાં આશાએ કામ શરૂ કરવાનું હતું.

**૩- નવા આચાર્ય :**

'બોઘારા લાયા?

નહીં લાયા?

ઓકા પડો.'વર્ગખંડની ઓસરીએ ઊભા રહી આચાર્યાએ મેદાનમાં ઊભેલા આઠ દસ બાળકોને આદેશ આપ્યો.ગઈ કાલે બાળકોને ઘરેથી બોઘારા (સાવરણા) લાવવા કહેલું. બાળકો ભૂલી ગયેલા. શું તેથી બાળકોને નવા આચાર્યાએ 'ઓકા પડવા (વાંકા વળવા) કહ્યું?'

આશા હજુ કંઈ સમજે તે પહેલાં તો બાળકો એક હરોળમાં વાંકા વળી ગોઠવાઈ ગયા. સાવરણાની બદલે આંગળાથી મેદાન સાફ કરી દીધું! આશા સમજી ગઈ કે તેના નવા આચાર્યા કંઈક અલગ જ છે.

( આજે શાળા સાધન સંપન્ન છે.)

**૪- ગામમાં ગયા :**

બેન, ગામ કંઈ બાજુ છે? આશાએ આચાર્યાને પૂછ્યું. 'આ બાજુ છે એવું કહે છે.' આચાર્યાએ પશ્ચિમ દિશા ચીંધતા કહ્યું.સીન્ટેકસના વર્ગખંડની બારીએ ઊભા રહીને આશાએ પશ્ચિમ દિશા તરફ નજર નાખી. દૂર એક મકાન દેખાયું. ગામ નહીં. રજિસ્ટરમાં ૬૬ બાળકો દેખાડતા હતા પણ શાળામાં તો માત્ર આઠ દસ જ આવતા. બાકીના ક્યાં? કાલે શોધવા જવા પડશે. જે શાળામાં એ નોકરી કરીને આવી હતી ત્યાં તેની પાસે એક ધોરણમાં ૬૬ બાળકો હતા અને અહીં આખી શાળાના ૬૬! બીજી દિવસે ગામમાં ગયા. કાચો રસ્તો. તેની બંને બાજુ છૂટક છૂટક નાના મકાન. એ પણ આવાસ યોજનામાં બનેલી ઓરડીઓ. સરકારી સુવિધાના નામે એક હવાડો. બજારના નામે એક ગલ્લો. આ સિવાય નજર નાખો ત્યાં ગરીબી છલકાતી હતી. પણ દરેક ઘરે આવકારમાં આત્મીયતા અને આનંદ છલકાતા હતા. ઘણા વર્ષે કોઈ શિક્ષક ( શિક્ષિત) તેમના ઘરે આવ્યા હતા.ઘરે ઘરે તપાસ કરતા ખબર પડી કે કેટલાક બાળકો શાળાએ આવતા નથી.કેટલીક દીકરીઓ પરણીને સાસરે જતી રહી છે. કેટલાક પાંચ વર્ષથી નાના હોવા છતાં ભૂતપૂર્વ આચાર્યએ દાખલ કરી દીધા છે. તો કેટલાક ભૂતિયા બાળકો છે. એટલે કે એવા કોઈ બાળક અસ્તિત્વમાં જ નથી.બધું ઠીક ઠાક કર્યું તો ૬૬ માંથી ૩૫ બાળકો રહ્યા! બાકીના કમી કર્યા.

( આજે આ ગામમાં પાકા અને સુવિધાવાળા મકાનો બની ગયા છે. કેટલાક બની રહ્યા છે. શાળામાં બાલવાટિકાથી લઈને આઠમાં ધોરણના કુલ ૬૦ બાળકો છે. આ સત્રથી પાંચ શિક્ષકો છે. )

**૫- વિપુલ અને અરીસો**

એ શું કરે છો? બહુ હુશિયારી નહીં કરવાની હો! તું સુ કોણ ઈ કે ને? ચોથા ધોરણમાં ભણતો વિપુલ અરીસા સામે ઊભો રહી પોતાના જ પ્રતિબિંબને પૂછી રહ્યો છે.આશાએ જોયું કે ગરીબ ગામમાં કોઈના ઘરે મોટો અરીસો નથી. તો તેણે ચાર ફૂટ મોટો અરીસો ખરીદ્યો. તેના સ્ટેન્ડમાં દાંતિયો, માથામાં નાખવાનું તેલ, આંજણ, પાઉડર, નેઈલ કટર અને લિપસ્ટિક મૂક્યા.જે દીવાલે લગાવ્યો ત્યાં નીચે ઈંટોના બે પગથિયાં મૂકી તેને લિપી લીધા. જેથી નાનું બાળકપણ પોતાનું આખું પ્રતિબિંબ જોઈ શકે અને સ્ટેન્ડમાં મૂકેલ પ્રસાધનો વાપરી શકે.ગામવાળાને ખેતરે જતાં શાળા રસ્તામાં પડે. શાળામાં થઈ રહેલા નીત નવા ફેરફારો જોવા ડોકિયું કરતાં જાય. નવ યુવતીઓ તો અરિસાના સ્ટેન્ડમાં મૂકેલ સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ કરી તૈયાર થઈને પછી ખેતરે જતી. આજે વિપુલ રિશેશમાં પોતાના ચહેરા પર પાઉડર લગાવી, આંખમાં આંજણ આંજી, ખભ્ભે ખેસ નાખી પોતાના પ્રતિબિંબ સાથે વાતો કરતો હતો. આ જોઈ આચાર્યા અને આશાની આંખોમાંથી હરખ છલકાઈ ઉઠ્યો.

( દરેક ઘરે સુવિધા વધવાથી અરીસા સાથેનો એ નાતો બાળકો અને ગ્રામજનોનો તૂટી ગયો છે.)

**૬- પ્રાર્થના વન :**

આજે બધા બાળકો શાળાની પાછળના ભાગમાં જઈને

ઊભા છે. ગામની સીમમાં રહેતા રાજુભાઈએ આશાના કહેવાથી શાળાની પાછળના ભાગમાં ટ્રેકટરની મદદથી ઝાળા ઝાંખરા કાઢી નાખ્યાં છે. બાળકોને પહેલીવાર પગ મૂકવાં જેવો આ ભાગ થયો છે. તે દિવસથી રોજ બપોરે બાળકો અને શિક્ષકો એ ભાગમાં દાતરડી અને કોદાળીથી સાફ સફાઈ કરવા લાગ્યા.વન વિભાગે આપેલા છોડ વાવ્યા. અડધો ભાગ મેદાન બનાવવા ખાલી છોડી દીધો. બાળકોએ એક એક છોડ દત્તક લીધું. રિશેશમાં તેઓ પોતાના છોડ સાથે રહેતા. છોડને લગતું કામ કર્યા કરતા. પણ જિદ્દી ઝાડી ઝાંખરા ફરી ફરી ઉગી જાય.દરેક બાળકના હાથમાં એક બે ફોડલા પડી ગયા હતા.આચાર્યા ને ચિંતા થઈ. બાળકના હાથમાં ફોડલા જોઈ વાલી ફરિયાદ કરશે તો? આશાએ પોતાના બંને હાથ આચાર્ય સામે ધરતાં કહ્યું , ‘ બેન, તમારા હાથ ધરો તો?’ બંનેના હાથમાં પાંચ છ ફોડલા હતા. આશા હસીને કહે, ‘આપણે આપણા હાથ તેમને બતાવી દેશું.’બદલીનો ઓર્ડર આપતી વખતે જે ગામને અધિકારીઓએ ‘નીચ ’ કહ્યું હતું તે એટલું ભલું હતું કે એક પણ વાલીની ફરિયાદ ન આવી.

(આજે શાળાનો એ પાછળનો ભાગ ખૂબ રળિયામણો છે. જેના નામનું જે ઝાડ હતું તે આજે પણ તેમના નામનું જ છે. હા, જે ઝાડ કોઈ કારણોસર બળી / ઊખડી ગયાં તેની જગ્યાએ નવા છોડ વવાયા છે. એ જગ્યા આજે પ્રાર્થના વન તરીકે ઓળખાય છે.)

**કાં તો ગુરુને છોડી દો, કાં તો ગુરુ ઉપર બધું છોડી દો.**

સદ્‌ગુરુ આપણી ચેતનાને સુરક્ષિત રાખવા માટે કયારેક સપનાં પણ તોડી નાખે છે.

ગુરુ જ એક એવું સ્થાન છે, જે આપણી બધી નબળાઈઓને ભૂલીને આપણો સ્વીકાર કરે છે, આપણને ગોદમાં લે છે અને પ્યારથી ભરી દે છે. ગુરુની પાદુકાની પોતાની એક મહેક હોય છે. સદ્‌ગુરુ મનના જ્ઞાતા પણ છે અને નવા મનના નિર્માતા પણ છે. સદ્‌ગુરુ પોતે દુઃખી થાય પણ એ કોઈને દુઃખી ન કરે. અને બગીચામાં જ રહે પણ એકેય પાંદડું તોડે નહીં. ફૂલને મૂરઝાવા ન દે આપણી વચ્ચે જ રહે પણ આપણું શોષણ ન કરે. ગુરુ પાસેથી આપણે એક રત્ન પણ મળે તો આપણે ‘ભારતરત્ન’ નહીં ‘બ્રહ્માંડરત્ન’ બની જઈએ પણ જીવનમાં ગુરુ વિચારીને બનાવજો. ગુરુ બનાવવામાં ઉતાવળ ન કરવી. ગુરુના જ્ઞાન અને એમની ઉપલબ્ધિનો અંદાજ એમના શિષ્યની સ્થિતિ પરથી આવી શકે છે.

ગુરુ તો આપણો ગોવાળ છે. ગુરુ પોતાની પાસે નવ વસ્તુ રાખે છે અને નવ પૂર્ણાંક છે. એનો મતલબ કે એમની પાસે બધું છે. ગુરુદ્વારે જઈએ ત્યારે કંઈક જુદા જ હોઈએ છીએ અને પાછા ફરીએ છીએ ત્યારે વળી કંઈક જુદા જ હોઈએ છીએ. ફકીરતો કબીરની જેમ ચોકમાં બેઠો છે, જે ઈચ્છે એ એનો દીવો જલાવી લે. ગુરુ ખુલ્લો ખજાનો છે. ગુરુ આપતા નથી, ઉદ્‌ઘાટિત કરે છે. એ કહે છે, જોઈ લે, મારામાં જે લખ્યું એ ઓલરેડી તારી તિજોરીમાં છે. હું મારાં પાનાં ખોલીને તારું આવરણ હટાવું છું. તને મારી સંપદા દેખાશે.

(મોરારિબાપુ)

---

એક છેવાડાની વ્યકિત કોઈ સંત પાસે ન જઈ શકે પરંતુ સંતે તો એની પાસે જવું જોઈએ, એને કોણ રોકે છે? સાધુ મુકત પંખી હોવા જોઈએ. જે કથા છેલ્લા માણસ સુધી ન પહોંચે એ કથા નથી, સમાજ માટે મોટી વ્યથા છે. ગરીબની ઝૂંપડીએ જઈએ ત્યારે તીર્થયાત્રા કરીએ એવો આનંદ થવો જોઈએ.નાનામાં નાના માણસ સુધી પહોંચવાનો શિવસંકલ્પ એ વિષ્ણુપૂજા છે.

(મોરારિબાપુ)

## ૦૮ લોકભારતી અધ્યાપનમંદિર : એક યાત્રા

**શ્રી જગદીશગિરિ ગોસાઈ**

આજે લોકભારતી અધ્યાપનમંદિરને ૭૫ વર્ષ પુરા થયા અને ૭૬માં વર્ષમાં મંગળમય પ્રવેશ કરે છે ત્યારે આ અમૃતમહોત્સવ વર્ષના અધ્યાપનમંદિરની યાત્રા કઈ રીતે થઈ તેના લેખાજોખા લખવાનું મન થયું. લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો ઉદ્દેશ છે ગ્રામનેતાગીરીનું નિર્માણ કરવું. ગ્રામસમાજમાં નિર્ણાયક ભાગ ભજવનાર ત્રણ હોદ્દેદાર છે.

(૧) પ્રાથમિકશાળાનાં શિક્ષકો

(૨) સરપંચ અને ગ્રામપંચાયતનાં મંત્રી

(૩) ગ્રામસેવક

જો આ ત્રણે મોરચા બરાબર સંભાળવામાં આવે તો ગ્રામસમાજના ઉત્થાનમાં ઘણી ગતિ આવી શકે. આથી લોકભારતીની સ્થાપના પહેલાં ૧૯૪૮માં ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા ખાતે અધ્યાપનમંદિરની સ્થાપના કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર રાજયના તત્કાલીન મુખ્યપ્રધાન સ્વ.શ્રી ઢેબરભાઈએ શ્રી નાનાભાઈ ભટ્ટને (એ વખતે તેઓ કેળવણી પ્રધાન હતાં) આદર્શ શિક્ષક સમાજને મળી રહે તે હેતુસર અધ્યાપનમંદિર તમે ચલાવો એવી આગ્રહ ભરી વિનંતી કરી અને નાનાભાઈએ આ કામ શ્રી મનુભાઈ પંચોળીને સોપ્યું. લોકભારતી અધ્યાપનમંદિર પ્રથમ ગ્રામદક્ષિણામૂર્તિ અધ્યાપનમંદિર તરીકે ૧૯૪૮ના ઓગષ્ટ માસમાં સોનગઢના પ્રાંત બંગલામાં, સૌરાષ્ટ્ર રાજયના તત્કાલીન મુખ્યપ્રધાન સ્વ.શ્રી ઢેબરભાઈના શુભ હસ્તે ઉદઘાટિત થયું. બીજા સત્રમાં આંબલાના આંબાવાડિયામાં ફેરવવામાં આવ્યું. નિવાસ માટે ગાર,માટીના ઝૂંપડા બનાવેલાં અને વર્ગો માટે તંબુ ઊભો કરેલો. આંગણામાં સરસ મઝાની રંગોળીઓ અને ઝાડ પર પંખીઓના કલશોર. આવા વાતાવરણમાં કુદરતના ખોળે અધ્યાપનમંદિર ચાલે. વરસાદી વાતાવરણમાં આ અધ્યાપન ફરી સોનગઢ ચાલે અને અનુકૂળ વાતાવરણમાં આંબલા ચાલતું.

પરિવાર ભાવનાવાળું છાત્રાલયજીવન, ગ્રામાભિમુખ જીવનપ્રણાલી, બાલપ્રેમ આધારિત તાલીમ એ તેની વિશેષતાઓ. સૌરાષ્ટ્ર સરકારે અભ્યાસક્રમ અને પરીક્ષણોમાં સ્વાયત્તતા આપી હતી એટલે એ વિશેષતાઓ ઉપર કળશ ચડયો.

લોકભારતી ૧૯૫૩માં શરૂ થઈ. તે પછી તે ઉચ્ચશિક્ષણની સંસ્થા હોવા છતાં અધ્યાપનમંદિરની પ્રવૃત્તિની મહત્તા સ્વીકારીને આંબલાની લોકશાળા સિવાયની અન્ય પ્રવૃત્તિઓ લોકભારતી સંસ્થાના પ્રાંગણ પર લઈ જવી તેમ નકકી થતાં અધ્યાપનમંદિરને જૂન ૧૯૫૪થી લોકભારતીમાં સ્થાન મળ્યું અને તેને લોકભારતીના પારિવારિક જીવન અને વાતાવરણનો લાભ મળ્યો. શિક્ષણમાં અતિ સંવેદનશીલ અને ફળદાયી ગાળો પ્રાથમિક શિક્ષણનો છે. તેમાં ઉત્તમ શિક્ષકો હોય તો વિદ્યાર્થીના ચારિત્ર્યઘડતરનો પાયો યોગ્ય રીતે બંધાઈ શકે, માટે લોકભારતીએ પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમ ઉપર પ્રથમથી જ ધ્યાન આપ્યું હતું. વળી, પ્રાથમિક શાળાની કક્ષાથી જ બુનિયાદી કેળવણીનાં પાયાનાં તત્ત્વોનો વિનિયોગ કરવો હોય તો તેની તાલીમ પામેલા શિક્ષકો હોવા જોઈએ.

આ માટે પ્રયોગશીલતા આવશ્યક ગણાય. પ્રયોગશીલતા માટે સ્વાયત્તતા જરૂરી ગણાય. સૌરાષ્ટ્ર અને ગુજરાત રાજયના શિક્ષણ વિભાગે લોકભારતી અધ્યાપનમંદિરની સ્થાપનાથી પ્રવેશ ધોરણો ઠરાવવાની, શિક્ષણ પદ્ધતિઓ ઠરાવવાની, અને પરીક્ષા લેવાની સ્વાયત્તતા આપેલી. છેલ્લા ૭૫ વર્ષથી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને લોકભારતી સંસ્થા જ પ્રમાણપત્ર આપે છે. તેને નોકરી માટે સરકારે માન્યતા આપેલી છે.

બુનિયાદી શિક્ષણ માટેના શિક્ષકો તૈયાર કરવાના હોવાથી લોકભારતી અધ્યાપનમંદિરમાં પરિશ્રમ,

સમૂહજીવન, સહશિક્ષણ, સમાજસેવા, સેવા વિસ્તરણ કાર્ય, સતત અને સળંગ મૂલ્યાંકન વગેરેને મહત્ત્વનું સ્થાન મળેલું છે. ઉદ્યોગ તરીકે કાંતણ અને ખેતીને સ્થાન અપાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી કમ્પ્યુટરશિક્ષણ ફરજિયાત બનાવાયું છે. વિદ્યાર્થીઓ પોતાને જરૂરી કામ જેમ કે-ચિત્ર સ્કેન કરવું, પત્ર તૈયાર કરવો, અહેવાલ લેખન કરવું, પત્રકો તૈયાર કરવા, વર્ગશિક્ષણમાં જરૂરી સ્લાઇડ તૈયાર કરવી, વગેરે જેવાં કાર્યો ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકે છે. તેની પરીક્ષા પણ લેવામાં આવે છે.

અધ્યાપનમંદિરના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં તાલીમાર્થી ભાઈઓને શેત્રુંજય ડેમમાં એક વર્ગ શરુ કરવામાં આવ્યો. આમ એક વર્ગ લોકભારતીમાં અને એક વર્ગ શેત્રુંજય ડેમમાં ચાલતો. ત્યાં પ્રદૂષિત વાતાવરણ થતાં આ વર્ગને સને ૧૯૮૬માં મનુભાઈ પંચોળીએ માઈધાર ગામે સંસ્થામાં લઈ ગયા. માઈધાર અધ્યાપનનો એક વર્ગ આવતા લોકભાગીદારી અને વિસ્તરણના કેટલાક કાર્યને ખૂબ વેગ મળ્યો હતો. માઈધારમાં સને ૨૦૦૦માં પાણીના પ્રશ્નની સમસ્યા થઈ. અને ત્યાં જે વર્ગ ચાલતો તે વર્ગને સને ૨૦૦૦માં લોકભારતીમાં સમાવેશ કરાયો અને બન્ને વર્ગ લોકભારતીમાં રહીને તાલીમ લેતા થયા.

આ સમયે ૪૦ના બે વર્ગો એમ ૮૦ની તાલીમાર્થીઓની સંખ્યા હતી. જ્યારે ૨૦૦૦મા આ ઈન્ટેક વધીને તાલીમાર્થીઓની સંખ્યા ૫૨ ના બે વર્ગ એમ ૧૦૪ની સંખ્યા થઈ. સને ૨૦૨૦માં તે ઈન્ટેક વધીને ૧૨૫ની થઈ.

આ વિભાગની વિશેષતાઓ નીચે મુજબ છે.

**(૧) સમૂહજીવનઃ** સમગ્ર ગુજરાતમાં આ એક માત્ર અધ્યાપનમંદિર હતું જેમાં સહશિક્ષણ અને છાત્રાલયજીવન અનિવાર્ય ગણવામાં આવ્યું છે. આજે જી.સી.ઇ.આર.ટી.એ સ્વનિર્ભર પી.ટી.સી. કૉલેજોમાં સહશિક્ષણ ફરજિયાત બનાવ્યું છે. લોકભારતીએ વર્ગશિક્ષણ અને સમૂહજીવનને કદી છૂટાં પાડયા નથી. વિદ્યાર્થીના ચારિત્રઘડતર માટેની ઉત્તમ તકો સમૂહજીવન માંથી મળે છે. વિદ્યાર્થીઓ છાત્રાલયની તમામ જવાબદારીઓ ઉપાડે છે આના કારણે તેમનું ઘડતર વિશેષભાવે થાય છે. શિક્ષક-વિદ્યાર્થીના આત્મીય સંબંધો વિકસે છે. શિક્ષકોનું મમતાભર્યું માર્ગદર્શન મળે છે.

**(૨) સમાજસેવાઃ** અધ્યાપનમંદિર દ્વારા સમાજસેવાના વિવિધ કાર્યક્રમો થાય છે. જેવા કે ગ્રામ સફાઈ, ગ્રામશિબિર, ગ્રામસભા, પોલીયો રસીકરણમાં ભાગીદારી, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનમાં ભાગીદારી, વાવાઝોડું, ભૂકંપ , સુનામી, દુષ્કાળ, રેલ જેવી કુદરતી આફતોમાં રાહત કાર્ય, રકતદાન કેમ્પ, દંતયજ્ઞ આવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ આજ સુધીમાં પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**(૩)સમાજોપયોગી ઉત્પાદક ઉદ્યોગઃ** સમજપૂર્વકનો ઉત્પાદક પરિશ્રમ આનંદદાયી અને ફળદાયી બને છે. કાંતણ ઉદ્યોગમાંથી પણ દરેક વિદ્યાર્થી પસાર થતા હતા. આજે કમ્પ્યૂટર શિક્ષણ ફરજિયાત બનતા અંબર ચરખો કાંતવાનો અનુભવ નહિવત્ મળે છે. બદલાતા સંજોગો મુજબ તેના સ્વરૂપમાં ફેરફાર થયા કર્યા છે. જેવાં કે ગ્રામસફાઈ, ગ્રામસુશોભન, સૂત્રલેખન, શ્રમયજ્ઞ, ગ્રામશિબિર, પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમો, અંધશ્રધ્ધા નાબુદીના કાર્યક્રમો, સ્વચ્છતા અભિયાન, સાક્ષરતા અભિયાન, નિદાન કેમ્પો, પોલિયો રસીકરણ, વિવિધ પ્રકારના સર્વેક્ષણ, બાલઆનંદમેળા, વિજ્ઞાનમેળા, જેવા કાર્યક્રમોનું આયોજન વિદ્યાર્થીઓ અને અનુભવી અધ્યાપકો મળીને કરે છે. આથી આસપાસના ગામોની શાળાઓ સાથે એક પ્રકારનો પરિવારભાવ પેદા થયો છે. કોઈ પણ કાર્યક્રમો શાળાઓના શિક્ષકો અને અધ્યાપનમંદિર પરિવાર સાથે મળીને યોજે છે.

**(૪) અભ્યાસક્રમના ભાગરૂપે બાલવાડી શિબિરઃ** છેલ્લાં ૫૨ વર્ષથી અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ માટે બાલવાડી શિબિરનું આયોજન થાય છે. આ પ્રકારનો કાર્યક્રમ યોજાતો હોય તેવું આ એક માત્ર અધ્યાપનમંદિર છે. સાત દિવસ સુધી તાલીમાર્થી વિવિધ પ્રકારની શાળાઓ બાલશાળા, સંગીતશાળા, વિજ્ઞાનશાળા, નાટયશાળા, રમતશાળા, સર્જનશાળાઓમાં વિવિધ પ્રકારના કૌશલ્યો શીખે છે. તેમની સાથે પ્રાથમિકશાળાનાં બાળકો પણ જોડાય છે. બીજા વર્ષના વિદ્યાર્થીઓ સમગ્ર શિબિરનું સંચાલન કરે છે. જ્યારે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ, તાલીમાર્થીઓ તરીકે

દરેક શાળાઓમાં અનુભવ મેળવે છે. દરરોજ અનુભવી તજજ્ઞો દ્વારા બાલ માનસને સંલગ્ન વાર્તાલાપ યોજાય છે. લોકભારતી અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓને બાલગીતો, બાલવાર્તા-બાલનાટકોમાં પ્રતિબદ્ધ બનાવવામાં તથા આત્મવિશ્વાસ કેળવવામાં આ શિબિરનો અનન્ય ફાળો છે. આ શિબિર પરથી ગુજરાત સરકારે આખા ગુજરાતમાં પ્રાથમિકશાળામાં બાળમેળો તરીકે ઉજવી રહી છે. જે આ અધ્યાપનમંદિરની ફલશ્રુતિગણી શકાય.

**(૫) અનુબંધિત શિક્ષણ ગ્રામસેવા અને વિસ્તરણ કાર્યક્રમોઃ** તાલીમાર્થીઓ જે શૈક્ષણિક વિચારો અને સિદ્ધાંતો ભણ્યા તેનો વ્યવહારમાં અમલ કરે ત્યારે જ તેનો સાચો અનુબંધ થયો ગણાય. આ માટે સતત શિક્ષણ માટે પંદર દિવસ જાય છે તેમાં શાળાની તમામ જવાબદારી ઉપાડે છે, સંચાલન કરે છે, પ્રશ્નો અને તેના ઉકેલો સમજે છે. ગ્રામવિસ્તારમાં ચાલતી પ્રગતિશીલ શાળાઓનો અભ્યાસ અને પંદર દિવસ શાળાના કામનો અનુભવ લેતાં લેતાં કામ માટેનો આત્મવિશ્વાસ કેળવવાની તકો આ કાર્યક્રમ દરમ્યાન તાલીમાર્થીને સાંપડે છે. નિષ્ઠા અને દ્રષ્ટિવાળા શિક્ષકો સાથે વાર્તાલાપ યોજીને સિદ્ધાંત અને વ્યવહારને સાંકળવાનો સભાન પ્રયાસ કરવામાં આવે છે.

વિવિધ દિવસની ઉજવણી જેવી કે પર્યાવરણદિન, રાષ્ટ્રીય વિજ્ઞાનદિન, શિક્ષકદિન, હિરોશિમાદિન જેવાં કાર્યક્રમો શાળાની સાથે રહીને મનાવે છે. આ દરેક કાર્યક્રમોમાં તાલીમાર્થીઓ આયોજન-અમલ-મૂલ્યાંકનની પ્રક્રિયામાંથી પસાર થાય છે.

**(૬) શૈક્ષણિક સાધન...સાહિત્યનિર્માણઃ** પ્રાયોગિક પાઠો દરમ્યાન જે જે સાધનોની જરૂરિયાત ઊભી થાય તે સાધનો તાલીમાર્થીઓ જાતે બનાવી લે છે. વિવિધ ચાર્ટસ, ચિત્રો, નકશાઓ, વર્કીંગ મોડેલ, સંગ્રહપોથી, વિવિધ વિષયના અંકો બનાવવા, પ્રદર્શન તૈયાર કરવું વગેરે જેવી અધ્યયન-અધ્યાપનસામગ્રી નિર્માણ કરવાનું કામ અહીંના તાલીમાર્થીઓ સસ્તી રીતે અને જાતે તૈયાર કરે છે. જે પ્રાયોગિક પાઠો અને સતત શિક્ષણ ઉપયોગી બને છે.

**(૭) સતત સળંગ મૂલ્યાંકન :** વર્ષમાં સમયાંતરે વિષયલક્ષી શિક્ષણનું સતત મૂલ્યાંકન થતું રહે છે. લોકભારતી અધ્યાપનમંદિર જ માર્કશીટ આપે છે. ગ્રેડપદ્ધતિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જી.સી.ઇ.આર.ટી. દ્વારા સમગ્ર ગુજરાતમાં તાલીમભવનો અને અધ્યાપનમંદિરોમાં જે જે કાર્યક્રમો- જે જે બાબતો તાજેતરમાં ફરજિયાત અમલી બનાવાઈ રહી છે તે બાબતો આ અધ્યાપનમંદિરમાં શરૂઆતથી જ અમલી છે ! ગ્રેડ પદ્ધતિ શરૂઆતથી જ છે.

**(૮) અધ્યયન પ્રક્રિયા :** મૂળે સૌરાષ્ટ્ર રાજયે, પછી ગુજરાત રાજયે અધ્યયન પ્રક્રિયા અંગે લોકભારતી અધ્યાપનમંદિરને સ્વાયત્તતા આપેલી છે. સરકારના શિક્ષણ વિભાગે નિયત કરેલ અભ્યાસક્રમ ઉપરાંત જરૂરી મુદ્દાઓ તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓને અહીં સમાવવામાં આવે છે. અભ્યાસક્રમને કેન્દ્રમાં રાખી જૂથકાર્ય, પ્રોજેકટ પદ્ધતિ, પરિસંવાદ, ચર્ચા, વ્યાખ્યાન, સ્વાધ્યાય જેવી પદ્ધતિઓ અને પ્રયુકિતઓનો ઉપયોગ અહીં કરવામાં આવે છે.

પ્રાર્થના સંમેલનની પ્રવૃત્તિને વિશેષ રીતે યોજવામાં આવે છે. દરેક તાલીમાર્થીઓને તેમાં બાલગીત, બાલવાર્તા, સુવિચાર, સમાચાર, વકતવ્ય,પુસ્તકસમીક્ષા વગેરે આપવાની તાલીમ અપાય છે.

**(૯) શિક્ષણ-સેવા વિસ્તરણની પ્રવૃત્તિઓ :** લોકભારતી દ્વારા યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે પ્રૌઢશિક્ષણ, બાલમંદિર, ફરતું પુસ્તકાલય, અવૈધિકશિક્ષણ, નિદાન કેમ્પો, વ્યાખ્યાનો જેવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ ભાગીદાર બને છે.

શાળાનું શૈક્ષણિક સ્તર સુધારવા શિક્ષકો માટે રમતના વર્ગો, સંગીતના વર્ગો, ક્ષમતાલક્ષી અભ્યાસક્રમના તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવે છે. રાષ્ટ્રીયપર્વોની ઉજવણીમાં પ્રશિક્ષણાર્થીઓ સહાયક બને છે. આસપાસની શાળાઓના બાગ સરસ થાય તે માટે ફૂલછોડ અને વૃક્ષોના રોપાનું વિતરણ કરે છે. ઔષધબાગ નિર્માણ માટે પણ મદદ પૂરી પાડે છે. નિયમિત વાલી સંમેલન યોજીને પ્રશિક્ષણાર્થીને વાલી સંમેલન કઈ રીતે યોજી શકાય તેની તાલીમ અપાય છે.

**(૧૦) અભ્યાસક્રમને પૂરક એવી અનેક પ્રવૃત્તિઓ:** લોકભારતી લોકવિજ્ઞાનકેન્દ્ર સાથે ભાગીદારી કરીને આકાશદર્શન તેમજ વિવિધ પ્રકારના કાર્યક્રમોમાં પ્રશિક્ષણાર્થીઓ સામેલ થાય છે. છાત્રો ભવિષ્યમાં પોતાની શાળામાં વિવિધ પ્રકારના મેળાઓ, તેમજ વિવિધ દિનની ઉજવણીમાં ઉપયોગી થાય છે. અધ્યાપનમંદિરના વિજ્ઞાનમંડળ દ્વારા વિજ્ઞાનના પ્રયોગો શાળામાં જઈને કરવામાં આવે છે. વિદ્યાર્થીઓનો વૈજ્ઞાનિક અભિગમ કેમ કેળવાય તેમજ પ્રયોગો માટે ખર્ચાળ સાધનો અનિવાર્ય નથી પરંતુ ઘરગથ્થુ, નકામી પડેલી, બિન ઉપયોગી વસ્તુઓથી પણ વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણના પ્રયોગો કરી શકાય છે તેની પ્રશિક્ષણાર્થીઓ અને શાળાના વિદ્યાર્થીઓને ખાતરી થાય છે. વિદ્યાર્થીઓ વાચન શિબિરમાંથી સરસ રીતે પસાર થાય છે. સત્રમાં એક વખત વાચનનું આયોજન કરવામાં આવે છે. આ દસ દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓ પોતાના ફુરસદના સમયમાં પોતાનું મનગમતું ઈતર વાચન કરે છે.

**(૧૧) ભણતા ભણતા કમાણી :** વિદ્યાર્થીઓ અહીંના વસવાટ દરમ્યાન વિવિધ વિભાગોમાં શ્રમ કરીને પોતાનો થોડો ઘણો ખર્ચ ઉપાડે છે.

લોકભારતી અધ્યાપનમંદિરમાં પ્રાર્થનાખંડ માટેની તમામ રકમ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી મળી છે અને સૌના સહિયારા પ્રયાસથી પ્રાર્થનાખંડ તૈયાર થયો છે. કોમ્પ્યૂટરખંડ, સ્ટેજ, સ્માર્ટ કલાસરૂમ અને ઓપન કલાસ તૈયાર થઈ ગયો છે. દર વર્ષે સંસ્થાના વાર્ષિકોત્સવ પ્રસંગે તેમજ અન્ય પ્રસંગે સૌ વિદ્યાર્થીઓ લોકભારતી આવતા રહે છે તેનું આ સુખદ સંભારણું છે.

છેલ્લાં પાંચ વર્ષમાં પરીક્ષા પરિણામ ૧૦૦ ટકા આવ્યાં છે. અત્યાર સુધીમાં ૫૪૫૫ (ભાઈઓ અને બહેનો) એ શિક્ષક તરીકે તાલીમ મેળવી છે. આ તાલીમાર્થીઓ સમગ્ર ગુજરાતમાં તમામ જિલ્લાઓમાં પથરાયેલાં છે. સાવ અંતરિયાળ ગામોમાં પણ સરસ કાર્ય કરી રહ્યા છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ લોકભારતી અધ્યાપનમંદિરના અભ્યાસકાળમાં જે જે શૈક્ષણિક મૂલ્યો મેળવ્યાં છે તેનો વિનિયોગ તેઓ પોતાની શિક્ષક તરીકેની કામગીરીમાં કેટલો કરે છે તેને આધારે અધ્યાપમંદિરની કામગીરીની સફળતાને માપી શકાય. તેમાં નીચે મુજબની વિશેષતાઓ જોવા મળી છે.

(૧) લોકભારતી અધ્યાપનમંદિરમાં અભ્યાસ કર્યો હોય તેવા શિક્ષકો સફાઈ અને સુશોભન તથા સમયપાલનના આગ્રહી હોય છે.

(૨) સમાજ સાથે સાયુજય સ્થાપી શકે છે.

(૩) બધી પ્રવૃત્તિઓ જવાબદારીપૂર્વક કરે છે.

(૪) નવા વિચારો કે પ્રયોગોને આવકારે છે. પોતાના અધ્યાપનકાર્યમાં પ્રયોગો કરે છે.

(૫) વિવિધ રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક પર્વોની ઉજવણી સરસ રીતે કરે છે.

(૬) તેમનામાં નેતાગીરીના ગુણો કેળવાયેલા હોય છે.

(૭) વિષયશિક્ષણ પરત્વે નિષ્ઠા તથા જાગૃતિ તેમનામાં દેખાય છે.

(૮) લોકભારતી અધ્યાપનમંદિરના અનેક વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન થયાં છે.

લોકભારતી અધ્યાપનમંદિરની ઉત્તમ પરંપરાઓ અને શૈક્ષણિક દ્રષ્ટિના નિર્માણમાં શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી મનુભાઈ પંચોળી, શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ, શ્રી ન.પ્ર. બુચ, શ્રી ચુનીભાઈ શાહ જેવા છે તેથી પ્રયોગશીલતા જળવાઈ રહી છે. લોકભારતીના પ્રાંગણ પરની પ્રવૃત્તિઓ અને શૈક્ષણિક વાતાવરણનો લાભ અધ્યાપનમંદિરને પણ મળે છે.

લોકભારતી અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને શિક્ષક તરીકે તમામ જિલ્લાઓમાં આવકારવામાં આવે છે. કાર્યની પ્રામાણિકતા અને નિષ્ઠાથી તેમણે પોતાનું સ્થાન ઊભું કર્યું છે. ઊગતી પેઢીના શિક્ષણ દ્વારા તેઓ પણ ગ્રામોત્થાનમાં ફાળો આપે છે.

લોકભારતી ગ્રામવિદ્યાપીઠનું પ્રવર્તમાન ટ્રસ્ટીમંડળ અને કાર્યવાહકો જેઓની હૂંફ અને માર્ગદર્શન અધ્યાપનમંદિર વિભાગને સતત મળતા રહે છે.

(આચાર્ય, લોકભારતી અધ્યાપનમંદિર,
સણોસરા)

# ૦૯ (અંતર) નેટવર્ક બહારનો પ્રદેશ મણિપુર-બહારના લોકો મણિપુરી

**તુલા- સંજય**

---

સેવાગ્રામમાં ગાંધીજીની ઝૂપડી વચ્ચેથી શોર્ટકટ લઈને પોતાની ઓરડીમાંજવા નીકળેલી વિદેશી મહિલા પત્રકારને ગાંધીજી સુતેલા લાગતા એમને ખલેલ ન પહોંચે એવા આશયથી એ પંજા પર દબાયેલા પગે ચાલવા માંડે છે. જાગતા ગાંધી પત્રકાર મહિલાને આ રીતે ચાલવાનુ કારણ પૂછે છે. મહિલા કારણ કહે છે ત્યારે ગાંધી રમૂજમાંકહે છેઃ "આ તો જાણે ઠીક છે પણ Never Tiptoe to my Memory!''

ગાંધી સાચા છે. ગાંધીને ગુપચુપ રીતે યાદ કરવા સંભવ નથી. જેઓ ગાંધીના મૂલ્યો (જેને હું શાશ્વત મૂલ્યો માનું છું) સાથે અસંમત છે, એમના માટે ગાંધી અનકમ્ફર્ટેબલ છે-તકલીફ આપનારો છે અને જેઓ ગાંધીમૂલ્યો સાથે સંમત છે એમના માટે ગાંધી ખલેલ પહોંચાડનાર છે અને આવી ખલેલ જ મને આ વેળા મણિપુર લઈ ગઈ....

છેલ્લા પાંચ મહિનાથી હું મણિપુરને ઠીકઠીક નજીકથી નિહાળી રહ્યો હતો અને દાઝેલા મણિપુરની ગંધ મારા નાકમાં ભરાયે જતી હતી! અને છેલ્લે બે કૂકી બહેનો અને પછી બે મઇતિ કિશોર-કિશોરીઓના આર્તનાદે મારા કાનના પડદા ફાડી નાખ્યા ને હું બહેરો થઈ ગયો-હું આંધળો થઈ ગયો-હું બોબડો થઈ ગયો અને હું મણિપુર ચાલી નીકળ્યો!

મારી આ ટૂંકીયાત્રા દરમિયાન હું ૩ મઇતિ રાહત શિબિરો અને ૫ કૂકી રાહત શિબિરોમાં ગયો. ત્યાના ભાઈઓ-બહેનો, યુવક-યુવતીઓ અને બાળકો સાથે વાતો થઈ. શિબિરોમાં એમને મળતું ભોજન- રહેવાની વ્યવસ્થાઓ, વાતાવરણ અને ત્યાનું ભાવાવરણ અનુભવવાનો પ્રયત્ન કર્યો. જુદા જુદા સમૂહના કેટલાક મહત્ત્વના લોકોને મળવાનું બન્યું. મણિપુરના રાજ્યપાલને પણ બે વખત મળ્યો. ભીના હૃદયે મણિપુર પહોંચ્યો હતો અને ભારે હૃદયે પાછો આવ્યો...

આજે સમગ્ર દેશમાં પ્રશ્નના પક્ષે ઊભા રહેનારાઓ ભારે બહુમતીમાં છે ને ઉત્તરના પક્ષે ઊભા રહેલાઓ અલ્પસ્વરૂપા લઘુમતીમાં છે ત્યારે ઉત્તરના પક્ષે ઊભા રહેલાઓ માટે એક ઊંડી શ્રદ્ધા સાથે આ લખી રહ્યો છું.

નામરૂપ જૂજવા અંતે તો જેલની...

મણિપુરની અંદાજિત પાત્રીસ લાખની વસ્તીમાંથી લગભગ ૬૦,૦૦૦ લોકો મે મહિનાની શરૂઆતથી રાહત છાવણીઓમાં રહી રહ્યા છે. આમાંની એક ૮૦૦ લોકોની છાવણીમાં હું ગયો. આ છાવણી ઈમ્ફાલની જેલની બાજુમાં આવેલી હતી. સાંજ હજી પડી નહોતી પણ ઉદાસી ઘુટાયેલી સાંજ જેવી જ હતી અને જેલની જમીન પર છાવણીના ૪૦-૫૦ ભાઈ-બહેન શાકભાજી વાવી રહ્યા હતા. વાવવા માટેના બટાકાના બિયારણના નાનાશા ઢગલા આગળ હું જઉં છુંઅને જોઉં છું કે આમાંના ઘણાબધા બટાકા ખાવાલાયક જ નહોતા જેને તેઓ વાવવા જઈ રહ્યા હતા! મેં એમને પૂછયું કે આ ક્યારે ઉગશે? ભાષાની દીવાલ હોવાને કારણે તેઓ કહે છે કે : દસેક દિવસમાં. હું ફરી પૂછું કે ખાવાલાયક ક્યારે થશે? જવાબ મળે છે, અઢી-ત્રણ મહિના પછી.હું ખૂબ જ સ્વાભાવિક રીતે એમને પ્રશ્ન કરુ છું કે, તમને એવું છે કે હજી બીજા ત્રણેક મહિના તમારે અહીં રહેવુંપડશે? ક્ષણભરનો વિલંબ કર્યા વિના એક જણ બોલે છે : આવતા વર્ષે પણ વાવવા પડશે.....

અનેક ભાવચિત્રો સાથે લઈને હું બીજી છાવણીમાં જાઉં છું. લગભગ ૧૯૦ જેટલા લોકો છે. ત્યાં એક નાના છોકરાને હું મળુ છું. એનુ નામ છે 'મેસ્સી'. નેશનલ ગેમ્સ ચાલતી હતી ત્યારે એનો જન્મ થયેલો અને માતા-પિતા એનામાં એક ફૂટબોલ પ્લેયર જોતા હતા એથી નામ રાખેલ

મેસ્સી. આ મેસ્સી સાથેની વાતોમાં એને પૂછું છું : ઘરે જવું છે? પ્રત્યુત્તર મળે છે : હા. ક્યારે જવું છે? (કબ જાના હૈ?) પ્રત્યુત્તર મળે છે : આજ...

આ સાઈઠ હજાર લોકોને ઘરે આજે જવું છે અને ક્યારે જવાશે એ એમના હાથમાં નથી અને દૂર દૂર સુધી કોઈ આશા પણ નથી. આને પણ જેલ જ કહેવાય ને? (આમાંના ઘણા બધા લોકો એવા છે કે જેમના ઘરબાર વિગેરે લૂટી લેવામાં આવ્યા છે - સળગાવી દેવામાં આવ્યા છે.) જ્યારે રાજ્ય રાજ્યવિહીન અવસ્થામાં હોય ત્યારે પ્રજાજનો સ્વાભાવિક રીતે જ આશાવિહીન સ્થિતિમાં હોય છે. આનું નામ જ લોકશાહીની પીડા....

જન્મનો આદર તો પછી મૃત્યુનો આદર કેમ નહીં?

હું એક વિશિષ્ટ પ્રકારના કેમ્પમાં જાઉં છું, બે કારણે એક તો એ મણિપુર BJPના પ્રેસિડેન્ટ દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે અને એ પ્રસૂતા બહેનો અને નાના બાળકોને દૂધ પીવડાવતી માતાઓ માટેનો છે. અહીં પ્રમાણમાં, હા પ્રમાણમાં સારી સગવડો છે. સેન્સ ઓફ સિક્યોરિટીનું ભાવાવરણ અનુભવાય છે. ગાયનેકોલોજિસ્ટ અને પીડિયાટ્રીશિયન નિયમિત રીતે આવે છે. ખાવા-પીવાનું બીજા કેમ્પ કરતા સારું છે. પણ અહીં ચા પીવુ છું ને ચા પીતા મણિપુર BJPના વાઇસ પ્રેસિડેન્ટ સાથે વાતો કરુ છું. (મારી સાથે આવેલા મારા એક સાથી એમનો પરિચય આપી કહે છે, એક જમાનામાં એ સ્ટુડન્ટ લીડર હતા ઔર અચ્છા થા) આ કેમ્પની વધારે અને બીજી થોડીક વાતો પછી એ મને એમની સાથે રૂમોમાં (પરમીશન લઈને) લઈ જાય છે. આ દિવસોમાં અહીં ૮૮ બાળકોએ જન્મ લીધો છે. બ્રાહ્મણ બોલાવીને સૌના નામકરણ પણ થયા છે. એમના થકી એ પણ જાણવા મળે છે કે ભૂપેન હજારિકા ફાઉન્ડેશનની મધ્યસ્થીમાં કૂકી-મઈતિ સંવાદ માટેની પહેલની સંભાવના બની રહી છે.

છેલ્લે નીકળતી વખતે મારી પાસે એક મુલાકાતપોથી મુકવામાં આવે છે, જેમાં મેં લખ્યુ:'We should love one another or die. અને અમે સ્મિત સાથે છૂટા પડ્યા.....

મોસ્ટ ડિસઓબિડિયન્ટ વન

કાન્ગપોક્કી કસ્બાના રસ્તા ઉપર અમારી રાહ જોઈને ઊભેલા રેવ. ફાધર પ્રીમ વાઇફાઇ પોતાનો પરિચય 'મોસ્ટ ડિસઓબિડિયન્ટ વન' તરીકે આપી એનું કારણ જણાવતા કહે છે, ઇમ્ફાલ છોડનારા સૌથી છેલ્લા કૂકી એ પોતે હતા. આમ તો પ્રીમ ઓલ મણિપુર ક્રિશ્ચિયન એસોસિએશનના પૂર્વ પ્રમુખ છે. મોટી ઉંમરના છે. અત્યંત નમ્ર છે ને ભારે મક્કમ છે. એથી જ તેઓ ૧૬ જૂનના દિવસે પોલીસના કહેવા છતા ઇમ્ફાલમાં જ રહે છે ને પોલીસને કહે છે કે મોટાભાગના મઇતિ સારા છે થોડાક જ ખરાબ છે, હું એમને લઈને શું કામ મારું નગર છોડું? જરૂર પડે મને રક્ષણ આપજો. ૮ જુલાઈએ ફરીથી પોલીસ આવે છે પણ તે ચર્ચા કરી નમ્રતાપૂર્વક નહિ જવા મક્કમ રહે છે. એમની ઉપર મઇતિઓની ધમકી આવે છે, તેઓ તંત્રને જાણ કરે છે. ૧ અને ૨ સપ્ટેમ્બરની અડધી રાત્રે તંત્ર આવે છે ને ઘરની બહારથી જ ઉપાડી રાત્રીના અંધારામાં ક્યાક છોડી દે છે. મને કહે છે કે મારી ઘડિયાળ અને બાઇબલ પણ સાથે લેવા દીધું નહીં. માળી જ કઠિયારો બની ગયો!

વાતો પતે ત્યાં અમે એક રાહત છાવણીમાં પહોંચીએ છીએ. પ્રત્યેક રાહત છાવણી જાણે એની પોતીકી પીડા લઈને જીવી રહી છે. અહીંયા લગભગ ૧૮૦ જેટલા "લોકો!" રહે છે ને આખા કેમ્પમાં એક બાથરૂમ અને બે સંડાસ છે. એક બેન બોલ્યા કે સુબહ સે હી નોટબંધી જૈસી લાઈને લગને લગતી હૈ યહા!

આ છાવણીમાં નાનીશી બેસવાની જગ્યાઓમાં ગોઠવાયેલી આઠ-દસ ખુરશી પર અમને બેસાડવામાં આવે છે ને મારી નજર જાય છે સામેની ભીંત પર જ્યાં રાષ્ટ્રધ્વજ અને ગાંધીજીનું બેનર લગાવવામાં આવ્યું છે. વાત કરતા જાણવા મળ્યું કે ૨ ઓક્ટોબરે અહીં ગાંધીજયંતી ઉજવાયેલી જેમાં બાળકોએ ચિત્રો દોરેલા. આ ચિત્રોમાં ગાંધી હતા અને ઈશુ પણ હતા. ચિત્રો જોતા મને એક ક્ષણ ભાસ્યું કે ઈશુ અને બાપુ પાસપાસે બેઠા છે ને ''તમારા પાડોશીને

તમારી જાત જેટલો પ્રેમ કરો'' વિધાનમાં પાડોશી કોણનો અર્થ સાથે મળીને વિસ્તારી રહ્યા છે : જે દુઃખી છે - જે તકલીફમાં છે તે તમારો-મારો-આપણો પડોશી છે.

હિંસાની ધરતી પર બદલાનો અને ગુનાખોરીનો ઉગારો.

છેલ્લા  પાંચ મહિનાથી ચાલતી હિંસાને લઈને મણિપુરની બે જાતિઓનું જાતિમાનસ અને અલગાવ આપણને ધ્રુજાવી દે એવા' છે! ઘણાબધા દેશોની આંતરરાષ્ટ્રીય સરહદો પણ Porous હોય છે! જ્યારે અહીંયા તો એક જ રાજ્યના બે જાતિના પ્રદેશો વચ્ચેની અદશ્ય સરહદ એટલી ઊંચી અને ઊંડી છે કે એક નેપાળી ગોરખા યુવાન મને કહે છે કે : સર, એક જાતિના વિસ્તારમાં બીજી જાતિની બોલી બોલવા પર પણ પ્રતિબંધ છે. રસ્તાઓ પર blockage  છે. અપવાદરૂપ વાહનોની અવરજવર પર વાહનદીઠ ૧૦,૦૦૦ થી ૩૦,૦૦૦ રૂપિયા વસૂલવામાં આવે છે. છડેચોક સેંકડોની સંખ્યામાં બંકરો છે.

બંદૂકો લઈને યુવાનો બેઠા છે. હથિયારોની ખરીદી માટે લોકો દાન આપી રહ્યા છે ઉદારદિલે! એક નિવૃત્ત આર્મી જવાન મને કહે છે કે હું અને મારા જેવા બીજા ઘણાબધા અલગ-અલગ ગામોમાં આ બંદૂકો વગેરેની મરામત કરવાની ફરજ બજાવીએ છીએ અને મેં પણ ગોળીઓ(Bullets)  ખરીદવા ૨૫૦૦૦ રૂપિયાનો સહયોગ કરેલ! એક નેપાળી ગોરખા ગામના આગેવાન મને કહે છે કે અમારી સ્થિતિ કાયમને માટે દાત વચ્ચેની જીભ જેવી જ છે પણ આ વખતે તો?....અમારા ગામમાંથી ૧૪ લાખ રૂપિયા અમારે પહોંચાડવા પડ્યા છે!

અહીંયા હું અટકું છું કારણ કે બાત નિકલેગી તો ફિર દૂર તલક જાયેગી... આપ સૌને હાથ જોડીને હું એટલુ જ કહું છું કે આપણે સૌએ સાથે મળીને પાંચ મહિનાથી રાહત છાવણીઓમાં રહેતા આ ૬૦,૦૦૦ લોકોના આંસુ લૂછવા જ રહ્યા છીએ! ઈશુ અને બાપુએ સાથે મળીને વિસ્તારેલા "પડોશી કોણ?"ના અર્થની આંગળી પકડીને બાપુ સાથે સંવાદ કરતા આર. પ્રસાદ તેમના કાર્ટૂનમાંકહે છેઃ "It takes about 132 hours on feet to reach Imphal from Nuokhali. Shall we go, Bapu?"

આપણે એકાદ મહિના માટે આ ૬૦,૦૦૦ માંથી થોડાક આંસુ લૂછવા જવાનો સંકલ્પ કર્યો છે. જેમાં મુખ્યત્વે આપણે બે કામ કરવા જઈ રહ્યા છીએ. (૧) આરોગ્યનું કામ અને (૨) બાળકો સાથે સર્જનાત્મક અને રચનાત્મક interaction

આ સંકલ્પને આપણે Shall We go,Bapu? – initiative કહીશુ. જેની મુખ્ય જવાબદારી વિશ્વગ્રામ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી અને સ્વપથ ટ્રસ્ટે સ્વીકારી છે. બહુ બધા કલ્યાણ મિત્રો આ સંકલ્પ સાથે સંકળાય અને સહયોગ કરે એવી પ્રાર્થના.

અંત્યત ભાવપૂર્વક
તુલા-સંજય

(સંપર્ક : તુલા-સંજય વિશ્વગ્રામ
મો. ૯૪૨૬૩૮૮૨૩૪
vishwagrambasnagmail.com)

પ્રસન્નતા એ માણસને ઈશ્વરે આપેલું વરદાન છે.

પ્રસન્નતા દરવાજો ખોલી તમારી નિત્ય પ્રતીક્ષા કરી રહી છે. પ્રસન્નતાનું તો પ્રગટીકરણ થાય છે. આનંદ તો આપોઆપ ફૂટે છે. આનંદનું કોઈ પરિણામ નથી હોતું. તે ખુદ જ પરિણામ છે. પ્રસન્નતા એટલે જે પોતાની પાસે નથી એની ઝંખના કર્યા વિના જે છે એને સમજીને માણે તે. પ્રસન્નતા એટલે જેને કષ્ટ શું છે. એ વિચારવાનો સમય જ નથી. પ્રસન્ન એ રહે છે જીવનની ગંજાવર બાબતોમાં  સમય બગાડવાને બદલે આજે આનંદ કરી લે છે. પ્રસન્નતા એટલે જેની પાસે પ્રસન્નતાના ભંડારરૂપી પ્રકૃતિને જોવાની આંખો છે. દિલથી કામ કરવું એ જ પ્રસન્નતા છે.

(મોરારિબાપુ)

## ૧૦ યુગ પરિવર્તન અને શિક્ષણ

**રોહિત શુક્લ**

'યુગ', 'પરિવર્તન' અને 'શિક્ષણ' એ ત્રણે શબ્દો અર્થસભર છે. એ ત્રણેને જ્યારે ભેગા કરીએ ત્યારે પણ વ્યાકરણના સમાસના સંદર્ભ મુજબ દ્રષ્ટિકોણ બદલાય છે. આ અંગે સ્પષ્ટ થવું જરૂરી ગણાય.

'યુગ' એટલે શું? મહાભારતકાળમાં ત્રેતાયુગ પૂરો થયો અને હવે 'કળિયુગ' ચાલે છે એમ કહેવાનો કોઈ ખાસ અર્થ નથી. સત્યુગમાં જો શિક્ષણ બરાબર ચાલ્યું હોત તો કળિયુગ આવ્યો જ ન હોત- તેવી દલિલ નિરર્થક વિતંડા છે. આટલા બધા મોટા પને વિચારવાની જરૂર નથી. સાહિત્યના ક્ષેત્ર 'પંડિતયુગ', 'ગાંધીયુગ' જેવા શબ્દ પ્રયોગો થાય છે. ઈતિહાસમાં પણ આધુનિક,મધ્યકાળ, એવા શબ્દ પ્રયોગો થાય છે. આ લેખ પૂરતો 'યુગ' નો અર્થ 'સમાજજીવનમાં આવતું આમૂલાગ્ર પરિવર્તન' એવો કરીશું.

તરત બીજો મુદ્દો 'પરિવર્તન'ની વ્યાખ્યાનો ઊભો થાય છે. પરિવર્તન અથવા બદલાવ ઘણીવાર અલ્પમાત્રામાં અને નજરે ન ચઢે તેવું ઝીણું પણ હોઈ શકે. પણ ટૂંકાગાળામાં મોટું પરિવર્તન થાય ત્યારે ક્રાંતિ થઈ ગણાય. વળી પરિવર્તન હંમેશા સારું કે ખોટું ગણાવી શકાય. અસ્પૃશ્યતા દૂર થાય તે વાંછનીય પરિવર્તન છે. પરંતુ ઘણા સવર્ણો તેને 'સારું' ગણતા નથી. પરિવર્તન માટે આર્થિક, સામાજિક અને ધાર્મિક ઉપરાંત ટેક્નોલોજી પણ જવાબદાર પરિબળ છે. પ્રત્યેક ધર્મ, આગળના સમાજમાં પરિવર્તનો આણે છે. ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મની સ્થાપના વચ્ચે માત્ર સાતસો વર્ષોનું જ અંતર છે. પરંતુ આજે તે જગતમાં સૌથી વધુ અનુયાયીઓ ધરાવતા ધર્મો છે.

'શિક્ષણ' શબ્દની અડોઅડ બે શબ્દો છે. તાલીમ અને કેળવણી. ત્રણેને એકબીજાના પર્યાય તરીકે વાપરવા ન જોઈએ. પછી 'શિક્ષણ' પણ શાળેય, ઔપચારિક, સમાજગત અને અનૌપચારિક હોઈ શકે. આ બાબતે સાવધાની જરૂરી ગણાય.

છેલ્લો મુદ્દો 'યુગ', 'પરિવર્તન' અને 'શિક્ષણ' એ ત્રણે શબ્દો વચ્ચેના વ્યાકરણલક્ષી- વિભક્તિ અંગેના- અનુબંધનો છે. જો 'યુગ', 'પરિવર્તન' અને 'શિક્ષણ' કહીએ તો 'યુગ', 'પરિવર્તન'ના કારણે 'શિક્ષણ ઉપર અસર' વિચારબિંદુ બને તેમ છે. શિક્ષણ કારક છે કે પરિણામ તે મુદ્દો બને. યુગ પરિવર્તન માટેનું શિક્ષણ એમ કહીએ ત્યારે શિક્ષણની પધ્ધતિ દ્વારા યુગ પરિવર્તનનો સહેતુક પ્રયાસ ચિત્રમાં આવે છે.

૧૯૨૦માં ગાંધીજીએ અમદાવાદમાં 'ગૂજરાત વિદ્યાપીઠ' સ્થાપી. પોતાના આ કાર્યને તેમણે 'એક વણિક દ્વારા થયેલા ઋષિકાર્ય' સાથે સરખાવ્યું. વિદ્યાપીઠ, લોકભારતી, વેડછી, વગેરે જેવી સંસ્થાઓએ શિક્ષણ દ્વારા યુગ પરિવર્તનની દિશાના કાર્યો કર્યા છે. 'ઝાડના પારખાં ફળ ઉપરથી' એ લઘુ પુસ્તિકાઓ દ્વારા આ ગાંધી શિક્ષણસંસ્થાઓ દ્વારા સમાજની માવજત અને નવરચનાનો પરિચય સાંપડે છે.

૧૯૬૬-૬૭માં ચીનમાં માઓ-ત્સે-તુંગે 'સાંસ્કૃતિક ક્રાંતિ' માટે દેશની તમામ યુનિવર્સિટીઓ બંધ કરાવી દીધી. દેશભરના યુવાઓ સામ્યવાદી વિચારોના પ્રચાર માટે ગામેગામ પહોંચી ગયા. પુરાતનકાળના દાખલા લઈએ તો સમ્રાટ અશોકે બૌધ્ધધર્મના પ્રચાર માટે વિદેશોમાં પણ ધર્મ પ્રચારકો મોકલ્યા. તેના માંડ બસો વર્ષમાં પુષ્યમિત્રે ભારતમાં બૌધ્ધોને શોધી શોધીને મારી નાંખ્યા. હિટલરે યહૂદીઓની કતલ કરાવી તો આજે ઈઝરાયેલ અને આરબ વચ્ચેના યુધ્ધો રોજની વાત બની ચૂકી છે.

બીજી તરફ ૧૮૩૦થી ઔદ્યોગિક ક્રાંતિનો પ્રારંભ થયો. વરાળ યંત્ર, કન્વેયર બેલ્ટ, કમ્પ્યુટર અને આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્સ- એવી ચાર ઔદ્યોગિક ક્રાંતિઓમાંથી દુનિયા પસાર થઈ છે.

ધર્મો દ્વારા અપાતું શિક્ષણ માનવમાત્ર માટે શાતાકારક

બનવાને બદલે યુધ્ધખોર, ક્રૂર અને હિંસાત્મક બની રહ્યું છે. ઔદ્યોગિક ક્રાંતિઓ માટેનું અને તેના ફળસ્વરૂપે નીપજેલું શિક્ષણ અસમાનતા, શોષણ, યુધ્ધ અને બેહાલી વધારનારું બની રહ્યું છે. ૧૮૯૦માં યુરોપના ધનવાન દેશોની સરાસરી માથાદીઠ આવક ૨૫૦ ડોલર હતી. ૨૦૨૧માં લગભગ સવાસો વર્ષમાં તે લગભગ એક લાખ ડોલરે પહોંચી છે. સવાસો વર્ષમાં આવક લગભગ ચારસો ગણી વધી છતાં જગતમાં આજે પણ પાયાનું શિક્ષણ સૌને માટે હાથવગું નથી. જે શિક્ષિત છે તેમની પાસે રોજગાર નથી. જેમની પાસે શિક્ષણ અને રોજગાર બન્ને છે તેમની પાસે માનવલક્ષી સંવેદનાઓ નથી. અંગ્રેજોએ ભારતમાંથી ઠગ અને પિંઢારાઓનો ત્રાસ દૂર કર્યો. આજે આ જ લક્ષણ ધરાવતા લાખો લોકો કાર્યરત છે. શિક્ષણ કોનું થયું, શા હેતુથી થયું અને તેના સામાજિક અનુબંધ વિકસાવવામાં શો ઉપયોગ થયો તે સવાલો તરફ લક્ષ આપવું રહ્યું. ધર્મ અને ટેક્નોલોજીએ યુગો તો બદલ્યા પણ માનવીય સંવેદના અને તાર્કિક વિચારણાનું પુનઃસ્થાપન હજુ બાકી છે.

તેથી જ શિક્ષણ દ્વારા યુગપરિવર્તન આવે તે દિશા સમાજે પકડવી પડશે. આ પ્રથાના મૂળતત્ત્વોનો અણસાર ગાંધી-વિનોબા-આંબેડકર- ત્રિદેવ (!) પાસેથી મળે તેમ છે. સવાલ એ છે કે પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણના શિખરે પહોંચતા સુધીમાં ભણાવાતા વિવિધ અભ્યાસક્રમોમાં સ્વદેશી વિચારકો અને કર્મશીલોના 'પાઠ' અભ્યાસક્રમોમાં કેટલા?

શિક્ષણ દ્વારા યુગપરિવર્તન થયાના બહુ દાખલા જગતમાં નજરે પડતા નથી. યુગપરિવર્તન થયા બાદ પણ તેના સંદેશા તથા કલ્ચરને ભાવિ પેઢીઓ માટે આત્મસાત કરાયાનાં દાખલા પણ ગણ્યાંગાંઠ્યાં છે. આનું કારણ એ છે કે શિક્ષણ સ્થાપિત હિતોના હાથમાં ચાલ્યું જાય છે. કોઈક મોટા ઉદ્યોગપતિ પોતે સ્થાપેલી કૉલેજો કે યુનિવર્સિટીમાં કાર્લ માર્ક્સને અભ્યાસક્રમમાં શું કામ રાખે? ક્રાંતિ, જ્ઞાનપ્રકાશ. યુગ, આધુનિકતા, સમાનતા, સ્વતંત્રતા, બંધુભાવ, વગેરે જગતમાં છેક ૧૭૮૯થી વિચારની દુનિયાના ઘટકો છે. તેનું સ્થાન આજની ખાનગી યુનિવર્સિટીઓમાં કેટલું? આવો જ એક સાવ અણગમતો સવાલ એ પણ છે કે ગાંધી-પ્રણિત શિક્ષણસંસ્થાઓના વ્યવહારોમાં 'અગિયાર મહાવ્રતો' નું પાલન ખરું?

આમ નિરીક્ષણ હંમેશા દુઃખદાયક હોય છે. છતાં સવાલ તો ખરો જ ને! કોરોના સંકટ વેળાએ ગાંધીસંસ્થાઓએ ક્યાં, કેટલી અને કેવી કામગીરી બજાવી? આ કામગીરીના અનુભવો જ એકાદ શૈક્ષણિક સત્રના અભ્યાસક્રમરૂપે આકાર લઈ શકે?

શિક્ષણનો કેટલોક હિસ્સો પંડિતાઈ ઊભી કરવા વાસ્તે છે. અલબત્ત, ટેકનોલોજી, એમ.બી.એ., વકીલાત, નર્સિંગ અને મેડિકલ, નામા પધ્ધતિ, વગેરેમાં વ્યવહારું અને પ્રવર્તમાન પરિસ્થિતિનું શિક્ષણ છે જ. પણ આ અભિગમ- અંગ્રેજીમાં જેને 'ફોલિંગ બિટ્વીન ટુ સ્ટૂલ્સ' કહીએ તેના જેવો છે. જે તે વિષયના નિષ્ણાંતને સામાજિક રચના, ફિલસૂફીના તત્ત્વો કે રાજકીય પ્રવાહો વિશે ભાગ્યે જ કશી ખબર પણ હશે.

યુગ પરિવર્તન માટેનું શિક્ષણ ભાગ્યે જ કોઈ યુનિવર્સિટીમાં ભણાવાયું હશે! ફ્રાંસની સોબોર્ન યુનિવર્સિટીના પ્રોફેસર જ્યાં પોલ સાર્ત્ર દ્વારા વિદ્યાર્થીઓનું જે 'શિક્ષણ' થયું તેને કારણે સમાજમાં સમાનતાલક્ષિતા તરફ ધ્યાન ખેંચાયું.

આપણા શિક્ષણમાં ભગતસિંહ, રાજગુરૂ, બિસ્મિલ, બોઝ, પૃથ્વીસિંહ, આઝાદ, વગેરે તો નથી જ, આંબેડકર અને વિનોબા પણ અલ્પ પ્રમાણમાં છે. જે મેકોલે સામેના વિકલ્પરૂપે શિક્ષણની કલ્પના થઈ તે હવે સવાઈ મેકોલે બની ચૂક્યું છે.

યુગ પરિવર્તન માટે નહીં પણ તે ઉદેશ્ય સાથે શિક્ષણ આપવાનો વિચાર સારો છે પણ વ્યવહારનું ચિત્ર આઘાત પમાડે તેવું છે. ખાનગી સંચાલકોની નફાખોરી, શિક્ષકોની અછત, શિક્ષકોની પોતાની અ-ક્ષમતા અને બેદિલી, અભ્યાસક્રમોની કાળબધ્ધતા અને સંદર્ભહીનતા, વાસ્તવિક જીવન તરફ નિર્લેપભાવ, માત્ર નોકરી માટે શિક્ષણ, સંસ્કારના નામે પુરાતન અને ઘસ્યાપીટ્યા વિચારો...આ બધું ભેગું કરીએ એટલે શિક્ષણ! સંવેદનાનું ઘડતર, માનવીયતા, તર્કબુધ્ધિ-વિવેક, જ્ઞાનની પધ્ધતિઓ, સંશય

અને સંશોધનાત્મકતા, વૈચારિક તત્વબોધ...આ બધું માર્યું માર્યું ફરે છે. આપણે પંડિતાઈભર્યા વેદના શિક્ષણ તરફ વળ્યા. પણ હાંસિયામાં ધકેલાતા માનવસમુદાયો તરફની સંવેદના ગુમાવતા ગયા!

સોળમી સદીથી, જ્યાં ભારતમાં મોગલ શાસન શરૂ થયું ત્યાં યુરોપમાં જ્ઞાનપ્રકાશ યુગના મંડાણ થયા. ભારતની સંસ્કૃતિ તો વેદ-ઉપનિષદ- છતાં કેપ્લર, કોપરનિકસ કે ગેલિલિયો અહીં કેમ ન પાક્યા? આર્યભટ્ટ એક નાના દિવાની જેમ ટમટમીને બુઝાઈ ગયા! આનું રહસ્ય જ શિક્ષણમાં છે. ઈ.સ. પૂર્વે ૩૦૦ની આસપાસ કણાદ ઋષિ થઈ ગયા. તેમણે વૈશાંષકની વિદ્યાશાખા શરૂ કરી. ન્યાય વૈશાંષક, સાંખ્ય અને યોગ, પૂર્વ અને ક્ષીર મિમાંસા, જૈનદર્શન, વગેરેમાં તત્વશોધ, તાર્કિકતા, પદાર્થના લક્ષણો, વગેરેની અદ્‌ભૂત ચર્ચા છે. ભારતની કોઈ પણ યુનિવર્સિટીના સંશોધનની ફિલસૂફી અને પધ્ધતિના અભ્યાસક્રમમાં આ વેદ-ઉપનિષદકાલીન તત્ત્વબોધની પધ્ધતિનો સમાવેશ થઈ શકે તેમ છે. પરંતુ આપણી માનસિક ગુલામી તેમાં આડે આવે છે. શોપનહોવરે ઉપનિષદોનો અભ્યાસ કર્યો, નિત્સેએ તેને આગળ ધપાવ્યો, વિરગેન્સ્ટાઈન, સાર્ત્ર અને કામૂ સુધી (છેક ૧૯૮૦) સુધી તે લંબાયો. પણ આપણે જગતગુરૂ શોધતા ફરીએ છીએ! ફિલસૂફીના ગણ્યાંગાંઠ્યા રસિકો સિવાય તેમને જાણે છે જ કોણ!

ચાર્વાક (ચારુ+વાક્) મત બૃહસ્પતિ ઋષિએ રામાયણકાળ પહેલા રજૂ કર્યો. રામાયણ અને મહાભારતમાં તેની ટીકાઓ છે. પણ આપણે તેના મૂળ સંહિતાને બાળી મૂકી. ચારુવાક્ મત પ્રત્યક્ષ પ્રમાણને જ સ્વીકારતો અને જન્મ-પુનર્જન્મ, કર્મ, અપ્રત્યક્ષ જ્ઞાન, જ્યોતિષ, ગૂઢવાદ વગેરેમાં માનતો ન હતો. સાર્ત્ર, કામૂ કે નિત્સે પણ તેમાં ક્યાં માને છે? ગેલિલિયો પણ ક્યાં માનતો હતો?

પંડિત નહેરૂએ ભારતને 'સાયન્ટિફિક ટેમ્પર'નો વિચાર આપ્યો હતો. ભાખરા બંધ અને આઈ.આઈ.ટી.ની સંસ્થાઓને તે 'મંદિર' ગણતા. પણ ગાંધી-વિનોબા-આંબેડકરની માનવતાલક્ષી સંવેદનાઓના વારસાની સાથે વૈજ્ઞાનિકતાના વિચારને પણ આરંભવાનો વારો આવ્યો છે.

હવે કદાચ શિક્ષણ દ્વારા યુગ પરિવર્તન કરવાને બદલે સંવેદના, માનવીયતા અને તર્કવિવેક વગરનો યુગ આકાર લઈ રહ્યો છે. જેને તેની સૌથી પહેલી ભનક આવવી જોઈતી હતી, તે શિક્ષણ હાલ હાઈબરનેશનમાં સરી પડ્યું છે. હવે ચોથી ઔદ્યોગિક ક્રાંતિથી રચાતા જગતમાં જરૂરી એવા રોબોટ્સ સર્જીને પણ આપણે શિક્ષાનો મહાયજ્ઞ કરતા રહીશું! માણસને સ્થાને રોબોટ્સ હોય તે પણ 'યુગ પરિવર્તન' જ ને!

યુગ પરિવર્તન ક્યારે થયું ગણાય તે પણ એક મહત્ત્વનો સવાલ છે. અમૂલ ડેરી બની તે પહેલાં ભારતમાં દૂધની ઉપલબ્ધિ અત્યંત અલ્પ હતી. ડેનમાર્ક, ન્યૂઝીલેન્ડ, વગેરે દેશો આપણને દૂધના પાવડરની ભેટ (દાન!) આપતા. આ સંજોગોમાં અમુલ એક યુગ પરિવર્તન જ ગણાય.

આવો જ સવાલ 'હરિયાળી ક્રાંતિ'નો છે. હરિયાળી ક્રાંતિને લીધે ભારતમાં અન્નમાં સ્વાવલંબન અને સુરક્ષા આવ્યા. સવાલ એ છે કે ૧૯૬૬માં તે ભારતમાં જ કેમ આવી? દેશનું વિભાજન થયું ત્યારે પાકિસ્તાનમાં ગયેલા પંજાબના ખેતરો મોટા કદના હતા અને સિંચાઈ પણ વધુ હતી. પાકિસ્તાનનું પંજાબ 'ઘઉંનો કટોરો' ગણાતું. છતાં હરિયાળી ક્રાંતિ ભારતમાં થઈ; પાકિસ્તાનમાં નહીં ! અભ્યાસીઓએ શોધી કાઢ્યું છે કે આ માટે માત્ર ટેક્નોલોજીની શોધ જ જવાબદાર ન હતી. ભારતીય પંજાબમાં ખેડૂતો કમ-સે-કમ, પ્રાથમિકશિક્ષણ ધરાવતા હતા. આથી ખેતીની નવી ટેકનોલોજી કેવી રીતે પ્રયોજવી તે અંગેના છાપેલા ચોપાનિયાં તે સમજી શક્યા; ટેકનોલોજીના ઉપયોગ સાથે શિક્ષણનો મેળાપ ચમત્કારિક બન્યો. શિક્ષણ દ્વારા થયેલું આ પણ યુગ પરિવર્તન જ ને!

જપાનમાં પણ પ્રાથમિક શિક્ષણે એ યુગ પરિવર્તન સાધી બતાવ્યું છે. ઈ.સ. ૧૮૬૮માં જપાનમાં, રાજકીય, સામાજીક તથા આર્થિક સુધારા થયા. તેની પાછળ પણ લોકોને અપાયેલું સાર્વત્રિક પ્રાથમિકશિક્ષણ જવાબદાર છે.

ગેરી બેકર જેવા ઘણા અર્થશાસ્ત્રીઓએ શિક્ષણ દ્વારા માણસના અને સમાજના આર્થિક લાભોની પણ ગણતરી કરી બતાવી છે. ગરીબો, પછાત સમૂહો, સ્ત્રીઓ, વગેરેને શિક્ષણ અપાય તો યુગ પરિવર્તન માટેની બિછાત તૈયાર

થતી જાય તે એક નિર્વિવાદ હકીકત છે. શિક્ષણ લેનાર વ્યક્તિને પોતાને તો ફાયદો થાય જ પણ શિક્ષિત વ્યક્તિઓ દ્વારા સમગ્ર સમાજને ફાયદો જ થાય છે. અમૂલ, હરિયાળી ક્રાંતિ અને મૈજી રિસ્ટોરેશન (જપાન) તેના ઉદાહરણો છે. અન્યાયને ઓળખવો, ન્યાય માટે સંઘર્ષ કરવો, સમાનતા અને સજાગતા કેળવવી - આ બધું યુગપરિવર્તનના પાયામાં રહીને ઝીણું ઝીણું કામ કર્યા જ કરે છે.

યુગો તો હંમેશા પરિવર્તન પામતા જ રહેવાના. કોઈક યુગમાં વેદોનું અધ્યયન જ મુખ્ય હતું. હવે આ ક્ષેત્રમાં ખાસ રુચિ જણાતી નથી. અંગ્રેજીના જેટલું સ્થાન હવે સંસ્કૃતનું નથી. ધનિક કે સત્તાધીશના જેટલું માન વિદ્વાનનું નથી. યુગ જ્યારે બદલાય છે ત્યારે મૂલ્યના ધોરણો જ બદલાઈ જાય છે. માત્ર શિક્ષણ દ્વારા આ ક્ષેત્રે ભાગ્યે જ કાંઈક હાંસલ કરી શકાય.

યુગ સમસ્તના વૈચારિક પ્રવાહોમાં શિક્ષણની ભૂમિકા બહુ મહત્ત્વની હશે એમ ધારી લેવામાં જોખમ છે. સમાજ એકંદરે જે વિચારો લઈને ચાલે છે તે શિક્ષણેતર માર્ગોથી વધુ પ્રભાવિત થતા રહે છે. ધર્મ પોતે એક આવી પ્રભાવક વ્યવસ્થા છે. પરંતુ ધાર્મિક શિક્ષણ આપતી પાઠશાળાઓ કે મદરેસા કે ચર્ચને કારણે કોઈ મોટા પરિવર્તનો આવ્યા નથી. દુનિયામાં અગણિત ફિલસૂફો પણ થઈ ગયા. ઘણી યુનિવર્સિટીઓ કે કૉલેજોમાં આવી ફિલસૂફીઓ ભણાવાઈ. તેથી જે તે સમાજની વિચારશક્તિ અને સંવેદનશક્તિ વધ્યા; પણ કોઈ યુગ પરિવર્તન નજરે ન ચઢ્યું.

આમ છતાં, શિક્ષણ હળવા પણ મક્કમ ડગલાં ભરીને વિશાળ પરિવર્તનોની ભૂમિકા બાંધી આપે છે તે નક્કી. આ બાબતે ત્રણેક દાખલા તરત નજરે ચઢે તેમ છે.

૧. ૧૯૬૬માં પેરિસની સોબોર્ન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ સમતાલક્ષી સમાજ માટેની લડત ઉપાડી. તેના નેતા તરીકે જ્યાં પોલ સાર્ત્ર હતા, જે સામ્યવાદી વિચારો ધરાવતા હતા. જો કે ફ્રાન્સમાં સામ્યવાદ આવ્યો નહીં. પણ સમાજની સંવેદનાઓ બદલાઈ ખરી.

૨. ગુજરાતમાં જ ૧૯૭૪ના નવનિર્માણના આંદોલનમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો મોખરે હતા. જો કે પાછળ દોરીસંચાર રાજકીય પક્ષોનો હતો; પરંતુ તે પછી જે. પી. આંદોલન ચાલ્યું. નવનિર્માણના આંદોલનને કારણે ન તો આર્થિક અસમાનતા ઘટી અને ન કોઈ ગરીબ તરફી નીતિઓ વધુ પ્રભાવક બની.

૩. ચીનમાં માઓએ યુનિવર્સિટીઓ બંધ કરાવીને વિદ્યાર્થીઓ દ્વારા સાચા સામ્યવાદની સંસ્કૃતિના ફેલાવાનો માર્ગ લીધો તે પણ સફળ ન થયો.

સવાલ એ છે કે ગાંધીવિચાર અને તેના રંગે રંગાયેલા ગુણીજનો દ્વારા સમાજમાં કેટલું કામ થયું? આ સવાલનો ઉત્તર શોધવો જરૂરી છે પણ તે કામ સહેલું નથી. આઝાદી પછીના બે અઢી દાયકા સુધી ગાંધીવિચારનો જે પ્રભાવ વિકસ્યો તે પ્રથમ પેઢીના કર્મશીલોના અસ્ત પછી ચાલુ ન રહી શક્યો.

યુગ પરિવર્તનની દિશાની પ્રમુખ રેખાઓ ખેંચીએ તો માંડ બે કે ત્રણ જ આવશ્યક મૂલ્યો જણાય છે. આ મૂલ્યોમાં માનવીય અભિગમ અને વૈજ્ઞાનિક ઢબની વિચારણા મુખ્ય છે. માનવીય વિચારધારાને યુ.એન.નું પણ સ્પષ્ટ અનુમોદન છે પરંતુ ખુદ ભારતમાં આ દિશાની ગતિ ખરી? ધાર્મિક ઝનૂન, પૂર્વગ્રહ, જાતિવાદ, આર્થિક સત્તા અને શોષણખોરી, સ્ત્રીઓની સ્થિતિ, સામાજિક ન્યાયનો બનાવટી મુખોટો, વગેરેને લક્ષમાં લઈએ તો સમજાશે કે શિક્ષણનું ખરેખર કામ તો આ દિશાનું છે.

માનવતાલક્ષિતાની આ સંવેદનશીલતાની સાથોસાથ, નેહરુ કહેતા તે - 'સાયન્ટિફિક ટેમ્પર' પણ જોડવો પડે. દુનિયાભરમાંથી શીતળાનો રોગ દૂર થયો છે, છતાં શીતળા સાતમ શા માટે ઉજવાતી હશે? જૈનો કંદમૂળ ન ખાય પણ હિન્દુઓ મહાશિવરાત્રીના દિવસે માત્ર શક્કરિયા-બટાકા જ ખાય; આ સ્થિતિમાં પાપ, પુણ્ય, કર્મ, મોક્ષ, વગેરે સહિતના કેટલા બધા મુદ્દા ઊભા થાય છે! તેની કોઈ વૈજ્ઞાનિકતા ખરી?

શિક્ષકનું કામ મુખ્યત્વે માનવતા અને વૈજ્ઞાનિક અભિગમ બાબતે વિદ્યાર્થીઓને જાગૃત કરતા રહેવાનું છે.

યુગ પરિવર્તન માટે શિક્ષક, શિક્ષણની ઢબ, અભ્યાસક્રમો અને એકંદર સંચાલન ઉપર ધ્યાન આપવું પડશે. અન્યથા શિક્ષણ પણ સ્થાપિત હિતોના હાથની કઠપૂતળી બની રહેશે.

ગાંધીનો ધબકાર

## "હું ગાંધી નામની ઘટનાના પ્રેમમાં છું"   ગુણવંત શાહ

ગાંધીજીએ દેશની ગરીબીથી કકળી ઊઠીને પોતાનો પોશાક અને સમગ્ર જીવનવ્યવહાર એક આકરા ક્રાંતિકારીને શોભે એ રીતે એમણે બદલી નાખ્યો. ગાંધીજીએ પોતાની તમામ પ્રવૃત્તિઓ સાથે ભારતીય સંસ્કૃતિના ઉત્તમ અંશોને સહજ રીતે ભેળવી દીધા.

રેંટિયા કાંતવા જેવા સ્થૂળ કર્મને એમણે 'કાંતણયજ્ઞ'નો દરજ્જો આપ્યો. યરવડાની જેલને એમણે 'યરવડા મંદિર' કહીને જેલવાસને એક નવો જ મોભો આપ્યો. એ જ રીતે જેલમાં જવાની વાત 'જેલયાત્રા' બની અને જાહેરસભા 'પ્રાર્થનાસભા' બની ગઈ. ગાંધીજીના પ્રભાવનું રહસ્ય એમની સત્ય સાધનામાં પડેલું છે. સત્ય પણ એક પ્રકારની ઊર્જા છે. સત્યાગ્રહની મૌલિક શોધ એમના જીવનનું એક એવું પાસું છે, જે કદી વાસી બનવાનું નથી. કયાંક અન્યાય થતો હોય અને ગાંધી ત્યાં આગળથી એમ જ પસાર થઈ જાય એ બને જ નહીં. રોજબરોજના જીવનમાં સત્યની સાધના એ પણ એમને માટે તો પરમ સત્યની, એટલે કે પરમેશ્વરની (રામની) પ્રાપ્તિ માટેની જ યાત્રા હતી.

ગાંધીજી સત્યના ઉપાસક હતા. સત્ય સ્વભાવે જ શાશ્વત છે. તેથી સદીઓ વીતે તે સાથે ગાંધીજી જરૂર જીવંત રહેવાના! ગાંધીજીની કલ્પનાની સમાજરચના ઈચ્છતાં હોઈએ તો એક એવો પ્રયત્ન જરૂર થઈ શકે જે સમાજમાં કંઈક આવી પરિસ્થિતિ હોય :

- લોકો નછૂટકે જ જૂઠું બોલતા હોય.
- લોકો નછૂટકે જ હિંસાનો આશરો લેતા હોય.
- લોકો સહજપણે ઘણુંખરું પ્રામાણિક હોય.
- લોકો સામેવાળાની ભૂલ માફ કરવા તૈયાર હોય.
- લોકો પર્યાવરણને પ્રેમ કરતા હોય.
- લોકો પોતાની આવકમાંથી અન્યને મદદરૂપ થવા તૈયાર હોય.
- લોકો સ્વચ્છતા જાળવવા માટે ટેવાયેલા હોય.
- લોકો પરદુઃખે ઉપકાર કરવા સદાય તૈયાર હોય.

ગાંધીજી રેલવેના ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા હતા માટે મહાત્મા ન હતા. તેઓ ટૂંકી પોતડી

પહેરતા હતા માટે મહાત્મા ન હતા. તેઓ રેંટિયો કાંતતા હતા માટે મહાત્મા ન હતા. તેઓ બ્રહ્મચર્યના આગ્રહી હતા માટે મહાત્મા ન હતા. તેઓ મહાત્મા હતા કારણ કે તેઓ સત્યના પરમ ઉપાસક હતા. તેઓ મહાત્મા હતા કારણ કે તેઓ અહિંસાના પરમ ઉપાસક હતા. તેઓ મહાત્મા હતા કારણ કે તેઓ અભયના આરાધક હતા. તેઓ મહાત્મા હતા કારણ કે તેઓ સાધનશુદ્ધિના આગ્રહી હતા. કોઈ પણ ગાંધીવાદીનું મૂલ્યાંકન કેવળ એની સત્યનિષ્ઠા પરથી જ કરવાનું રાખવું.

ક્રાંતિનો ઈતિહાસ હોય છે, ઉત્ક્રાંતિનો ઈતિહાસ નથી હોતો. ઉત્ક્રાંતિનો સમયપટ લાખો વર્ષોમાં પથરાયેલો રહ્યો છે. ક્રાંતિવીર ગાંધીની સાથોસાથ ઉત્ક્રાંતિવીર મહાત્મા પણ બેઠા છે. ગાંધીજીનો સત્યાગ્રહ ઇતિહાસ સર્જી ગયો એ સાચું, પરંતુ પ્રતિકાર સાથે જોડાયેલાં સત્ય અને અહિંસા તો માનવજાતને બે ડગલાં આગળ લઈ જનારાં પરિબળો હતાં. ગાંધીજી સભાનપણે કોઈને અન્યાય કરે એ શકય નથી. વળી પોતે જે કંઈ કરે તેને પૂરી જાગૃતિપૂર્વક કરવા માટે ગાંધીજી જાણીતા હતા. ગાંધીજીએ જીવનભર ગીતાના ઉપદેશ પ્રમાણે જીવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો અને એ પ્રયત્નના ફળરૂપે આપણને 'અનાસક્તિયોગ' જેવું ગાંધીભાષ્ય પ્રાપ્ત થયું.

જો મહાત્મા પેદા જ ન થયા હોત તો મારા જીવનમાં ફરક પડયો હોત? ફરક પડયો હોત અને ઘણો મોટો ફરક પડયો હોત. મારા આંતરરાષ્ટ્રીય સંપર્કોને કારણે હું માંસાહારી હોત અને ધૂમ્રપાન કરતો હોત. બીજું એ કે હું શરાબી હોત. ત્રીજું એ કે વ્યવહારમાં સાધનશુદ્ધિ જાળવીને જીવવાનો મારો આગ્રહ સાવ ઢીલો પડી ગયો હોત. ચોથું એ કે જૂઠું બોલ્યા પછી આજે જે ખટકો રહે છે, તે ખટકો ગેરહાજર હોત. પાંચમું એ કે હું પશ્ચિમની ભોગપ્રધાન સંસ્કૃતિના પ્રવાહમાં તણાઈને જીવન નામની ઘટનાનું સૌંદર્ય ખોઈ બેઠો હોત. હું ગાંધી નામની ઘટનાના પ્રેમમાં છું.'

ગાંધીભારતી - આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર, લોકભારતી
સંપર્કઃ ૯૯૭૯૧ ૮૭૫૮૭, ૯૮૩૩૭૦૮૪૯૪, ૮૩૬૯૭૭૭૦૮૬
email: appliedgandhi150@gmail.com

## ૧૧. સંસ્થા સમાચાર (ઓક્ટોબર, ૨૦૨૩)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- ગાંધીજયંતી નિમિત્તે તા.૦૨ના રોજ સવારે પ્રાતઃ પ્રાર્થના અને ૦૮-૩૦ કલાકે સારસ્વતભવનમાં સંમેલન યોજાયું. બે વિદ્યાર્થીઓએ પોતાના સ્વાધ્યાય રજૂ કર્યા. બહુ જાણીતાં કર્મશીલ અને વિચરતી જાતિનું સર્વાંગી વિકાસનું કાર્ય કરતાં શ્રી મિત્તલબહેન પટેલે પોતાની વાતો રસપ્રદ રીતે રજૂ કરી. વક્તાનો આવકાર અને પરિચય શ્રી જગદીશગિરિ ગોસાઈએ અને આભારદર્શન શ્રી વિશાલભાઈ ભાદાણીએ કર્યું. આજના દિને લોકભારતી યુનિવર્સિટી દ્વારા 'ગ્રામબંધુ ફેલોશીપ' કાર્યક્રમ પ્રારંભ થઈ રહ્યો છે તેની ભૂમિકા યુનિ.ના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ રજૂ કરી. બીજે દિવસે તા.૦૩ના રોજ આસપાસના ગામોમાં ગ્રામજીવન યાત્રાનો કાર્યક્રમ યોજાયો.
- રાજુલા વિસ્તારમાં શિક્ષણ-વિસ્તરણમાં કાર્યરત સ્વદીપ શિક્ષણસંસ્થાની રાજુલાની આજુબાજુની પ્રાથમિકશાળાઓનાં ૭૫ જેટલાં બાળકોની બે-બે દિવસની બે બેચની શૈક્ષણિક શિબિર લોકભારતીના આંગણે તા.૦૪થી ૦૭ દરમિયાન યોજાઈ ગઈ.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૪ના રોજ મંત્રી ઓપવર્ગ- ૨૫૧ના સમાપન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોલીએ પ્રવચન આપી પ્રમાણપત્ર વિતરણ કરેલ.
- તા. ૫ અને ૬ના રોજ અધ્યાપનમંદિરની પ્રથમ વર્ષની ભાવનગર ખાતે શિશુવિહાર અને દક્ષિણામૂર્તિ બાલમંદિરની ઈન્ટર્નશીપ યોજાઈ. તાલીમાર્થીઓએ સાયન્સ સેન્ટર, દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપનમંદિર અને ઘરશાળા અધ્યાપનમંદિરની મુલાકાતો લીધી.
- લોકભારતીના કાર્યકર શ્રી મહેમૂદભાઈ (બાલાભાઈ) શેખના અવસાન નિમિત્તે તેમની અંતિમયાત્રામાં તા.૦૬ના રોજ લોકભારતીના સૌ કાર્યકરો જોડાયા. લોકભારતીની સાયં પ્રાર્થનામાં એમના પરિવારજનો પણ જોડાયા અને લોકભારતી પરિવારવતી શ્રી હસમુખભાઈ દેવમુરારિએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી.
- વર્ષો સુધી યુગાન્ડામાં શિક્ષક અને આચાર્ય તરીકે સેવા આપી હવે નિવૃત્તિમાં ઈંગ્લેંડ રહેતા શ્રી રમણીકભાઈ ભટ્ટે તા.૦૭ના રોજ 'સ્વામી દયાનંદ સરસ્વતી અને વેદ' અંગે વક્તવ્ય આપ્યું. લો.ભા.યુનિ.ના પૂર્વ કુલસચિવ શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા અને સંબોધન કર્યું.
- લોકભારતીમાં યોજાનારી પૂ. મોરારિબાપુની કથાના આયોજન અંગેની સર્વે કાર્યકરોની એક પ્રાથમિક બેઠક તા.૦૯મીના રોજ સ્મૃતિભવનમાં રાખવામાં આવી. શ્રી અરુણભાઈ દવેએ રામકથા યોજવા પાછળની ભૂમિકા, હેતુ, તૈયારીઓની વિવિધતા અને પડકાર વગેરે બાબતની વિગતો રજૂ કરી. કથા પ્રારંભ તા.૩૦મી ડિસેમ્બર-૨૩ (પૂ.નાનાભાઈ ભટ્ટ પુણ્યતિથિની પૂર્વસંધ્યા)થી અને સમાપન તા.૦૭મી જાન્યુઆરી-૨૪ (માગશર વદ બારશ-લોકભારતી વાર્ષિકોત્સવ) નક્કી થયાં છે. અત્યારથી તૈયારી શરૂ કરી દેવાઈ છે.
- તા.૧૦ના રોજ સુકી ખેતી સંશોધન કેન્દ્ર, તરઘડિયા દ્વારા ZREAC મિટિંગનું આયોજન

થયેલ જેમાં કૃષિવિજ્ઞાન કેન્દ્રની કામગીરીની સમીક્ષા અર્થે શ્રી જગદીશભાઈ કંટારિયા અને શ્રી વિક્રમભાઈ દેસાઈ જઈ આવ્યા.

- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૧ના રોજ મંત્રી ઓપવર્ગ- ૨૫૨ના વર્ગ પ્રારંભે શ્રી રામચંદ્રભાઈ પંચોલીએ ઉપસ્થિત રહી પ્રેરક પ્રવચન આપી વર્ગને ખુલ્લો મુક્યો.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૧ના રોજ વિશાલભાઈ ભાદાણી, તા. ૧૪ના રોજ શ્રી દિનુભાઈ ચુડાસમા વ્યાખ્યાન આપી ગયા.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૨/૧૦/૨૦૨૩ના રોજ પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં જીવનભાઈ જોગરાણાને દુબઈ પ્રવાસે જવાના હોવાથી શુભેચ્છાઓ પાઠવેલ.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૩/૧૦/૨૦૨૩ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૫૨ માં તાલીમાર્થીઓ સણોસરા ગ્રામપંચાયતની મુલાકાત કરી અને પ્રત્યક્ષ તાલીમ યોજી રેકર્ડ વર્ગીકરણ વિષે સમજ્યા.
- યુ.કે.ના 'ઓપિનિયન' દ્વારા પુરસ્કૃત દર વર્ષે લોકભારતી સિવાયના બહારના સ્થળે દર્શક જન્મતિથિએ યોજાતી 'દર્શક ઓપિનિયન વ્યાખ્યાનમાળા' આ વર્ષે તા.૧૫મીના રોજ લોકભારતી-સણોસરા મુકામે યોજાઈ. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગરના ગુજરાતી ભાષા સાહિત્યભવનના અધ્યક્ષ શ્રી મહેન્દ્રસિંહજી પરમારે 'દર્શક'ની પ્રશિષ્ટ અને લોકપ્રિય કૃતિ 'દીપનિર્વાણ'નો રસાસ્વાદ કરાવ્યો. આવકાર અને પરિચય શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ અને આભારદર્શન તથા વક્તાશ્રીને શાલાર્પણ વિધિ શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ તથા કાર્યક્રમનું સંચાલન શ્રી વિશાલભાઈ જોશીએ કર્યું.
- 'સ્વદીપ' સંસ્થાની રાજુલાની આજુબાજુની આંગણવાડીઓનાં ૩૦ જેટલાં આંગણવાડી કાર્યકર એક દિવસની લોકભારતી પરિચય મુલાકાતે તા.૧૫ના રોજ આવી ગયાં.
- તા.૧૫ના રોજ કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા મહિલા કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં કુલ ૪૦ મહિલા ખેડૂતોએ ભાગ લીધો.
- તા.૧૬ના લોકભારતી અધ્યાપનમંદિરના શ્રી જગદીશગિરિ ગોસાઈ અને શ્રી અમિતભાઈ સાથે બે તાલીમાર્થીઓએ ગોંડલ અને અમરેલી ખાતે ચાલતા ગૃહઉદ્યોગ કેન્દ્રોની પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી અને આત્મનિર્ભરના ખ્યાલ સંદર્ભે વેસેલિન, ધૂપબત્તી અને મીણબત્તી બનાવવાનું પ્રારંભિક કાર્ય શરુ કર્યું.
- તા.૧૭ના રોજ કૃષિવિજ્ઞાન કેન્દ્ર અને ખેતીવાડી વિભાગ, ભાવનગરના સંયુકત ઉપક્રમે કૃષિ સંમેલન અને કૃષિ મેળાનું આયોજન લોકભારતી, સણોસરા ખાતે કરવામાં આવેલ જેમાં ૭૦૫ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લીધો.
- તા. ૧૮ ના રોજ લોકસેવા મહાવિદ્યાલય BRSના વિદ્યાર્થીઓ સમક્ષ ખેતી સંશોધન વિભાગના સંશોધન વૈજ્ઞાનિક ડૉ. સી.પી.સિંઘે કૃષિમાં સંશોધનાત્મક વલણો વિશે વક્તવ્ય આપ્યું.
- તા. ૧૯ના રોજ કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા કેન્દ્રની કામગીરીની સમીક્ષા અર્થે ૧૪મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ ગઈ.
- તા. ૨૦ના રોજ ભાવનગર ખાતે યોજાયેલ કૃષિ મેળા અંતર્ગત કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૭૦૯ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લીધો.
- તા. ૨૨ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે GKમાટેની પરીક્ષા શ્રી પુજાભાઈ મકવાણાના સંકલનમાં યોજાઈ ગઈ.
- તા.૨૩થી લોકસેવા મહાવિદ્યાલયના બીજા અને ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સેમ.૩ અને સેમ.૫ ની સેમેસ્ટર એન્ડ પરીક્ષા

યોજવામાં આવી.

- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૩ના રોજ મંત્રી ઓપવર્ગ – ૨૫૨ના સમાપન કાર્યક્રમમાં શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ શુભેચ્છા આપી તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કર્યા.
- એગ્રોસેલ કંપનીના સી.એસ.આર.ના શ્રી બિરેનભાઈ તા.૧૭ના રોજ લોકભારતીની મુલાકાતે આવી ગયા.
- તા.૨૦મીની સાયં પ્રાર્થનાને અંતે શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ ઇઝરાઇલ અને હમાસ યુદ્ધની ઘટના અંગે વિગતે ઈતિહાસમાં ડોકિયું કરાવ્યું અને બહુ વિગતે પ્રેઝન્ટેશન પણ રજૂ કર્યું.
- લોકભારતીના કાર્યકરો શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી જીવણભાઈ જોગરાણા દસેક દિવસના દુબઈ-અબુધાબીના પ્રવાસે જઈને તા.૨૧ના રોજ પરત આવી ગયા. તેઓનું સાયં પ્રાર્થનામાં અભિવાદન કરવામાં આવ્યું.
- આગામી રામકથાના અનુસંધાને રચવામાં આવેલી રમકથાના આયોજનની જુદીજુદી સમિતિઓની પહેલી બેઠક તા.૨૪મીના સાંજે ભિન્ન ભિન્ન સ્થળોએ મળી અને વધુ ઊંડાણપૂર્વકનાં આયોજનો કર્યાં.
- આગામી રામકથાની પૂર્વતૈયારી રૂપે તા.૨૫મીના રોજ મહુવા-રાજકોટથી શ્રી ભરતભાઈ ચાંદ્રાણી, શ્રી ચીમનભાઈ વાઘેલા અને શ્રી જયદેવભાઈ માંકડ જુદી જુદી ટેક્નિકલ ટીમ્સને લઈને આવ્યા. તેઓએ બધા સ્થળોની મુલાકાત લીધી, આયોજન કર્યાં. શ્રી અરુણભાઈ દવે અને સૌ સંબંધિત કાર્યકરો સતત સાથે રહ્યા.
- પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ-મુંબઈની અમદાવાદ ઑફિસના નવેક ચિફ એક્ઝીક્યૂટીઝની એક ટીમ શ્રી કાજલબહેન સતીજના નેતૃત્વ તળે તા.૨૬ અને ૨૭મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૭ના રોજ મંત્રી ઓપવર્ગ – ૨૫૩નો વર્ગ પ્રારંભે શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ ઉપસ્થિત રહી પ્રેરક પ્રવચન આપી વર્ગને ખુલ્લો મુક્યો.
- તા. ૨૭ના રોજ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં લેવાનાર SEAS સર્વેક્ષણની કામગીરીમાં જોડાનાર ફિલ્ડ ઇન્વેસ્ટીગેટર માટેની તાલીમ ડાયેટ ભાવનગર દ્વારા યોજવામાં આવી જેમાં લોકભારતી અધ્યાપનમંદિર અને લોકભારતી યુનિ. ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો.
- તા. ૨૭ના રોજ કૃષિવિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ ગાંધીનગર ખાતે રવિ કૃષિમહોત્સવ માટે યોજાયેલ મિટિંગમાં જઈ આવ્યા.
- તા.૨૮ અને ૨૯મીના રોજ બે દિવસ જુદી જુદી રામકથા સમિતિઓના કેટલાક પ્રતિનિધિઓ મહુવા મુકામે ચાલતી રામકથામાં બધું જોવા-સમજવા-માર્ગદર્શન મેળવવા મહુવા જઈ આવ્યા. તેઓ સૌની પૂ. મોરારિબાપુ સાથે બેઠક થઈ અને બાપુએ સૌને પ્રોત્સાહિત કર્યા.
- તા.૩૧ના રોજ શિશુવિહાર-ભાવનગરના બાલમંદિરની પાંચેક શિક્ષિકા બહેનો તેનાં સંયોજકશ્રી હીનાબહેન ભટ્ટ સાથે લોકભારતી પરિચય મુલાકાતે આવી ગયાં.
- તા.૩૧મીના રોજ લોકભારતીના શુભેચ્છક વલ્લભીપુરના શ્રી અજિતભાઈ અને શ્રી મમતાબહેન ચૌહાણ તેમની સાથે લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી અને અમેરિકા-દુબઈ સ્થિત થયેલા છે એવા શ્રી ડુંગરભાઈ ગોટી-દંપતીને લઈને આવ્યા, તેઓએ શ્રી અરુણભાઈ દવે સાથે ચર્ચા-વિચારણાઓ કરી, સાયં પ્રાર્થનામાં પણ ઉપસ્થિત રહ્યા.
- રામકથાના અનુસંધાને વિદ્યાર્થીઓને પૂરી વિગતોથી માહિતગાર કરવા અને વિદ્યાર્થીઓની

કેળવણી કરવાના હેતુથી શ્રી અરુણભાઈ દવેએ તા.૩૧મીના રોજ સાયં પ્રાર્થનામાં વિગતે વાત રજૂ કરી. આ કારણે વિદ્યાર્થીઓમાં અને કાર્યકરોમાં એક હકારાત્મક માહોલ ઊભો થયો.

- તા. ૩૧ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરના શ્રી લક્ષ્મણભાઈ વાઢેર વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને સાથી અધ્યાપકો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી.
- તા. ૩૧ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં દક્ષિણામૂર્તિ બાલમંદિર અને શિશુવિહાર સંસ્થાના શિક્ષકોએ શુભેચ્છા મુલાકાત લઈ તાલીમાર્થીઓ સાથે પ્રાસંગિક વાતો કરી.

**આંબલા સમાચાર**

- તા.૧૪ને શનિવારના રોજ વાત્સલ્યધામ માલપરાના ૨૫ બહેનો એમના આચાર્ય સાથે સંસ્થા મુલાકાતે આવી ગયાં.
- તા.૧૫ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ આયોજિત ઓપિનિયન- 'દર્શક' વ્યાખ્યાનમાળામાં કાર્યકરો જઈ આવ્યાં.
- સંસ્થામાં પાંચ દિવસ ગરબીનું આયોજન કરેલું, ગરબીમાં બધાંએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.
- તા. ૧૬ના રોજ ખેલ મહાકુંભમાં વિદ્યાર્થીઓનું સિલેકશન કરવામાં આવ્યું.
- તા. ૧૭ના રોજ મોજીલી શાળા તથા આચાર્યશ્રી મહાશંકરભાઈના સહયોગથી લાઈવ ગરબીનું આયોજન કરેલું. જેમાં ઓરકેસ્ટા સાથે ભાવનગરના ખ્યાતનામ કલાકારો- શ્રી અરવિંદભાઈ મકવાણા, ઘનશ્યામભાઈ બારૈયા, શ્રી જશુબહેન મકવાણા, શ્રી મનીષાબહેન ખસિયા, શ્રી સાજુભાઈ વાઘેલા, શ્રી હાર્દિકભાઈ વાઘેલા તેમજ મહાદેવ સાઉન્ડ ભાવનગરથી આવેલ.
- તા. ૨૧ને શનિવારના રોજ સિરમ કંપની પૂના તરફથી જે ૩૦ લોકશાળાને આર્થિક સહાય આપવામાં આવી છે તેનો ઓનલાઈન કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમ અંતર્ગત ગ્રામદક્ષિણમૂર્તિ-આંબલા ખાતે શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી તથા શ્રી મેહુલભાઈ ભટ્ટ હાજર રહેલ અને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના હસ્તે પરિમલ છાત્રાલયનું અનાવરણ કરવામાં આવેલ. આ ઓનલાઈન કાર્યક્રમમાં કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા, સિરમ ઇન્સ્ટિટ્યૂટના શ્રી અદર પુનાવાલા, ડૉ.અરુણભાઈ દવે, આઇટુવીના ડૉ.અમિતભાઈ શાહ, તેમજ શ્રી પાર્થેશભાઈ પંડ્યા, શ્રી નિરવભાઈ જોડ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ કરેલ. પ્રાસંગિક ઉદબોધન ડૉ.અરુણભાઈ દવેએ કરેલ. થયેલ કામનો અહેવાલ અને પ્રેઝન્ટેશન ડૉ. અમિતભાઈ શાહ અને અહેવાલનું વિમોચન અને મુખ્ય વક્તવ્ય માનનીય શ્રી અદર પુનાવાલાએ કરેલું. અધ્યક્ષીય પ્રવચન મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ આપેલ. આભારવિધિ શ્રી ડૉ.રાજેન્દ્રભાઈ ખીમાણીએ કરેલ.
- તા.૨૧ના રોજ પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ અમદાવાદના ચીફ એકઝીક્યુટિવ્ઝની ૧૩ વ્યક્તિઓની ટીમ ( ૨ બહેનો ૧૧ ભાઈઓની ) શ્રી કાજલબહેન સતિજાની આગેવાની હેઠળ સંસ્થા મુલાકાતે આવી હતી.
- તા.૨૨ના રોજ ભાવનગરથી ૩ નેવલ NCCના વિંગ કમાન્ડર NCCના વર્ગો લેવા તથા ફિજીકલ ફિટનેશ માટે આવી ગયેલ.
- તા.૨૪-૧૦-૨૩ થી ૦૨-૧૧-૨૩ દરમિયાન વિદ્યાર્થીઓને રેલવે દ્વારા દક્ષિણ ભારતના પ્રવાસે લઈ ગયા હતાં.
- તા.૨૯ના રોજ શ્રી રૂપાબહેન લોકભારતી કાર્યકરો સાથે મહુવા ખાતે પૂ.મોરારિબાપુની કથાનું આયોજન જોવા જઈ આવ્યાં.
- શ્રી રાજેન્દ્રસિંહ વાળા દુબઈ પ્રવાસેથી આવી

ગયા.

**મણાર-સમાચાર**

- તા. ૦૧ના રોજ 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત કેમ્પસ પર યજ્ઞાર્થે સફાઈના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તથા કાર્યકરો જોડાયા.
- ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન-કળસાર ગ્રામનિર્માણ સમાજ મહુવા મુકામે તથા ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણારના સંયુક્ત ઉપક્રમે કળસાર મુકામે સજીવખેતી કરનાર ૫૦૦ દંપતીને સન્માનિત કરવાનો કાર્યક્રમ તા.૦૧ના રોજ યોજાઈ ગયો. જેમાં ગુજરાત રાજ્યના ગવર્નર માનનીય શ્રી દેવવ્રતજી એ પ્રાકૃતિક અને ગાય આધારિત ખેતી વિષે પ્રેરણાત્મક વાતો કરી અને ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા.આ કાર્યક્રમમાં ૨૦૦૦ કરતા વધારે ખેડૂતો અને રસ ધરાવતા લોકો ઉપસ્થિત રહ્યા. અહીંથી શ્રી સુરસંગભાઈ, શ્રી ડાયાભાઈ તથા કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રના કાર્યકરો જોડાયા.
- ગાંધીજયંતી નિમિત્તે પ્રભાતફેરી, ગાંધીગીતો, સમૂહપ્રાર્થના તથા ગાંધીજીવન વિષે પ્રાર્થનાસભામાં વાતો કરવામાં આવી. સાથે સ્વ.લાલબહાદુર શાસ્ત્રીની પણ જયંતી ઉજવવામાં આવી.
- સરકાર દ્વારા આયોજિત 'અમૃતકળશયાત્રા'નું આગમન તા.૦૮ના રોજ સંસ્થામાં થયું. તેનું ઢોલ, નગારા, સામૈયા સાથે સ્વાગત કરવામાં આવ્યું. આ યાત્રા પ્રસંગે તાલુકા પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા 'મારી માટી મારો દેશ' અંગેની સહુએ પ્રતિજ્ઞા લીધી. અલંગ ગામના પૂર્વ સરપંચ, મંત્રી તથા ગ્રામઆગેવાનો આ યાત્રામાં જોડાયા.
- તા.૧૩ તથા તા.૨૨ના રોજ ૩ GUJ NEVAL N.C.C ભાવનગરથી C.O. સર સંસ્થાની મુલાકાતે આવી ગયા અને તેમના PI સ્ટાફે NCCના કેડેટ્સને પરેડ કરાવી.
- તા.૧૫ થી ૨૩ સુધી સંસ્થામાં શારદીય નવરાત્રીની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી.
- તા.૧૯ના રોજ ભાવનગરના જોવાલાયક સ્થળો માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું.
- આ જ દિવસે અંધજન સપ્તાહ નિમિત્તે એકત્રિત કરેલ ફાળાની રકમ રૂ.૧,૩૬,૦૬૧(એક લાખ છત્રીસ હજાર એકસઠ)નો ચેક અંધજન ઉદ્યોગશાળાને સંસ્થા દ્વારા અર્પણ કરવામાં આવ્યો. અંધજન ઉદ્યોગ સંસ્થા જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણીએ અહીંની ઉત્તમ કામગીરી બદલ એન.એસ.એસ.ના તમામ સ્વયંસેવકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા.
- તા.૨૪થી તા.૨૬ સુધી સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ આયોજિત સંગીત શિબિરનું આયોજન મણાર સંસ્થામાં થયું. ૧૧ લોકશાળાના ૫૬ છાત્ર-છાત્રાઓ તથા ૧૦ કાર્યકરો જોડાયા. આ શિબિરમાં તજજ્ઞ તરીકે શ્રી ભરતભાઈ દવે, શ્રી મહેન્દ્રભાઈ ડાભી (સંગીત શિક્ષક મણાર) તથા પ્રવીણભાઈએ સેવા આપી. ઉદ્‌ઘાટન તથા સમાપન પ્રસંગે શ્રી સુરસંગભાઈ તથા શ્રી ડાયાભાઈએ જરૂરી અને ઉપયોગી વાતો કરી. સૌરાષ્ટ્ર લોકશાળાના ત્રણેય મંત્રી શ્રી ખોડાભાઈ ખસિયા, શ્રી જસવંતભાઈ કાકડિયા તથા શ્રી સંજયભાઈ કાત્રોડિયા શિબિર દરમિયાન ઉપસ્થિત રહ્યા.
- તા.૨૮ના રોજ અહીંની સંગીત ટુકડી પ્રાંત કક્ષાએ દેવભૂમિ દ્વારકા જીલ્લામાં જામખંભાળિયા મુકામે સુગમ સંગીતની સ્પર્ધામાં જઈ આવી.
- અહીંના કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રમાં મસાલાના પાકો કરતા ખેડૂતોનો એક સેમિનાર આ માસમાં યોજાઈ ગયો. આ પ્રસંગે ભારતીય મસાલા સંશોધન કેન્દ્ર-જોધપુરના ડાયરેક્ટર શ્રી સક્સેના સાહેબ અને શ્રી અરુણભાઈ દવે તથા શ્રી વિરેન્દ્રસિંગ ઉપસ્થિત રહી ખેડૂતોને ઉપયોગી

માહિતી આપી.


- ગુજરાત રાજ્યનો સાયકલ પ્રવાસ કરનાર શ્રી પ્રકાશભાઈ ડાભી ૨૬૦૦ કિલોમીટરનો સાયકલ પ્રવાસ પૂર્ણ કરી સંસ્થાની મુલાકાતે આવી ગયા તેમણે પોતાના અનુભવની વાતો વિદ્યાર્થીઓ સમક્ષ કરી.
- આ માસમાં સોયાબીનની લણણી, કાપણી તથા બીજ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી. હાઈ બ્રીડ સીડ (લોક-૧) ના વાવેતરની પૂર્વ તૈયારી શરુ કરવામાં આવી.


**માઈધાર સમાચાર**


- તા.૦૨ના રોજ ગાંધી-ગુંજન કાર્યક્રમ નિમિત્તે શ્રી મનહરભાઈ ઠાકરે અહિંસા ''પરમો ધર્મ'' ઉપર મનનીય વાતો કરી.
- તા. ૧૨ના રોજ કંચન ફાઉન્ડેશનના શ્રી મમતાબહેન, શ્રી રાજેશભાઈ અને શ્રી સ્મિતાબહેને માઈધારની પ્રવૃતિઓ જોઈ રાજી થઈ ૧૧ બહેનોને ફીમાં પાંચ-પાંચ હજારની મદદ કરી.
- તા.૧૨થી ૧૪ શ્રી રામચંદ્રભાઈ પંચોળી ત્રણ દિવસ માઈધાર કેન્દ્રમાં રોકાઈને વિદ્યાર્થીઓ સાથે સંવાદ અને ગ્રામજનો સાથે મુલાકાત કરી.
- તા.૧૪ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણીએ ગાંધીમૂલ્યોનો પરિચય આપ્યો.
- તા. ૧૪ના રોજ શ્રી ભરતભાઈ દવેએ ઈઝરાઈલનો ઈતિહાસ સમજાવી, ઈઝરાઈલ અને હમાસ વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધ વિશે માહિતી આપી. તેમજ ગાંધી-ગુંજન કાર્યક્રમ અંતર્ગત ગાંધીજી અને પર્યાવરણ પર વ્યાખ્યાન આપ્યું.
- તા.૧૭ના રોજ રાજેન્દ્રભાઈ ખીમાણીએ ગાંધી-ગુંજન કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ સમક્ષ સાંપ્રત સમસ્યાઓમાં ગાંધીવિચારની ઉપયોગીતા વિષયક સંવાદ – પ્રશ્નોત્તરી કરી અને માઈધારની પ્રવૃત્તિઓ વિગતે નિહાળી.
- તા. ૧૮ના રોજ ખાદીમેળો - ગ્રામઉદ્યોગ પ્રદર્શન – નિદર્શન, વાર્તાલાપ, વાલીમિલન, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા.
- તા. ૧૯ના રોજ ગાંધી-ગુંજન કાર્યક્રમ અંતર્ગત ''હાલને ભેરુ ગામડે'' અંતર્ગત મૂકનાટક, ગીતો, ગ્રામસફાઈ, પ્રદર્શન, ગાંધીજીવન પ્રસંગો જેવી પ્રવૃત્તિઓ આજુબાજુના ૧૨ ગામમાં જઈને પ્રાથમિકશાળાના બાળકો અને ગ્રામજનો સાથે કરવામાં આવી.
- તા.૧૯ના રોજ શ્રી અરુણભાઈ દવેએ પ્રાર્થનામાં ગાંધી-ગુંજન કાર્યક્રમ માટે અભિનંદન આપ્યા.
- તા.૨૧ના રોજ નવા સંથાગારનું લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં અરુણભાઈ દવેએ માઈધારથી પ્રાસંગિક વાત કરી. અને શ્રી મનસુખભાઈ માંડવિયા અને સીરમ ઈન્સ્ટિટ્યૂટના અદર પુનાવાલાએ ઓનલાઈન માધ્યમ દ્વારા જોડાઈને લોકાર્પણવિધિ કરી હતી.
- તા.૨૬ ના રોજ અમદાવાદથી પિડિલાઈટ ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ.
- તા.૨૭ ના રોજ SVS કક્ષાના ગણિત – વિજ્ઞાન પ્રદર્શનમાં પાણીયાળી ખાતે યોજાયો જેમાં 'ભાગ્યના ભેરુ' કૃતિ લઈને ગયા જે વિભાગ-૫માં પ્રથમ ક્રમે આવી.
- તા.૨૯ના રોજ બાપુની રામકથાના આયોજન બાબતે તલગાજરડાની મુલાકાતે શ્રી ભાવનાબહેન, શ્રી પાતુભાઈ, શ્રી એભલભાઈ લોકભારતીના કાર્યકરો સાથે જઈ આવ્યા.
- આ મહિના દરમિયાન માઈધાર કેન્દ્રની મુલાકાતે શ્રી અરુણભાઈ દવે, શ્રી અર્ચનાબહેન, શ્રી રમાબહેન, શ્રી કમલબહેન શ્રી વરુણભાઈ, શ્રી નિધિબહેન, શ્રી નીતિનભાઈ, શ્રી કિશોરભાઈ, ટાટમથી શ્રી પંકજભાઈ પરિવાર, પિડિલાઈટ - મહુવા ગ્રામનિર્માણ અને કુકીજ વિભાગના કાર્યકરો આવી ગયાં.

## સાગમટે પધારવા ભાવભર્યું નિમંત્રણ

તા. ૩૦-૧૨-૨૦૨૩ થી તા. ૦૭-૦૧-૨૦૨૪






To.

**From :**

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*
**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*
**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।
**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-